
૪૦૩ કુમાર
સંસ્થાપક · રવિશંકર રાવળ · આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન,
સંસ્કાર અને ચારિત્ર્ય-ઘડતરનું માસિક · વર્ષ ચોત્રીસમું · અંક સાતમો · જુલાઇ ૧૯૫૭ · તંત્રી : બચુભાઈ રાવત




ચિત્ર-પરિચય : — જુઓ આ અંકમાં 'રુદ્રીનનાં સ્ફટિક-પાત્રો' નામક લેખ · બાલીની સ્મશાનયાત્રા (કલાકાર : માદે લતે)



જયપુર હાઉસ - આબુ

ચિત્રકાર : પીરાજી સાગરા



કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૬; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: ૧ રૂપિયો


આ માસ (જુલાઈ) ઇતિહાસમાં

દિનવિશેષ

તા. ૧ હિંદુસ્તાનમાં પહેલી વાર હિંદી સ્ટાન્ડર્ડ ટાઈમ દાખલ કરવામાં આવ્યો, ૧૯૦૫.
તા. ૨ અંગ્રેજોની ચડવણીથી મીરજાફરે બંગાળના નવાબ સિરાજુદ્દૌલાનું ખૂન કર્યું. ૧૫૫૭.
તા. ૧૧ પ્રખ્યાત પારસી કવિ ને સુધારક બહેરામજી મલબારીનું સિમલામાં અવસાન, ૧૯૧૨.
તા. ૧૨ પ્રકૃતિ-બાળ મહાત્મા ને ચિંતક હેન્રી ડેવિડ થૉરોનો કૉન્કૉર્ડ ગામે જન્મ, ૧૮૧૭.
તા. ૧૫ છાયાપ્રકાશના કીમિયાગર ડચ ચિત્રકાર રેમ્બ્રાંનો લી દાં મુકામે જન્મ, ૧૬૦૭.
તા. ૧૯ આવકવેરો 'ઇન્કમ ટૅક્સ' સમગ્ર હિંદુસ્તાન ખાતે પહેલી વાર અમલમાં મુકાયો, ૧૮૬૦
તા. ૨૨ બંધારણસભામાં ભારતના અશોકચક્ર-અંકિત ત્રિરંગી રાષ્ટ્રધ્વજનું નિર્માણ, ૧૯૪૭
તા. ૨૪ ફ્રેંચ નવલોના ઇતિહાસમાં વિશિષ્ટ આંક મૂકનાર ઍલેક્ઝાન્ડર ડૂમાનો જન્મ, ૧૮૦૨.
તા. ૨૬ સુરેન્દ્રનાથ બૅનરજી વગેરેએ કલકત્તામાં 'ઇન્ડિયન એસોસીએશન સ્થાપ્યું, ૧૮૭૬.
તા. ૩૧ સ્વ. રૉબર્ટ બેડન-પૉવેલે પહેલવહેલી બૉય-સ્કાઉટ પદ્ધતિ અમલમાં મૂકી, ૧૯૦૮.

વ્યક્તિવિશેષ : રૉઇટર

સમાચાર-વિતરણને ક્ષેત્રે વ્યવસ્થિત ને જગતવ્યાપી રૂપમાં પ્રથમ પહેલ કરનાર આ-



જની વિશ્વખ્યાત ને પ્રમુખ સમાચાર-સંસ્થા 'રૉઇટર્સ'-ના સ્થાપક પૉલ જુલિયસ દ રૉઇટરનો જન્મ ૧૮૧૬ની ૨૧મી જુલાઇએ કૅસેલ ખાતે જર્મન યહૂદી કુટુમ્બમાં થયો હતો. આઈ લા શાપેલ ગામની બૅન્કમાં કારકુની કરતાં, ઊડતાં કબૂતરો દ્વારા વેપારીઓને બ્રસેલ્સની શેરબજારના ભાવો પહોંચાડી આપવાના સૂઝેલા તુક્કાને તેણે ૧૮૪૯માં અમલી બનાવ્યો અને કારકુની છોડી. એમાં એક વાર તો બ્રસેલ્સથી સંદેશ મોકલનાર સ્ત્રી-કારકુનનો પ્રેમ-સંદેશ પણ આ સાધન દ્વારા તેના પર આવ્યો, જે તેણે સ્વીકાર્યો અને બંને લગ્નગ્રંથિથી જોડાયાં. થોડા જ વખતમાં તેણે પોતાની આ સંદેશ-વ્યવસ્થાથી બર્લિન, પારીસ અને લંડનને સાંકળી લીધાં. ત્યાં તો કૅલે અને લંડન વચ્ચે દરિયા સોંસરાં વીજળીક તાર નંખાતાં કબૂતરો ને ટપાલગાડીઓ નકામાં થઈ ગયાં. સમયની પ્રગતિ પારખીને ચતુર રૉઇટર તરત લંડનનો નાગરિક બની ગયો અને ત્યાં પહેલાં તો બજારભાવ આપતી, પરંતુ પછીથી આંતરરાષ્ટ્રીય પાયા પર બનેલી સમાચાર-સંસ્થા 'રૉઇટર ઍન્ડ કં.' ૧૮૫૧-માં ખોલી. ૧૮૬૨માં અમેરિકન આંતરવિગ્રહ સળગતાં એક ખાસ માણસને અમેરિકા મોકલીને ત્યાંના તાજામાં તાજા ખબરો વડે તે ઇંગ્લંડનાં પત્રોની માગ પૂરવા લાગ્યો. દરમ્યાન થએલી મબલખ કમાણી વડે તેણે ૧૮૬૫માં 'રૉઇટર ટૅલિગ્રામ કં લિ.' સ્થાપી અને પોતે તેનો મૅનેજિંગ ડાયરેક્ટર બન્યો. જર્મન રાજકુમાર ડયૂક ઑવ સેક્સકોબુર્ગે તેને બોલાવીને ૧૮૭૨માં બૅરન બનાવ્યો, એ પછી ક્રમશે પહોંચતા તેણે પોતાના પુત્ર જુલિયસ ક્લેમેન્ટ હર્બર્ટને સંસ્થાનું સુકાન સોંપી ૧૮૭૮માં નિવૃત્તિ લીધી. ફ્રાંસના નીસ મુકામે ૧૮૯૯ની ૨૫મી ફેબ્રુઆરીએ તેનું અવસાન થયું.

૧૯૧૫માં હર્બર્ટ ગુજરી જતાં પેઢીનું સુકાન તેના દક્ષિણ આફ્રિકાના એજન્ટ અને 'રૉઇટર્સ'ના છ વિભાગોમાંનાં એકના જનરલ મૅનેજર રૉડરિક જોન્સના હાથમાં આવ્યું. તેણે એક ખાનગી સિન્ડિકેટ ઊભી કરી અને તેની દ્વારા છ લાખ પૌંડના શેર ખરીદી 'રૉઇટર'ને એકહથ્થુ કરી લીધી. યુદ્ધ બાદ ઇંગ્લંડમાં બધાં પત્રોની 'પ્રેસ એસોસીએશન' નામની સમાચાર-સંસ્થા સાથે રૉઇટર્સને જોડી દઇને જોન્સે તેને સમગ્ર બ્રિટિશ પ્રેસ પત્રકારત્વના હવાલામાં સોંપી, અને પોતે તથા થોડા વ્યવસ્થાપકોએ ટ્રસ્ટી બનીને એ નવી સંયુક્ત પેઢીને વહીવટમાં લીધી. સમાચાર-વિતરણના ઇતિહાસનો પાયો નાખનાર એ રૉઇટર સંસ્થા આજે તે ક્ષેત્રે દુનિયાભરમાં માત્ર પ્રમુખ સ્થાને છે એટલું જ નહિ, પણ પૂર્વગ્રહના રંગથી અલિપ્ત ને તટસ્થ તથા નિર્ભેળ હકીકતો આપનાર તરીકે તેની પ્રતિષ્ઠા છે.

પ્રસંગવિશેષ : કાનપુરમાં અંગ્રેજ સ્ત્રી–બાળકોની કતલ, ૧૫મી જુલાઇ ૧૮૫૭

૧૮૫૭નાને બળવો કહો કે સ્વાતંત્ર્યસંગ્રામ, પરંતુ તેના વિશિષ્ટ નેતાઓનો સ્વાધિકાર પાછો મેળવવાનો એ એક અદૂરદર્શી પ્રયત્ન હતો તે તો '૫૭ની ૭મીથી ૨૭મી જૂન સુધી નાનાસાહેબની સરદારી નીચે કાનપુરમાં ચાલેલી અંગ્રેજોની બેફામ કતલથી સ્પષ્ટ થાય છે. તે પછી ૧૨મી જુલાઈએ મૅજિસ્ટ્રેટ રૅરર ને જનરલ હૅવલૉકે ફતેહપુર જીતીને બાજ્યાના ખબર મળતાં ઉશ્કેરાએલા નાનાસાહેબે જાતે સેના સહિત આગળ વધવાનો નિશ્ચય કર્યો. કાનપુર પાસેના બીબીગઢ નામના મકાનમાં નજરકેદ રાખવામાં આવેલાં બસો જેટલાં અંગ્રેજ સ્ત્રી-બાળકોની ૧૫મી જુલાઇએ રાત્રે નાના અને તેના સાથી તાત્યાટોપેના ખાસ હુકમથી કતલ કરવામાં આવી અને લાશો નજીકના કૂવામાં ફેંકી દેવામાં આવી. ૧૭મીએ કાનપુરમાં પ્રવેશેલું અને નાનાને ત્યાંથી હાંકી કાઢનારું હૅવલૉકનું સૈન્ય એમની વહાર માટે મોડું પડ્યું. વૈરાગ્નિએ ભભૂકતી અંગ્રેજ ટુકડીઓએ એનો જે ભયંકર બદલો લીધો, એ પણ એટલો જ નિંદ્ય હતો.

હર્વિંગિયાની લૂમ

'પૈસા મેળવવાનો મને એક વખત કમાલ તુક્કો સૂઝેલો.'
'એમ? પછી કેટલા મેળવ્યા?'
'છ વર્ષ.'

લિફ્ટમાં કદી નહિ બેઠેલો છોકરો બાપ સાથે ઊંચે ને ઊંચે ચઢતો જતો અધવચ્ચે બોલ્યો–'બાપા, ભગવાનને ખબર હશે કે આપણે આવીએ છીએ?'



'માફ કરજો, હું તમારો હરીફ નથી. હું તો એક મામૂલી વીમા એજન્ટ છું, અને તમારું આ ખતરનાક કામ જોઇને તમને અમારી કંપનીમાં વીમો ઉતરાવવાની વિનંતિ કરવા આવ્યો છું.'
[ચિત્રકાર : હલસુખ]

વનમાં વાયરે ઘેરી

• ગાન •

વનમાં વાયરે ઘેરી'તી આજ મને વનમાં વાયરે ઘેરી;
કિયા જનમનો વેરી તે આજ મને વનમાં વાયરે ઘેરી.

એકલી પળી'તી, અલિ! સોણુતળાવનાં
પાણીની ભરવા હેલ,
આલીલી લ્હેરની જોડે સવારના
તડકે માંડયો ખેલ;
ભોળાં લોચનિયે જોતી એ વાંકથી આવ્યો વંકાઇને લ્હેરી,
ઘેલી હું ભાનમાં ન્હોતી ને આજ મને વનમાં વાયરે ઘેરી.

લાલ તે જાસૂદનું મારે અંબોડલે
મૂકેલ ફૂલ જાય ઝૂકી,
એને જરાક હાથ દેવા કરું' તીં ઓલ્યો
અંચલ ઉડાડતો ફૂંકી;
કેમે શકાય નહિ ખાળી મિજાજનો એવો એ આકરો ઝેરી,
સાથ સંગાથ વણ ભાળી ને આજ મને વનમાં વાયરે ઘેરી.

આડી ઉપાધિઓની યાદ રે ન આવતી ને
ભૂલ્યા જેવું ન જાઉં ભૂલી;
જાગામીઠીની મારી આંખને આવાસ એ તો
શમણાંને દોર રહ્યો ઝૂલી;
કિયા જનમનો વેરી તે આજ મને વનમાં વાયરે ઘેરી!
વનમાં વાયરે ઘેરી'તી આજ મને વનમાં વાયરે ઘેરી.

રાજેન્દ્ર શાહ

મેહો

• ગાન •

મેહો આછો રે ગાજયો ને ઝાઝો ઝૂકિયો હે જી!
ઝૂકયો ઝૂકયો બેવડ ધાર,
જેવાં ઔંઢાં નર ને નાર,
ઘૂંટે ગોઠડીએ સંસાર:
એવો ધરતીની સાથે રે વાતે વળૂંધિયો હે જી!
મેહો આછો રે ગાજયો ને ઝાઝો ઝૂકિયો હે જી!

સાતે સાગર ખેડીને સફરી આવિયો હે જી!
લાવ્યો રત્નોના ભંડાર,
મેવામિસરી અપરંપાર,
વીંટયો બાળકનો પરિવાર:
મૂઠે મૂઠે મોતી–મેવો ગૂંજે ઘાલિયો હે જી!
મેહો આછો રે ગાજયો ને ઝાઝો ઝૂકિયો હે જી!

મનને મોલે મેહાના ઝૂલે હીંચકા રે જી!
ઝૂલે ઝૂલે દિન ને રાત,
હૈયે હીંચી એ ઠકરાત,
ચાલે વણખૂટી ખેરાત:
એને આંગણથી માગણ ના કોઈ દૂભિયો હે જી!
મેહો આછો રે ગાજયો ને ઝાઝો ઝૂકિયો હે જી!

બાલમુકુન્દ દવે

સંમિલન

• મિશ્ર •

મળી; મળી એવી જ તું હળી ગઈ!
ને નેણમાં નીંદરશી ઢળી ગઈ
કે માણતાં મસ્તી અનેરી એવી કો'
મીઠી મને સરગમ સાંપડી ગઈ!

તેં દષ્ટિનાં રેશમી રશ્મિ વેરીને
ઉજાળી મૂકયું મુજ હૈયું! ઓઠથી
મેં સેરવી જે સ્મિતસેર તે ઝીલી
ખીલી ઊઠયું આનન તારું પદ્મ શું!

અને પછી...? મુગ્ધ પહેલી પ્રીતિના
ભારે લચીને ઢળી પાંપણો તવ:
હું મૌનની માધુરીમાં ડૂબી ગયો!
સપાટીની ચંચલ ઊર્મિમાળા
આંદોલને માત્ર હળીમળી રહી;
ને આપણે ત્યાં પ્રિય લીન ઐકયમાં
થઈ ઊંડાં વ્હેણ વહ્યાં...ભળી ગયાં!

હેમન્ત દેસાઈ



ચીફ જજ સ્મૉલ કૉઝ કોર્ટ મુંબાઈ: ૧૯૧૮

તેમના પિતામહ રા. રા. રણછોડદાસ ગિરધરભાઈ અર્વાચીન ગુજરાતી શિક્ષણના પિતા ગણાય છે. ઓગણીસમી સદીના મધ્ય ભાગની આસપાસ પાશ્ચાત્ય રીતે અપાતી પ્રાથમિક કેળવણીના પાયા તેમણે નિશાળો સ્થાપીને નાખ્યા, એ ગુજરાતની કેળવણીના ઇતિહાસનું પહેલું પ્રકરણ છે. તેમની રહેણીકરણી અત્યંત સાદી અને સંસ્કાર-સ્વચ્છ હતી. તેમનાં પત્ની રેવાબાઈની કૂખે જન્મેલા બે પુત્રો મોહનલાલ અને મનમોહનદાસમાં મોહનલાલ એ મોટા.

એ રા.બ.મોહનલાલ ગુજરાતી શિક્ષણના અર્વાચીન સ્વરૂપના મૂળ સર્જકો પૈકી એક હતા. ગણિત, ખગોળ, રસાયનવિજ્ઞાન, પદાર્થવિજ્ઞાન આદિ શાસ્ત્રોના નિષ્ણાત તજ્જ્ઞ, ગુજરાતી મરાઠી અંગ્રેજી ને ઉર્દૂનું ઊંચું જ્ઞાન ધરાવનારા, તથા કેળવણી ઇતિહાસ સાહિત્ય અને સંશોધનને ક્ષેત્રે માતબર પુસ્તકો આપી જનારા વિદ્વાન, તેમજ ગુજરાતને ગામડે-ગામડે ફરી શાળાઓ સ્થાપનાર ને સુધારનાર ગુજરાતમાં શિક્ષણ-પ્રચારના એ આજન્મ ભેખધારીનાં પત્ની રુકમિણીની કૂખે, ગુજરાતમાં શિક્ષણ–સાહિત્ય–સંસ્કારનું સાદ્યંત સિંચન કરનાર ચરિત્રનાયક શ્રી કૃષ્ણલાલ ઝવેરીનો જન્મ ઈ. ૧૮૬૮ની ૩૦મી ડિસેમ્બરે, સં. ૧૯૨૫ના પોષ વદ ૧ ને સોમવારને દિવસે મોઢ વણિક કુટુંબમાં થયો હતો.

પાંચ ભાઇઓ ને પાંચ બહેનો વચ્ચે તે સૌથી નાના. તેમનું કુટુંબ વૈષ્ણવધર્મી હતું. ગુજરાતી કેળવણીના સ્તંભરૂપ ગણાતા રા. બ. મોહનલાલભાઈ સામાન્યતઃ પોતાનાં સંતાનો પર પોતે જ કેળવણીના પ્રથમ સંસ્કાર પાડતા. એ મુજબ કૃષ્ણલાલને અક્ષરજ્ઞાનનો લાભ પિતા દ્વારા સુરતમાં જ મળ્યો. પ્રાથમિક શિક્ષણ તેમના વતન ભરૂચ અને સુરત વચ્ચે વહેંચાઈ ગયું હતું. ભરૂચમાં નવા દહેરા પાસેની પ્રાથમિક નિશાળમાં થોડુંઘણું–ત્રીજીચોથી ચોપડી-શીખી તેઓ લાલ બજારની મોટી નિશાળમાં ગુજરાતી સાત ધોરણ પૂરાં કરવા દાખલ થયા, જ્યાં સ્વ. બલવંતરાય કલ્યાણરાય ઠાકોર તેમના જોડિયા હતા. તેમની સ્મરણશક્તિ તથા સંગ્રહણશક્તિ એટલી તીવ્ર હતી કે દસ વર્ષની વયે ગુજરાતી અભ્યાસ પૂરો કરી તેમણે ભરૂચની હાઈસ્કૂલમાં અંગ્રેજી અભ્યાસ શરૂ કર્યો. પણ ભરૂચમાં બે ધોરણ પૂરાં કર્યાં ત્યાં, ઉમદા સ્વભાવના કૃષ્ણલાલને ત્યાંની બૂરી સોબતથી બચાવી લેવા માટે તે સમયે ભાવનગરની હાઈસ્કૂલમાં મદદનીશ શિક્ષક (અને પાછળથી એ રાજ્યના કેળવણીખાતાના ઈન્સ્પેકટર બનેલા) તેમના વડીલ બંધુ મોતીલાલે પોતાની પાસે બોલાવી લીધા. ભાવનગરના સર્વપ્રશસ્ત દીવાન શ્રી ગગાભાઈ ઉદયશંકર ઓઝાએ ત્યારે નિવૃત્ત થઈ સંન્યાસ લીધેલો. એક વાર મોતીલાલ કૃષ્ણલાલને લઈ તેમને મળવા ગયા ત્યારે તેમણે કહેલું: 'મોતીલાલ માસ્તર, તમારા દાદા રણછોડદાસને હું મળ્યો છું. તેમણે તો અમારા કાઠિયાવાડને કેળવણી આપી, અમે તેમના ઋણી છીએ.'

અંગ્રેજી ચોથા ધોરણમાં દાખલ થતાં તેમના મોટાભાઈ મોતીલાલે તેમને બીજી ભાષા તરીકે ફારસી લેવાનો આગ્રહ કરી જણાવ્યું કે 'હું સંસ્કૃત જાણું છું, તો આપણા કુટુંબમાં તે સિવાય બીજી ભાષા જાણનાર જોઇએ. માટે તું ફારસી શીખ.' આમ અંગ્રેજી ત્રીજા ધોરણથી બી. એ. સુધીનો અભ્યાસ તેમણે ભાવનગરમાં કર્યો. તેમના પ્રોફેસરો મરહૂમ આગા શેખ મહમદ ઈસ્ફહાની, મુંબાઈ યુનિવર્સિટીના માજી રજિસ્ટ્રાર ખાન બહાદુર પ્રોફેસર દસ્તૂર વગેરે હતા. એ પ્રોફેસરોની તેમના પર અત્યંત પ્રીતિ હતી. મૅટ્રિકની પરીક્ષા આપીને તેમણે પરસીવલની શિષ્યવૃત્તિ મેળવી હતી. પણ ઈન્ટર આર્ટ્સની પરીક્ષામાં તેઓ નિષ્ફળ થએલા. આથી યુનિવર્સિટીની ખાસ પરવાનગી મેળવી તેમણે ઈન્ટર આર્ટ્સ તથા બી. એ.ની પરીક્ષા એકીસાથે આપી હતી. એમાં તેઓ સફળ થયા, એટલું જ નહિ પણ બી. એ.માં તો પ્રથમ વર્ગમાં આવી (૧૮૮૮) 'ગૌરીશંકર ગોલ્ડ મેડલ' મેળવેલો.

એમનો વિચાર બી.એ. થઇને વિલાયત જવાનો હતો, પરંતુ પરીક્ષાની બેવડી મહેનતે તેમના શરીર પર ઊલટી અસર કરી હોઈ, તેમના

પોતે ફારસી ભાષામાં ભાષણ કરી શકતા તેનો મહાવરો ચાલુ રાખવા માટે ઈરાનના વતનીઓ સાથે સંસર્ગ રાખી તેમની સાથે ફારસીમાં જ બોલતા. એવા બે સજ્જનો સાથે પડાવેલો ફોટો



ગુજરાતનાં સાહિત્ય-શિક્ષણ-સંસ્કારક્ષેત્રના પિતામહ

દીવાન બહાદુર કૃષ્ણલાલ મો. ઝવેરી



અવસાન પહેલાં બે જ માસ પર તા. ૬-૪-૫૭ના રોજ લેવાયેલી છેલ્લી છબિ

સતત કર્મરત જીવન જીવનારા અને એમ પોતાને મળેલી ક્ષણેક્ષણનો હિસાબ રાખી નિજની કર્મસુવાસે અખિલ વાતાવરણને પુલકિત કરનારા આપણે ત્યાંના અલ્પસંખ્ય મહાનુભાવોમાંના સૌથી વયોવૃદ્ધ દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનું ગઈ ૧૫મી જૂને ૮૯ વર્ષની વયે અવસાન થતાં, ગુજરાતના સમસ્ત સંસ્કારજીવનને અનેકવિધ કાર્યક્ષેત્રે મોટી ખોટ પડી છે.

સાહિત્યમાં ગોવર્ધન યુગથી માંડીને તે અર્વાચીન યુગની વર્તમાન પરિસ્થિતિના સર્વ પ્રવાહોના તેઓ સાક્ષી રહ્યા હતા. સાથેસાથે એની ખામીઓને સંમાર્જવાના અને ખૂબીઓને ઓપ આપવાના સર્વ પ્રયત્નોના તેઓ પીઢ સલાહકાર હતા. ગુજરાતી સાહિત્યનો સૌપહેલો વ્યવસ્થિત અને સમગ્ર ઇતિહાસ તેમણે લખ્યો; તેનું બહુફલક વિકાસબિંદુ સૌપહેલું તેમણે દર્શાવ્યું. વળી ફારસી ભાષાના પોતાના તલસ્પર્શી અભ્યાસ વડે ગુજરાતી વાઙ્‌મયને તેમણે ઘણો લાભ આપ્યો. શિક્ષણ-સંસ્કારનું જે અભીષ્ટ વાતાવરણ છેલ્લી અરધી સદીમાં આપણે ત્યાં સર્જાયું તેના તેઓ પુરોધા સમા હતા.

આજીવન મુખ્યત્વે તેમણે કાર્યદક્ષ ધારાશાસ્ત્રીનો વ્યવસાય ચલાવ્યો, પરંતુ એ વ્યવસાય તો તેમની સફળ કાર્યરીતિનું ઉદાહરણ માત્ર છે. વસ્તુતઃ તેમની વ્યવહારબુદ્ધિ એટલી ઊંડી હતી, કાર્યપદ્ધતિ એટલી વ્યવસ્થિત હતી અને તેમનું પ્રતિભાતન્ત્ર એટલું વિકસિત હતું કે કોઈ પણ પ્રશ્ન એમને માટે એવો ન રહેતો જેનો સમાધાનપૂર્વક નિવેડો તેઓ ન લાવી શકે.

જાહેર કાર્યોમાં તો તેમણે પોતાનું સમગ્ર જીવન એટલું ઓતપ્રોત કરી દીધેલું કે તેઓ વ્યક્તિ નહિ પણ એક સંસ્થા રૂપે હતા. શિક્ષણ-સંસ્કાર-ઇતિહાસ-કળા-પુરાતત્ત્વ આદિની અનેક સંસ્થાઓના કાં તેઓ પ્રમુખ હોય કાં મંત્રી, કાં ટ્રસ્ટી હોય કાં સભ્ય. પોતાના નેવ્યાશી વર્ષના સુદીર્ઘ જીવનકાળમાં ગુજરાતની ત્રણત્રણ પેઢીઓનાં સાહિત્ય-શિક્ષણ-સંસ્કારને તેમણે પોષ્યાં ને ખીલવ્યાં, ને અર્વાચીન ગુજરાતી સાહિત્ય-શિક્ષણ-સંસ્કારના પિતામહ બન્યા.

ઓળખીતા ડૉ. શિવનાથે ત્યાંની ઠંડી સહન નહિ થઈ શકે એવો અભિપ્રાય આપ્યો. સ્વ. ભાઈશંકર ને કામાની પેઢીમાં સૉલિસિટરના 'આર્ટિકલ ક્લાર્ક' તરીકેનું કામ તો તેમને માટે તૈયાર હતું; પણ તેમના મોટા ભાઇએ, મુંબઈમાં કાયમ આ ધંધો કરી તબિયત પર માઠી અસર થવા દેવા કરતાં એલએલ. બી.ની લાઈન લેવડાવવાનો આગ્રહ રાખ્યો. અહીં તેમના એક ખાસ શૉખનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે, વચ્ચે જ્યારે જ્યારે તેઓ ભરૂચ જતા ત્યારે નર્મદાનદીમાં તરવાનો લાભ અચૂક લેતા. તરવાની કળા તેમના કુટુંબમાં લગભગ સર્વને સાહજિક હતી.

ભાવનગરની સામળદાસ કૉલેજમાં એમ.એ.નો વર્ગ નહિ હોવાથી તેઓ મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા. એ કૉલેજમાં તો બે કારણોને લઇને: એક તો અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થના પૌત્ર તેના પ્રિન્સિપલપદે હતા અને જાતે પણ ગણનાપાત્ર કવિ હતા. તેમની કને અંગ્રેજી કાવ્યો શીખવાની ઇંતેજારી, એ એક કારણ; અને બીજું કારણ, તેમના ભાવનગરના મિત્રો પણ આ જ કૉલેજમાં જોડાયા હતા, તેમની જોડે અભ્યાસ કરવાની ઈચ્છાનું. સાધારણ રીતે પોતાની કૉલેજના વિદ્યાર્થીઓને જ પ્રિન્સિપલો એમ. એ.માં દાખલ કરતા, પર-કૉલેજનાને નહિ; પરંતુ મોટા મનના પ્રિન્સિપલ વર્ડ્ઝવર્થ શ્રી કૃષ્ણલાલને પોતાની કૉલેજમાં એમ. એ.ના વર્ગમાં દાખલ કર્યા તથા બી. એ.માં પ્રથમ વર્ગમાં આવેલા હોઈ તેમની કદર રૂપે તેમને માસિક રૂા. ૬૦ના વેતને દક્ષિણા ફેલો પણ નીમ્યા. તેમના વિષયો હતા અંગ્રેજી અને ફારસી. એમ.એ.ની પરીક્ષાનો તેમનો અંગ્રેજીનો પેપર જોઇને તો પરીક્ષક લૉર્ડ બિશપ મિલ્ને બોલી ઊઠેલા: 'આવા સારા જવાબો આપનાર કોઈ હિંદી વિદ્યાર્થી મેં હજી સુધી જોયો નથી.' તેમના ફારસીના પ્રોફેસર હતા મિરઝાં હેરત, જે ઓગણીસ વર્ષની કુમાર વયે ઈરાન છોડીને હિંદ આવેલા. ત્યાંના રાજદ્વારી વાતાવરણને તેઓ અનુકૂળ થઈ પડચા નહિ, નહિતર ઈરાનના શાહથી તરતનો ઊતરતો દરજ્જો તેઓ ભોગવતા હોત. તેઓ ફારસીમાં કાવ્યો લખતા, જેનો સંગ્રહ પછીથી 'મનઝુમાતે હેરત' નામે બહાર પડેલો. સ્વ. કૃષ્ણલાલ લખે છેઃ 'હાફેઝ ને સાદીની ગજલોની બરાબરી કરે એવી એ કાવ્યકૃતિ છે.' તેમનો ફારસીનો અભ્યાસ એવો વિશાળ ને યાદદાસ્તની શક્તિ એવી પ્રખર હતી કે, એમ કહેવાતું કે કોઈ કારણને લીધે આખું ફારસી સાહિત્ય નષ્ટ થઈ જાય તો તે આખું સાહિત્ય એકે તડાકે તેઓ પાછું જીવતું કરી શકે. આવા વિદ્વાન પ્રોફેસરના હાથ નીચે અભ્યાસ કરનાર કૃષ્ણલાલ જેવા યોગ્ય વિદ્યાર્થીનું એમ. એ.નું વર્ષ ખોટું કરાવ્યું એક પૂર્વગ્રહી પારસી પરીક્ષકે. તે પરીક્ષક



ભાવનગર હાઈ સ્કૂલમાં ભણતા હતા ત્યારે બે સહાધ્યાયીઓની સાથે : વચલા



વકાલત શરૂ કરી ત્યારે ↑
સામેના પાના પર મથાળે : સંવત ૧૯૭૦માં દ્વારકા યાત્રાએ ગયા ત્યારે–ભાણેજ, ભત્રીજા તથા અન્ય સગાસંબંધીઓ સાથે
નીચે : ઘરમાં લાયબ્રેરી પાસે. ૧૯-૬-'૫૨

માનતા કે ફારસી કાં તો આવડે પારસીને અને કાં તો મુસલમાનને, હિંદુ એમાં ચંચુપ્રવેશ પણ ન કરી શકે. પરિણામે અંગ્રેજીમાંથી ફારસીમાં ભાષાન્તર કરવાના પેપરોમાં તેમણે કૃષ્ણલાલને જાણીબૂઝીને સોમાંથી પચીસથી પણ ઓછા માર્ક આપ્યા, ને તેમને નાપાસ કર્યા! પરીક્ષકોની આખરની સભામાં લૉર્ડ બિશપે જ્યારે કૃષ્ણલાલ અંગ્રેજીમાં પ્રથમ વર્ગના માર્ક લઈ ગયાનાં વખાણ કર્યાં ત્યારે પેલા પારસી ગૃહસ્થ પોતાની ભૂલ સમજાતાં તે કબૂલ કરી અને કૃષ્ણલાલને ફારસીમાં માર્ક ઉમેરી આપવાની ઈચ્છા દર્શાવી. પણ તે વખતે તેમ કરવા માટે બહુ મોડું થયું હતું. કૃષ્ણલાલે યુનિવર્સિટીને અરજી કરી કે મારા જવાબપત્રો ફરી તપાસો અને તે જવાબો પ્રો. હેરત પાસે મૂકી તેમનો અભિપ્રાય લો. યુનિવર્સિટીએ તેમ તો ન કર્યું, પરંતુ ત્યાર બાદ તે ગૃહસ્થને પરીક્ષક નિમાતા બંધ કર્યા. બીજે વર્ષે કૃષ્ણલાલ એમ. એ.માં પાસ થયા અને ૧૮૯૦–૯૧ સુધી એ જ કૉલેજમાં ફારસીના અધ્યાપક તરીકે તેમણે કામ કર્યું. 'કૂપર ઍન્ડ કૂપર' કંપનીએ તેમના એલ્ફિન્સ્ટન કૉલેજના ફેલો ને પ્રોફેસર હેરતના મદદનીશ તરીકેના હોદ્દાનો લાભ લઈ હાફેઝ, સાદીની ગઝલોનાં ભાષાન્તર, અનવારે સ્વાહિલીની પ્રસ્તાવના, 'અખલાકે મોહસિની' અને ફારસી પિંગળ એ વિષયો પરત્વે કૃતિઓ લખાવી પ્રસિદ્ધ કરી. ફારસી પિંગળ ને અલંકારના વિષય પરના તેમના પુસ્તક 'પર્શ્યન પ્રોઝોડી ઍન્ડ ફિગર્સ ઑાવ સ્પીચ'ની કોટિનું બીજું કોઈ પુસ્તક હજુ સુધી મુંબાઈ પ્રાંતમાં બહાર પડ્યું નથી. આ પછી કાયદાની પણ બન્ને પરીક્ષાઓમાં તેઓ સફળ થયા (૧૮૯૨). આ અભ્યાસ વખતે શ્રી રમણભાઈ નીલકંઠ તેમના સહાધ્યાયી હતા.

૧૮૯૩માં તેમણે મુંબાઈ હાઇકોર્ટની 'ઍપેલેટ સાઈડ' પર વકીલાતનો ધંધો શરૂ કર્યો. શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી તથા સર ચીમનલાલ સેતલવાડ વકીલાતમાં ત્યારે નવા 'જુનિયર' હતા. પહેલાં તો વડોદરાના માજી દીવાન મનુભાઈના ભાઈ (માજુભાઇ)ના સહયોગી તરીકે તેમણે આ દિશામાં ઝંપલાવ્યું. તેમની દેખરેખ માટે તેમના પિતાશ્રીએ જેમના પર ભલામણપત્ર લખી આપેલું તે મુંબાઇના ગુર્જર વાણિયા 'ભગુડિયા'ના કુટુંબથી છૂટા પડી ગુજરાન માટે યત્કિંચિત રળતર પાછળ તેમણે પ્રયત્નો કરવા શરૂ કર્યા. શ્રી બાબુસજી ટૅબળના અંગ્રેજી, મરાઠી ને ગુજરાતીમાં નીકળતા 'ગરીબાંચા કૈવારી' નામના અઠવાડિકમાં તેમણે દર અઠવાડિયે અંગ્રેજી અને ગુજરાતીમાં લેખો લખવા માંડ્યા, જે બદલ તેમને ઠીકઠીક મહેનતાણું મળી રહેતું. ભરૂચની એક હાઈસ્કૂલના હેડમાસ્તરની માગણી પરથી તેમણે 'આઉટ લાઈન્સ ઑાવ એસેઝ ફૉર હાયર સ્ટૅન્ડર્ડ્ઝ ઈન હાઈસ્કૂલ્સ' નામનું પણ એક પુસ્તક લખી આપેલું, જે બદલ મહેનતાણામાં તેમને નાની રકમ મળેલી; જોકે મુંબાઈનું જીવનધોરણ ત્યારે બહુ મોંઘું ન હતું; ૨૫ થી ૪૦ રૂપિયાના ભાડામાં તો આખો માળ રહેવા મળતો!

સર ગોકુળદાસ, સર ચીમનલાલ સેતલવાડ વગેરેને બહારગામનું રોકાણ હોય ત્યારે તેઓ પોતાની બ્રીફ શ્રી માજુભાઈ, કૃષ્ણલાલ તથા શ્રી હોરમઝદિયાર કોયાજીને આપી જતા. એ ગાળામાં શ્રી ગોવર્ધનરામને કામ બહુ પહોંચતું. વળી તેમની બારીકી અને ચોકસાઇને કારણે તેમના કેસ પણ બહુ લાંબા ચાલતા. તેમને મદદનીશની ખાસ જરૂર લાગતાં તેમણે કૃષ્ણલાલને (છેક ભાવનગરની પિછાણ હોવાથી) એ કામ ઉપાડવા જણાવ્યું, જે ત્યાર બાદ શ્રી ગોવર્ધનરામ નિવૃત્ત થયા ત્યાં સુધી રોજ સવારે તેમને ત્યાં કલાક બે કલાક ગાળીને શ્રી કૃષ્ણલાલ કરતા. શ્રી ગોવર્ધનરામ જે 'ડેસ્ક-વર્ક' બતાવે એ તેઓ કરતા અને કોર્ટમાં જે કેસ ચલાવવા સૂચવે એ ચલાવતા. ઉપરાંત તેમનું પોતાનું જે કામ આવે એ લેવાની તેમને છૂટ હતી. ન્યાયમૂર્તિ રાનડે સાથે ત્યારે તેમને ઘણો સારો સંબંધ હતો. પહેલો કેસ તેમણે સર ચાર્લ્સ સાર્જન્ટ ને ન્યાયમૂર્તિ બેઈલી પાસે ચલાવેલો. તેમની ૧૮૯૩ થી ૧૯૦૫ સુધીની હાઇકોર્ટની વકીલાતની પ્રૅક્ટિસનો મોટો ભાગ

સ્મૉલ કૉઝીઝ કોર્ટના વડા ન્યાયમૂર્તિ સર લૉરેંસ જેન્કિન્સ આગળ વીતેલો. તે વખતે નવાઓમાં શ્રી માણુભાઈ, શ્રી કૃષ્ણલાલ અને શ્રી લલ્લુભાઈ શાહ મુખ્યત્વે ગુજરાતી અપીલો ચલાવતા.



સર લૉરેન્સ જેન્કિન્સની તેમના ઉપર અત્યંત પ્રીતિ હતી. એવામાં સ્મૉલ કૉઝીઝ કોર્ટના એક ન્યાયાધીશ શ્રી ખરશેદજી માણેકજી પેન્શન પર જતાં એ જગ્યા ખાલી પડી. ઉપરાંત ગુજરાતી ભાષાના સારા જ્ઞાનવાળા તથા દેશી રીતે રખાતા ચોપડા સારી રીતે સમજી શકે એવા એક ન્યાયાધીશની કોર્ટમાં જરૂર હતી. તેથી વગર માગ્યે સર લૉરેન્સે એમની તે જગ્યાએ નિમણૂક કરવા ખુશી બતાવી સરકારને ભલામણ કરી. ને જેન્કિન્સ સાહેબના આગ્રહને વશ થઈ તેમણે હાઈકોર્ટની વકીલાતને વળગી રહેવામાં ભવિષ્યમાં સારા લાભની આશા હતી તે જતી કરીને, એ જગ્યાનો ૧૯૦૫માં સ્વીકાર કર્યો. ત્યાંથી ઉપર ચઢતાં ૧૯૧૮માં તેઓ સ્મૉલ કૉઝીઝ કોર્ટના વડા ન્યાયાધીશ થયા, જે પદવી ૧૯૨૮ના ડિસેમ્બરની આખરે પોતે નિવૃત્ત થયા ત્યાં સુધી ભોગવી. ૧૯૨૯ના જૂનમાં સરકારે તેમને દીવાનબહાદુરનો ઈલકાબ આપ્યો.

ન્યાયાધીશ તરીકેની ૨૫ વર્ષની કારકિર્દી દરમ્યાન એક દિવસની પણ તેમણે 'ગેરહાજરી' ભોગવી નહિ. છતાં રીતસરની જે કંઈ રજાઓ મળતી તેનો લાભ લઇને તેમણે આખા ભારતનું પર્યટન કરેલું, અને બ્રહ્મદેશ, સિલોન વગેરેની તથા યુરોપના દેશોની પણ મુલાકાતો લીધેલી.


તેમણે પ્રૅક્ટિસ શરૂ કર્યા બાદ ટૂંક વખતમાં મુંબાઈમાં બ્યુબૉનિક પ્લેગ ફાટી નીકળતાં તેઓ ભરૂચ જતા રહેલા, અને રોગ નરમ પડતાં મુંબાઇ પાછા ફરેલા. આ વખતે મૂળ બંગાળી લખાણ અને તેનું અંગ્રેજી ભાષાન્તર સામસામે પાને આપેલાં એકબે પુસ્તકો વડે તથા બંગાળી મૂળાક્ષરોના એક અક્ષરપટ તથા કૅરીના બંગાળી-અંગ્રેજી કોશ વડે તેમણે બંગાળી ભાષાનો અભ્યાસ શરૂ કર્યો, જેને ઉત્તરોત્તર તેઓ વધારતા ગયા. 'પ્લીડર્સ એસોસીએશન ઑાવ વેસ્ટર્ન ઇન્ડિયા' નામના વકીલમંડળના તેઓ પહેલા સહાયક મંત્રી હતા.

સર ચીમનલાલ એક મોટા કેસના કામ માટે વખતોવખત પૂના જતા ત્યારે મદદનીશ તરીકે શ્રી કૃષ્ણલાલને તથા શ્રી મનસુખરામને સાથે લેતા. પૂનામાં મુંબાઈ યુનિવર્સિટીની સિંડિકેટના સભ્ય મરહૂમ રહેમતુલ્લા સયાણી આગળ તેમણે શ્રી. કૃષ્ણલાલને યુનિવર્સિટીના ફારસીના પરીક્ષક નીમવા આગ્રહ કર્યો, જે અમલમાં આવતાં ૧૮૯૩ થી ૧૯૦૫ સુધી તેઓ ફારસીની ઊંચી (પહેલાં બી. એ. ની ને પછી એમ. એ.ની) પરીક્ષાના પરીક્ષક નિમાએલા. ગુજરાતીની ઊંચી પરીક્ષાઓમાં પણ તેઓ પરીક્ષક નિમાતા. ફારસીમાંથી પરીક્ષક નિમાતા બંધ થઈ તેઓ ગુજરાતીની ઊંચી પરીક્ષાઓમાં પરીક્ષક નિમાતા થયા ત્યારે તેમની સાથે પરીક્ષકને હોદ્દે કેટલોક વખત શ્રી નરસિંહરાવ દિવેટિયા પણ નિમાતા. અને પછી ૧૯૦૫માં સ્મૉલ કૉઝ કોર્ટના ન્યાયાધીશ નિમાયા ત્યાં સુધી એલએલ. બી.માં પણ પરીક્ષક નિમાતા. ન્યાયાધીશનો હોદ્દો સ્વીકાર્યા બાદ પરીક્ષકની ફરજ (અનુસંધાન પૃ.૩૭૫મે)



મનેશચન્દ્રની ટૂંકી વાર્તા

મરેલાં છોકરાં



એકાએક સુંદરાના ઘટ-આકાર ઉદરમાં હલમલાવી નાખે તેવો ખળભળાટ થયો. દાંત પીસી, આંખ મીંચી તેણે પેટ પર હાથ દાબી દીધા. કુદરતી પણ ક્રૂર એવી એ વેદના હળવી થતાં થતાં તો તે સાક્ષાત હવાની જેમ મોં ફાડી હાંફવા લાગી. કપાળ પર એકે એક વાળનાં મૂળ આગળ પસીનાનાં ટીપાંની હાર બંધાઈ. બાજુમાં ઘોરતા સામંતના ખરડા પર તેણે બીતેબીતે હાથ મૂક્યો. સામંતના ખભા ઊંચાનીચા થયા. સુંદરાએ હાથ ઉપાડી લીધો. થોડીક દ્વિધામાં તે પડી; પણ પછી ફરી હાથ મૂકી બોલી, 'ઊઠો છો?'

'શું છે?' બોલતો સામંત જાગ્યો. સૂતાંસૂતાં જ તેણે માથું ફેરવ્યું અને સુંદરાના સંવર્ધિત ઉદર તરફ જોવા લાગ્યો. ઊંઘે ઘેરાએલી તેની આંખોમાં ચીડ ઊભરાઈ. સુંદરાએ એ ચીડ ઉકેલી. સામંતને જગાડ્યા બદલ તે ભોંઠપ અનુભવી રહી. વાત કરવાની તેની ઈચ્છા દટાઈ ગઇ. વિચારવા લાગી : કહું? પણ કહું તો ય શું અને ન કહું તો ય શું?

'કેમ બોલતી નથી?' સામંતે મોઢેથી પૂછ્યું.

'મને... મને...' સુંદરાએ બોલવાનો પ્રયાસ કર્યો. છેવટે દિલ તો નહોતું, પરંતુ નહિ કહે તો સામંત વધારે ગુસ્સો કરશે એ ખયાલે પૂરું કર્યું, 'મને કંઈક થાય છે.' સામંતે સુંદરાના મુખ પરથી દૃષ્ટિ ખસેડી તેના પેટ પર ઠેરવી. રાત્રિના એક-બે વાગ્યાનો સમય હતો. ઓરડીમાં એક ઝાંખું ફાનસ ટમટમતું હતું. એક-બે ક્ષણ તો સામંતને ફરીથી ઊંઘી જવાની વૃત્તિ થઈ આવી.

'મને ગભરામણ થાય છે, ગૂંગળામણ થાય છે; નથી સહેવાતું મારાથી. જાણે કે...'

'પણ સહન કર્યા વગર કંઇ છૂટકો છે?'

'મારું પેટ કપાઇ જતું હોય એમ લાગે છે.'

સામંતની આંખો ફરીથી સુંદરાના પેટ પર ફરવા લાગી. અંદરનો જીવ થોડો થોડો હાલતો હશે તેનો અણસારો નહિવત્ પ્રમાણમાં ઊંચાનીચા થતા એ પેટથી સામંતને આવ્યો. પણ એવા તો કેટલાય જીવ એ પેટમાં આવ્યા...અને...અને ચાલ્યા ગયા. સામંતનું અંતર કઠોર બની ગયું. તે બેઠો થઈ બોલ્યો, 'ચાર ચાર વાર ન કપાયું અને આ વખતે કપાશે? અને તારું પેટ કપાય યા ન કપાય, હું તો જેવો છું તેવો જ રહેવાનો ને?—જીવતાં નહિ એવાં છોકરાંનો બાપ!'

'નહિ,નહિ;એવું ન બોલો.'સુંદરાએ ફટ દઈ સામંતનું મોં દાબી દીધું.

'હંહ!' સામંતના મુખમાંથી તિરસ્કારભર્યો ઉદ્‌ગાર નીકળી પડ્યો. પથારીમાં પડેલાં મસ્તકના તેલથી લથબથ ઓશીકાં પોતાના ખોળામાં મૂકી તેણે તેમાં હાથની આંગળીઓ ઘોંચવા માંડી. તેના મનમાં શું ના શું યે વિચારો ચાલી રહ્યા.

ભીંતમાં પડેલી તરાડો, ઊખડી ગએલા પોપડાઓ, જ્યાંત્યાં મન ફાવે તેમ ઠોકી બેસાડેલી ખીલીઓના મોટામોટા પડછાયાઓ, ઉંદરે પાડેલાં ડોળા કાઢી લીધેલી આંખો જેવાં બાકોરાં વગેરે પરથી સરતી સરતી સુંદરાની દૃષ્ટિ ફાનસ સામે આવી અટકી અને સ્થિર થઈ ગઈ. દર્દ! દર્દ! દર્દ! તેની આંખોમાંથી દડ દડ દડ આંસુ ખરી પડ્યાં.

'મને ખબર નહોતી કે તું મને એકે જીવતું સંતાન નહિ દે, નહિ તો...'

'નહિ, નહિ, નહિ.'

સુંદરા ક્રન્દન કરવા લાગી.

'નહિ નહિ શું?' સામંતનો આવેગ ઉગ્રતમ બની ગયો. 'તું જ કહે—સૌથી પહેલું મરેલું જન્મ્યું; પછી માંડ ચાર-પાંચ વર્ષે બીજું જન્મ્યું—મરેલું; પછી માંડ છ વર્ષે, છેક છ વર્ષે ત્રીજું અવતર્યું, ને તરત મરી ગયું. ગયે વખતે તને કસુવાવડ થઈ ગઈ. તારું પેટ ભગવાને શું મરેલાં છોકરાં અવતરવા ઘડ્યું છે? હું બાપ બન્યો—મરેલાં છોકરાંનો!'

માંસના લોચા, હાડકાંનાં માળખાં, લોહીના ગઠ્ઠા, ડાકલાં ખખડાવતી ખોપરીઓ,—સુંદરાની ભીંસોભીંસ દબાએલી આંખો સમક્ષ આ બધાં એકઠાં થઈ કરાલ નૃત્ય કરવા લાગ્યાં. અદૃશ્ય ઘાતકી વિધિની ભયાનક લંબનખ આંગળીઓ સુંદરાની જાણે નસેનસ ચૂંથવા લાગી. તેનું હૈયું હાહાકાર કરી ઊઠ્યું. આટઆટલી સુવાવડો દરમિયાન પોતાનાં આંતરડાં જ બહાર નીકળી ગયાં હોત તો કેટલું સારું થાત? પોતાનાં ચાર સંતાનોની પાછળ પોતે પણ ખતમ થઈ ચાલી ગઈ હોત... તેણે ડાબા-જમણી માથું વીંઝવા માંડ્યું. ડૂમાની સળંગ હારને માથું ધુણાવી ધુણાવી છેક નાભિમાં દાટી દીધી. સ્ત્રી માત્રના ડૂમાને સંઘરનાર એ નાભિસ્થાન પણ ફાટુંફાટું થઇ ગયું. તે હીબકાં ભરવા લાગી 'પણ એમાં મારો શો વાંક?'

સામંત સુંદરા સામે નિહાળી રહ્યો. ધીમે ધીમે તેની આંખો પણ છલક છલક થવા લાગી. સુંદરાનાં આંસુની છાલક વાગી હોય એમ ધમ ...અવાજ કરતો તેના અંતરનો દાહ બુઝાવા લાગ્યો. પોતાની ક્રૂરતા તે સમજ્યો. સુંદરાની નજીક સરી, નંખાઈ ગએલા અવાજે ધીમેધીમે કહ્યું, 'મને માફ કર, મારી ભૂલ થઇ. મને ભાન ન રહ્યું.'

પતિ ઊઠીને માફી માગે? એક પળ સુંદરાનું હૈયું વીંધાઇ ગયું. તે પળે સામંતને ગળે વળગીને હૈયું હળવું કરવાની વૃત્તિ થઇ આવી. પણ એ વૃત્તિ જાગતાં જ મરી ગઇ. એકાએક તેણે ફરીથી જોરથી પેટ દાબી દીધું. તેના મુખમાંથી વોયવોયકારની પરંપરા નીકળી પડી.

'હજી તો બહુ વાર છે—ઓછામાં ઓછા અઠવાડિયાની.' સામંતે જણાવ્યું. તેનું હૃદય કૂણું બનતું જતું હતું : 'અત્યારથી આમ રડીરડીને તો તું ઊલટી વધારે દુખી થઈશ. લે, પાણી પી.'

પાણીનો ઘૂંટડો પેટમાં જતાં કંઈક શાતા વળી એટલે પેટ પરનાં વસ્ત્રો જરા વધુ ઢીલાં કરી સુંદરાએ પોતાની ખુલ્લી હથેળી પેટ પર મૂકી.

'સુંદરા!' એકાએક સામંતનો અવાજ આવ્યો : 'પણે જો...'

સુંદરાએ એ તરફ આંખો ફેરવી. વગર જોયે તેને ખબર હતી કે ત્યાં પડી હતી સિતાર—સામંતની મહત્ત્વાકાંક્ષાઓની સ્વામિની.

'તને તો ખબર છે,' સામંતે અંતર ખોલવા માંડ્યું : '—કે મારી એકમાત્ર ઈચ્છા મોટા સિતારવાદક થવાની હતી. શું કરું? બાપ મરી ગયા, કાકાએ સંઘર્યો નહિ અને અથડાતો-કુટાતો માંડ પેટિયું કાઢવામાં સફળ થયો. આજે પ્રૌઢ બની ગયો છું, કાલ થતાંથતાંમાં તો ઘરડો બની જવાનો. મારી જિંદગી એમ ને એમ રગદોળાતી ચાલી ગઇ, અને હું કલાને બદલે કાવડિયાંની મથામણમાં જ પડ્યો રહ્યો. છતાં હું નહિ તો મારી ઓલાદ મારી આશા પૂરી કરશે (અનુ.પૃ.૩૮૩મે)

અગસ્ત્યને પગલે...

લેખક અને ફોટોગ્રાફર
નવનીત પારેખ





હૉંગકૉંગ

ચીનના મહારાજ્યના અગ્નિ ખૂણે એક અત્યંત રમણીય દ્વીપ આવેલો છે. તેના પહાડોના ઢોળાવ ઉપર વિવિધ પ્રકારની વનરાજિ ઝૂકી રહી છે, અને પ્રશાન્ત મહાસાગરના તરંગો તેના કિનારાના ખડકો સાથે અફળાઇને હાસ્ય વેરતા પાછા ફરે છે. વિષુવવૃત્તથી ૨૩ અંશ ઉત્તરે ઉષ્ણ કટિબંધમાં આવેલો આ બેટ હૉંગકૉંગ આપણા અમદાવાદના જ અક્ષાંશ ઉપર આવેલો હોવા છતાં દરિયો પાસે હોવાથી તેની આબોહવા બહુ સમધારણ રહે છે.

ઈ. ૧૮૪૧માં જ્યારે ભારતમાં કંપની સરકારનું રાજ્ય ચાલતું હતું ત્યારે હૉંગકૉંગનો ટાપુ બ્રિટિશ હકૂમત તળે આવ્યો. ચીનની મુખ્ય ભૂમિથી આ બેટ કેવળ એક માઇલ જ અલગ હોવાથી લશ્કરી દૃષ્ટિએ અંગ્રેજોને સામે કાંઠે આવેલી કાઉલૂનની ભૂશિર ઉપર પણ અડ્ડો જમાવવાની જરૂર લાગી, અને તેથી ઇ. ૧૮૬૧માં કાઉલૂન વિસ્તાર પણ તેમણે મેળવ્યો. પછી તો ૧૮૯૯માં કાઉલૂનની ઉત્તરે આવેલો 'નવો વિસ્તાર' પણ તેમણે ૯૯ વર્ષના પટે મેળવ્યો. હૉંગકૉંગથી ૪૦ માઇલ પશ્ચિમે આવેલું મકાઓ નામનું સંસ્થાન તો આજે પૂરાં ચારસો વર્ષ થયાં પોર્ટુગીઝ સત્તા નીચે છે.

હૉંગકૉંગ દ્વીપ ઘણી રીતે મુંબાઇ શહેરને મળતો આવે છે. મુંબાઈ જેમ આખા પશ્ચિમ ભારતનું મુખ્ય બંદર છે, તેમ હૉંગકૉંગ પણ કેટલાં યે વર્ષોથી દક્ષિણ ચીનનું પ્રવેશદ્વાર છે. મુંબાઇ તથા હૉંગકૉંગના બંને બેટનો વિસ્તાર પણ લગભગ સરખો છે, અને કાઉલૂન તથા નવો વિસ્તાર મળીને હૉંગકૉંગની વસતિ પણ મુંબાઈની પેઠે ત્રીસેક લાખ જેટલી થવા આવી છે એમ જાણવા મળ્યું. ચીન ઉપર સામ્યવાદીઓનો પંજો પડ્યો ત્યારે લાખો નિર્વાસિતો સ્થળાંતર કરીને હાંગકાંગ આવેલા. મુંબાઈની જેમ હૉંગકૉંગમાં પણ પહાડો-ખડકો છે ને વિપુલ વનરાજિ ઉપરાંત ઘણે સ્થળે માટી પણ મુંબાઇની જેમ લાલ છે. અહીં પણ વર્ષાઋતુ મે માસથી સપ્ટેમ્બર સુધી ચાલે છે અને સારા પ્રમાણમાં વરસાદ પડે છે. આબોહવા મુંબાઇ કરતાં વધારે ઠંડી હોવાથી પપૈયાં, કેળ વગેરે ઉષ્ણ કટિબંધનાં વૃક્ષો ઉપરાંત પાઇન, સાઇપ્રસ તથા સીડર જેવાં વૃક્ષો પણ થાય છે.





ચીનની તળભૂમિ સામે આવેલો હૉંગકૉંગ ટાપુ, આજુબાજુના 'નવા વિસ્તાર' તથા બીજા ટાપુઓનો નકશો; જમણી બાજુ: ચીની વહાણ 'જંક.'



There is an elaborate system of typhoon warnings and special typhoon shelters have been built, for many people live in boats.

હૉંગકૉંગનો સાગરકિનારો સામાન્યરીતે તો ખડકાળ છે, પરન્તુ મુંબાઇની ચોપાટી તથા

પણમાં ચોમાસામાં બગીચામાં આવી 'બિલાડીની છત્રીઓ' ઊગેલી ઘણી જોએલી, પરંતુ તેનો સૂપ કાંઇ આજે ગળે ઊતરે તેમ નહોતો. પણ ચીની ભોજન લેવાનો નિરધાર અફર હતો, તેથી મીઠું-મરી મંગાવી સૂપમાં છૂટથી ભભરાવ્યાં ને દિવેલ પીતો હોઉં તેમ બિચાર ઘૂંટડા ગળે ઉતાર્યા. તે પછી ચીની વિશિષ્ટતા 'નૂડલ્સ' આવ્યાં. આપણી ઝીણી સેવ જેવાં. વેશ તો પૂરો ભજવવો જોઇએ, તેથી આસપાસ જમતા બીજા ચીની લોકોની જેમ મેં તથા મૉનાએ પણ 'ચૉપસ્ટિક્સ' (ખાવા માટેની ચીની સળીઓ) મંગાવ્યાં અને તેના વડે જ નૂડલ્સ ખાવા



વિક્ટોરિયા શિખરની ગોદમાં વસેલા હૉંગકૉંગનું સંધ્યાસમયનું રમણીય દૃશ્ય. નીચે: હૉંગકૉંગનું ચીનાબજાર

પ્રયત્ન કર્યો. હાથની પાંચ આંગળીએ ખાવા ટેવાએલાને છરીકાંટા પણ અડવા લાગે, ત્યાં આ સુંવાળા નૂડલ્સ 'ચૉપસ્ટિક્સ'માં તો શે પકડાય? ભરતગૂંથણ માટે વપરાતા સોયાથી સહેજ જાડી એ ચૉપસ્ટિક્સની જોડીને એક જ હાથની આંગળીઓ વચ્ચે પકડીને ચીની તેમજ જાપાની લોકો બહુ સિફતથી નૂડલ્સ તો શું પણ ભાતના નાના દાણાઓ પણ અત્યંત ચપળતાથી મોંમાં પહોંચતા કરે છે! સાધના તથા મહાવરાથી માણસ શું સિદ્ધ નથી કરી શકતો?

નૂડલ્સ ચાખી લીધાં એટલે પરચૂરણ શાક આવ્યાં. બીજાં શાકની સાથે એક મોટું લીલું મરચું, મશરૂમ તેમજ લીલા વાંસના ફણગા હતા. વાંસના બે ફણગાનો આસ્વાદ લઇને પછી વઘારેલો ભાત મંગાવ્યો. માખણ ગરમ કરીને તેમાં ભાત વઘારવાની તજવીજ એમને કરવી પડી હતી. એ ભાત પણ એક ચીની વિશિષ્ટતા છે. તેની સાથે સ્વાદ માટે સોયાબીનની પાતળી ચટણી પણ તાસકમાં આવી. ભાતને પણ ચૉપસ્ટિક્સથી ખાવા પ્રયત્ન કરી જોયો, પણ થોડી વાર પછી થાકીને ચમચીથી જ પૂરો કરવો પડ્યો. મૉનાબહેન મારી માફક શાકાહારી નહોતાં, એટલે તેમણે વધારામાં 'પક્ષીનો માળો' નામની પ્રસિદ્ધ ચીની વાનગી મંગાવીને ખાધી.

વહેલી સવારે બૅંગકૉકથી નીકળ્યા પછી આખા દિવસની રખડપટ્ટીથી થાકીને મોડી રાત્રે હોટેલ પર આવ્યો અને ભૂખ્યો હતો તેથી સાથે લાવેલા ખાખરા અને હલવો બહુ સ્વાદથી ખાઈને સૂતો. બીજા દિવસની સવાર હૉંગકૉંગ ટૂરના મૅનેજર શ્રી હૅમિલ્ટન ડિક સાથે પ્રવાસીઓની સગવડોની ચર્ચામાં ગાળી દસ વાગ્યા પછી ફરવા નીકળ્યા. હોનોલુલુ(હાવાઇ)માં ફ્રૂટ કૅનિંગની ફૅક્ટરી ચલાવતા શ્રી ઑગેન્સન તથા તેમનાં પત્ની અમારી સાથે થયાં. અમારો શૉફર-ગાઈડ જિમી પચ્ચીસેક વર્ષનો ચીની યુવાન હતો અને બહુ સારું પણ અમેરિકન સ્લૅંગવાળું (ઢબનું) અંગ્રેજી બોલતો હતો.

દુર્ભાગ્યે વરસાદ તથા પવનનું તોફાન હતું. આ વર્ષે બધે ચોમાસું લંબાયું હોઇ અહીં હજુ 'ટાઈફૂન' (ઝંઝાવાત) ચાલુ હતાં. અહીં ટાઇફૂનને તેના વેગ પ્રમાણે નંબર અપાય છે. આજે નવ નંબરનું ટાઈફૂન હતું. મોટર મોટી—નવી જ સ્ટૂડબેકર હતી તેથી વાંધો ન આવ્યો. વાહનોની ફેરી પર મોટર ચડાવી સામે કાંઠે બેટ પર આવ્યાં અને મુખ્ય માર્ગો, બૅંક ઑવ ચાઇના, હૉંગકૉંગ બૅંક, સુપ્રીમ કોર્ટ, સરકારી કચેરીઓ, રેડિયો રી-ડીફ્યુઝન સેન્ટર વગેરે જોઇને ટાપુના પહાડ પર જવાની ટ્રામના સ્ટેશને આવ્યાં. જિમી ગાડી લઈને મોટરરસ્તે ઉપર ગયો, જ્યારે ઑગેન્સન દંપતી અને હું ટ્રામમાં બેઠાં. આ ટ્રામ છેક ટોચ સુધી જાય છે તેથી તેને 'પીક ટ્રામ સર્વિસ' કહે છે. યુરોપ વગેરે સ્થળોએ હોય છે તેવી ફ્નીક્યુલર ટ્રામ છે. ટોચ પર જવાનું ભાડું જણ દીઠ ૬૦ સેન્ટ હતું. વચમાં ત્રણ ચાર નાનાં સ્ટેશન આવ્યાં. ઉપર ચડતાં ગયાં તેમ અમારી દૃષ્ટિમર્યાદા વધતી ગઈ. હૉંગકૉંગનું આખું બંદર, ખાડીમાંની સ્ટીમરો તથા ધુમ્મસના આવરણ વચ્ચેથી દેખાતી કાઉલૂનની ઝાંખી રૂપરેખા જોઇ શકાતી હતી. ટોચ ઉપર શાંતિથી બેસીને નીચેનાં દૃશ્યો જોઈ શકાય તે માટે 'પૅવીલિયન' બાંધેલો છે. આપણાં મલબાર હિલ તથા કમળા નેહરુ બાગ યાદ આવે જ.

જિમીએ પહાડ ઉપર બધે ફેરવ્યાં. સમસ્ત હૉંગકૉંગમાં પાકા ડામરના સુંદર રસ્તા છે અને તેમની બહુ સારી સંભાળ લેવાય છે. ઠંડી હવામાં લીલીછમ વનરાજિ વચ્ચે ફરવામાં આહ્લાદ આવ્યો. ચોપાસ પ્રશાન્ત મહાસાગરની છોળો હૉંગકૉંગનું પાદ-પ્રક્ષાલન કરતી





આજનું હૉંગકૉંગ વસ્યા પહેલાંનું ઈ. ૧૮૪૫નું દૃશ્ય.

જુહુ જેવી 'રીપલ્સ-બે બીચ,' 'શેક-ઓ-બીચ' તથા 'સ્ટૅન્લી બીચ' પણ અહીં છે, જ્યાં રજાને દિવસે સેંકડો લોકો સાગરસ્નાન માટે ઊભરાય છે. હૉંગકૉંગ ટાપુ, કાઉલૂન તથા 'નવો વિસ્તાર' મળીને કુલ ક્ષેત્રફળ ૩૯૧ ચોરસ માઈલ થાય છે.

૨૮મી સપ્ટેમ્બરે બપોરે અમારું ઍર-ઇન્ડિયાનું વિમાન હૉંગકૉંગના કાઈ-ટક વિમાની મથકે ઊતર્યું. વિમાન ઊતરવાની ઍર-સ્ટ્રિપ ટૂંકી છે તથા આસપાસ પહાડો આવેલા છે તેથી સુપર કૉન્સ્ટેલેશન જેવાં મોટાં વિમાનો અહીં ઊતરતાં નથી. ચોમાસાના દિવસોમાં ઘણી વાર અહીં મોટું વાવાઝોડું (ટાઈફૂન) થાય છે, તેવે વખતે અહીં આવતાં વિમાનોને મનીલા કે બીજે સ્થળે ઉતારે છે.

હૉંગકૉંગ ટૂર કંપનીના શ્રી સચીનવાલા વિમાની મથકેથી મને મીરામાર હોટેલ પર લઇ ગયા. આખી હોટેલ ઍર-કન્ડિશન્ડ ને બધાં આધુનિક સુખ-સાધનોથી સજ્જ હતી. હૉંગકૉંગની હોટેલોમાં 'રી-ડીફ્યુઝન' પદ્ધતિથી દરેક ખંડમાં સ્પીકર દ્વારા બ્રૉડકાસ્ટ થતો કાર્યક્રમ સાંભળી શકાય છે. વિમાની મથક તથા મીરામાર તેમ જ જાણીતી પેનિન્સ્યુલા હોટેલ કાઉલૂન વિસ્તારમાં છે અને નૅથાન કૅન્ટોન-રોડ, જૉર્ડન રોડ વગેરે જેવા મોટા રસ્તાઓ તથા જંગી દુકાનો ને રેસ્ટોરાં પણ ત્યાં છે. ખરીદી માટે હૉંગકૉંગ કરતાં કાઉલૂન સસ્તું છે.

કાઉલૂન અને હૉંગકૉંગ વચ્ચે એકાદ માઈલનું અંતર હશે. દરિયાનું તોફાન અહીં સૌથી ઓછું નડે તેમ હોવાથી અહીં જ હૉંગકૉંગનું બંદર વિસ્તર્યું છે અને દેશ-વિદેશનાં સંખ્યાબંધ વહાણો અહીં માલ-સામાન ચડાવતાં ઉતારતાં નજરે પડે છે. કાઉલૂન તથા બેટ વચ્ચે ફેરીની બે બહુ જ નિયમિત સર્વિસ છે: એક 'સ્ટાર ફેરી' ઉતારુઓ માટે, અને બીજી વાહનો માટે. ઉતારુઓનું ભાડું માણસ દીઠ ઉપલા વર્ગના વીસ સેન્ટ અને નીચલા વર્ગના દસ સેન્ટ; વાહનો માટે મોટર દીઠ ત્રણ હૉંગકૉંગ ડૉલર તથા માણસ દીઠ વીસ સેન્ટ. (હૉંગકૉંગ-ડૉલર આપણા આશરે તેર આના=૮૩ નયા પૈસા જેટલો થાય.)

બપોર પછી તુરત હું ફેરીમાં હૉંગકૉંગ બેટ જવા નીકળ્યો. અહીં બ્રિટિશ હકૂમત હોવાથી ભાષાની મુશ્કેલી ન પડી. ફેરી ઝડપથી ઉતારુઓને લઇ જાય છે. દર દસ મિનિટે બંને બાજુથી ફેરી ઊપડે છે: ભીડના સમયે તો દર પાંચ મિનિટે. ખાડીમાં લાંગરેલી મોટી સ્ટીમરો અને નાના મછવાઓ સાથે ચીનની લાક્ષણિક 'જંક' નૌકાઓ જોવા મળી. જંકનો સઢ વિશિષ્ટ પ્રકારનો હોય છે. એક સળંગ સઢને બદલે તેના સઢને લાકડાની ચીપો વડે જુદાજુદા વિભાગમાં વહેંચી નાખેલો હોય છે. મુખ્ય સઢની આસપાસ એકએક નાનો સઢ પણ હોય છે. જંકનું તળિયું સપાટ હોય છે. નાનાં હોડકાંને સમ્પાન કહે છે.


હૉંગકૉંગ બેટનો મુખ્ય વસતિવાળો વિસ્તાર વિક્ટોરિયા શહેરના નામે ઓળખાય છે. ઘણીખરી વ્યાપારી પેઢીઓ ત્યાં આવેલી છે. બેટના લોકો તથા વિસ્તાર પર યુરોપી ઢબની સ્પષ્ટ અસર છે, જ્યારે કાઉલૂન વિભાગ શુદ્ધ ચીની શૈલીનો રહ્યો છે. મારી પરિચિત વેપારી પેઢીઓનો સંપર્ક સાધીને સાંજ પડ્યે કાઉલૂન પાછો આવ્યો. હૉંગકૉંગમાં પાણીની બહુ ખેંચ છે. ફક્ત સવાર-સાંજ બબ્બે કલાક નળમાં પાણી આવે છે. હોટેલ પર આવી નાહીને Y.M.C.A.માં ઊતરેલાં મુંબાઈનાં મિત્ર શ્રીમતી મૅાના બક્ષી સાથે ખરીદી કરવા નીકળ્યો.

હૉંગકૉંગ ખરીદી કરનારાઓનું સ્વર્ગ કહેવાય છે. અહીં દારૂ તથા તમાકુ સિવાય બીજી કોઇ પણ વસ્તુ ઉપર બિલકુલ જકાત નથી, તેમજ વિદેશી ચલણ ઉપર પણ અંકુશ નથી, તેથી દુનિયાના ઘણાખરા દેશોનો માલ અહીં બહુ જ સસ્તે મળે છે; પણ ખરીદી કરનાર ચતુર ન હોય તો અહીં ભાવ તેમજ માલમાં થાપ ખાવાનો પણ સંભવ છે.

પ્રવાસ દરમ્યાન દરેક દેશનાં વિશિષ્ટ રીતરીવાજો અનુસાર રહીને ત્યાંના લોકોનો સીધો સંપર્ક સાધવાના વિચારે આવ્યો હોવાથી અહીં ચીની ઢબનું ભોજન લેવા મૅાનાબહેન મને નૅથાનરોડ પર લઇ ગયાં. લોકો તથા વાહનો બેશુમાર હતાં અને રંગબેરંગી દીવાઓથી રસ્તો ઝાકઝમાળ હતો. પ્રાચીન ચીની પ્રકારના દીપકો(લૅન્ટર્ન)ની સાથોસાથ અમેરિકન શૈલીનાં નીઑન લાઈટ્સ ઝળહળતાં હતાં. અનેક દુકાનો તથા ઉપહારગૃહોને વટાવી અમે લાક્ષણિક ચીની ભોજનગૃહ 'કાઉલૂન-રેસ્ટોરાં'માં આવ્યાં. ભીડ ઘણી હતી, પણ અમારા બે સિવાય બધા જ ચીની લોકો હતા. ખાવાની વાનગીઓ ઉપરાંત અહીં દારૂ પણ છૂટથી લેવાતો હોઈ ઘોંઘાટ પણ બહુ હતો. અમને માંડ એક ટેબલ મળ્યું. વેઈટર (પરિચારક) મેનુ (વાની-પત્રક) લઈ આવ્યો. તેમાં તો ચાર પાનાં ભરીને ચિત્રવિચિત્ર ચીની નામો લખેલાં હતાં. આખા એશિયામાં ચીની લોકો ખાવાના સૌથી શોખીન ગણાય છે. તેઓ અનેકવિધ પશુ-પક્ષીઓ અને નાના જીવ, તેમજ બધા પ્રકારની માછલીઓ તથા દરિયાઈ પ્રાણીઓ ખાય છે. શાકાહારી ખોરાકમાં પણ કિસમકિસમની વનસ્પતિ તેઓ ઉપયોગમાં લે છે!

વિવિધ માંસાહારી ખોરાક તથા દારૂની દુર્ગંધ વચ્ચે એક સુગાળ શાકાહારીની શી સ્થિતિ? પ્રાણાયામનો પ્રયાસ કરીને શ્વાસ દબાવી હું બેઠો અને મારે યોગ્ય શાકાહારી વાનગીઓની પસંદગી માટે મૅાનાબહેનની સલાહ લીધી. તેઓ પણ મૂળ હૉલૅંડનાં અને પહેલી જ વાર હૉંગકૉંગ આવ્યાં હોવાથી તેમને મન પણ પેલું વાની-પત્ર ગ્રીક-લૅટિન બરાબર હતું. નિરુત્સાહી ન બનતાં અમે રેસ્ટોરાંના સંચાલકને બોલાવ્યા અને આડકતરીરીતે પણ બિનશાકાહારી વસ્તુ ન આવી જાય તેવી તકેદારી રાખી વિશુદ્ધ શાકાહારી વાનગીઓ સૂચવવા તેમને જણાવ્યું. બહુ સહાનુભૂતિપૂર્વક તે સાંભળી રહ્યા અને મારે માટે ખાસ બે-ચાર ચીજ જુદી બનાવી લાવવા સંમત થયા. પરંતુ તે માટે આ 'મઘમઘતા' વાતાવરણ વચ્ચે બીજી વીસ મિનિટ તપસ્યા કરવી પડી! તે દરમ્યાન જતા-આવતા ચીની ગ્રાહકોના તાલ જોતા અમે બેઠા.

સૌ પ્રથમ મશરૂમ્સ(બિલાડીના ટોપ)નો સૂપ આવ્યો. બાળ-




હાંગકાંગ બંદરની પશ્ચાદ્‌ભૂમા આવેલી ૧૭૭૪ ફૂટ ઊંચી વિક્ટોરિયા ટેકરીને છાઇને તેના ઢોળાવો પર સુંદર વસવાટો યોજાયા છે.

હતી. પહાડની લાલ માટી પણ પીટની સુંદરતામાં વધારો કરતી હતી. હૉંગકૉંગ જેટલું રમણીય નગર એશિયાભરમાં બીજું ભાગ્યે હશે.

ટોચેથી વળાંક લેતાં નીચે ઊતર્યાં. આ માર્ગે શ્રીમંત ચીની લોકોના બંગલા આવેલા છે. નીચે 'હૅપી વૅલી' નામનો સુઘડ રહેઠાણનો વિસ્તાર છે અને તેથી આગળ રેઈસ-કોર્સ છે. તેથી પણ આગળ જઇને અમે વિખ્યાત 'ટાઈગર-બામ પાર્ક' પર આવ્યાં. આખા યે અગ્નિ-એશિયામાં વાઘ છાપનો બામ અત્યંત પ્રસિદ્ધ છે. તેના બનાવનાર તથા વેચનાર ચીની વેપારી શ્રી ઑ બૂન હૉ એના ધંધામાં કરોડપતિ બન્યા. તેમણે પુષ્કળ પૈસા ખરચીને આ ઉદ્યાન બંધાવ્યો છે. જિમીના કહેવા અનુસાર આ ચીની શાહુકારે ખોટી નોટો છાપીને આટલું અઢળક ધન ભેગું કરેલું, અને પછી લોકોની સહાનુભૂતિ તથા વાહવાહ મેળવવા આ કૌતુક-બાગ બંધાવ્યો હતો. સોએક ફીટ ઊંચી એક ટેકરી ઉપર બધે ચિત્રવિચિત્ર મૂર્તિઓ, ચીની પુરાણો તથા દંતકથાઓના પ્રસંગો, પશુ-પક્ષીઓ, કાલ્પનિક પ્રાણીઓ, બુદ્ધની મૂર્તિઓ, બધાંનો ખીચડો કર્યો છે. બધી કારીગરી પણ બહુ નીચી કક્ષાની છે અને મૂર્તિઓ પણ ઢંગધડા વિના ગમેતેમ રંગેલી છે. કથા-પ્રસંગો તેમજ પ્રાણીઓનું શિલ્પ પણ હલકા શોખનું જણાયું અને આખો બાગ બહુ બાલિશ તથા અત્યંત અરુચિકર લાગ્યો. ઉદ્યાન વચ્ચે એક ઊંચો ચીની શૈલીનો પૅગોડા છે અને પાસે જ એ શ્રીમંતનો એક મહેલ પણ છે. જિમી ખટપટ

હૉંગકૉંગ બંદર તથા વિક્ટોરિયા શહેરને સામે કાંઠે ચીનની તળભૂમિમાંથી ફૂટી આવેલો દેખાતો કાઉલૂનનો દ્વીપકલ્પ



કરીને અમને તે મહાલયમાં લઇ ગયો. મકાન સારીરીતે શણગારેલું છે અને અંદર ઘણા સુંદર કલાના નમૂનાઓ છે,—નાનું સંગ્રહસ્થાન જ કહેવાય. જેઈડ પથ્થરોની મૂર્તિઓનો તેનો સંગ્રહ એ તેની વિશિષ્ટતા ગણાય છે. બહુ રસપૂર્વક અમે તે બધી મૂર્તિઓ જોઇ.

ત્યાંથી નીકળી 'રિપલ્સ-બે' પર આવ્યાં. અહીં સાગરકાંઠે સુંદર બીચ (ચોપાટી) છે. સામે આવેલી ઉમદા 'રિપલ્સ-બે હોટેલ'માં અમે બપોરનું ભોજન લીધું અને પાછા વળતાં ઍબર્ડીન નામનું માછીઓનું ગામ જોયું. હજારો લોકો અહીં વહાણોમાં જ રહે છે અને તેમને 'તરતી–વસ્તી' કહે છે. નાના મછવાઓ તો સેંકડોની સંખ્યામાં હતા.

રાત્રે નવ વાગ્યે હૉંગકૉંગ ટૂર કં.ના શ્રી ડિકસન કાઉલૂનનું ચીની નાટક બતાવવા લઈ ગયા, પરંતુ શનિવારની રાત હોવાથી બધી જ ટિકિટો ખપી ગઇ હતી. તેથી ફેરી પર મોટર ચડાવી બેટ પર આવ્યા. અહીં પણ બે ટિકિટ માંડ મળી. મુંબાઈમાં થોડા સમય પર લાલ ચીનના કલાકારોએ વિખ્યાત પેકિંગ-ઑપેરા ભજવેલું તે જોયું હતું. અહીંનું સ્ટેઈજ ગોળ ફરતું (રિવૉલ્વિંગ) હતું અને બધાં પાત્રો ઊંચી કક્ષાનાં લાગ્યાં. નાટકની કથા તરીકે એક ઐતિહાસિક પ્રસંગ હતો: ચીનના એક સમ્રાટને મારી નાખીને તેનું રાજ્ય પડાવી લેવાનું કાવતરું તેના સાળાએ રચ્યું હતું એવી વાત હતી. નાટકનાં પાત્રો જ કવિતામાં આખો સંવાદ ગાતાં હતાં, પરંતુ પોતાના સ્વાભાવિક અવાજને બદલે તીણો અવાજ કાઢીને બોલતાં હતાં. ભાષાના અજ્ઞાનને લીધે બધો વાર્તાલાપ તો ન સમજાયો, પરંતુ શ્રી ડિકસન અવારનવાર અગત્યનો પાઠ સમજાવી જતા. વાદ્યકારો સ્ટેઈજની બહાર પ્રેક્ષકોની આગળ બેઠા હતા, તેમની પાસે જઈને બધાં વાદ્યો જોઈ આવ્યો. તેવાં વાયોલિન, સૅક્સોફોન, વિદ્યુત્–ગિટાર, બેત્રણ નગારાં, નાનું લાકડાનું ઢોલ તથા મોટાં ઝાંઝ હતાં. તે બધાં સંવાદ–કવિતાને અનુસરતાં હતાં. પણ મને તેમનું સંગીત જરાક કર્કશ તથા ઘોંઘાટમય લાગ્યું. પાત્રોના વેષ પ્રાચીન ચીની ઢબના, ચળકતા રેશમી સાટીનના હતા અને તેમની શિર-ભૂષા પણ વિવિધ પ્રકારની હતી. મારા અપવાદ સિવાય બધા જ પ્રેક્ષકો ચીની હતા, એટલે જોધપુરી કોટમાં હું વાદ્યકારોને મળી આવ્યો તેથી ઘણાના કુતૂહલનો વિષય થઇ પડ્યો. પ્રેક્ષકોમાં આઠ દસ વર્ષનાં બાળકો હતાં તે પણ બધાં ખૂબ રસપૂર્વક નાટક જોતાં હતાં. અમે બે અંક જોઈને બહાર નીકળી આવ્યા.

મધરાત થવા આવી હતી, છતાં શ્રી ડિકસન મને 'બ્લૂ-હેવન' નાઇટ કલબ પર લઇ ગયા. ત્યાંથી એક 'કૅબેરે' (Cabarete) પર આવ્યા, જ્યાં ચીની ચા પીધી: લીલાં પાંદડાંની બહુ સાદી ને નરમ, અને તેમાં મોગરાની સુવાસ નાખેલી. સામાન્યરીતે તો સ્વાદ વિનાનું ગરમ પાણી પીતા હોઇએ એમ જ લાગે! રાત્રે એક વાગ્યે શ્રી ડિકસન હૉંગકૉંગ બેટના પહાડની ટોચ પર લઈ ગયા. નીચે આખા યે શહેરના અગણિત દીપકો ઝળહળતા હતા. મોટા રાજમાર્ગો પર નીઓન લાઈટસની ભભક હતી. આકાશ તદ્દન સ્વચ્છ હતું અને કૃષ્ણપક્ષની દશમ હતી તેથી ઉપર આકાશમાં નવલખ તારાઓનો ચંદરવો સામે કાઉલૂનના દીવાઓ સાથે ટમટમતો હતો. પૂર્વમાંથી મૃગશીર્ષ ધીમેથી ઉપર આવી રહ્યું હતું. જાણે પરીઓના પ્રદેશ જેવું દૃશ્ય હતું. મલબાર હિલ પરથી દેખાતો મરીન-ડ્રાઇવનો 'ક્વીન્સ નેકલેસ' (રાણીનો હાર) અને ચામુંડી-ટેકરી પરથી દેખાતા મ્હૈસૂરના દીવાઓનું દૃશ્ય યાદ આવ્યું. રાત્રે હોટેલ પર આવતાં દોઢ વાગી ગયો.

ત્રીસમીએ સવારે કાઉલૂન વિસ્તાર તથા 'ન્યૂ ટેરિટરીઝ' (નવો વિસ્તાર) જોવા નીકળ્યા. આજે વળી ન્યૂ યૉર્કના ડૉક્ટર મીનર્સી તથા સાનફ્રાન્સિસ્કોનાં કુ. હૅંડા સાથે હતાં. 'નવા વિસ્તાર'માં







→(૧)ટાઈગર-બામપાર્કમાં આવેલો 'ટાઈગરપૅગોડા'–'હૅા-પાર વિલા'નો મુખ્ય સ્તૂપ; (૨) સામ્યવાદી ચીનમાંથી હૅાંગકૅાંગ આવેલાં હજારો નિર્વાસિતો પૈકીનું (નાનકડી કોટડીમાં રહેતું) એક ચીની કુટુંબ; (૩) માછીમારોનું ગામડું 'ઍલન ડીન'. (ફોટો : લેખક પોતે)

લાખો નિર્વાસિતો સામ્યવાદી ચીનમાંથી આવીને વસ્યાં છે. હવે તો નવાં નિર્વાસિતોના આગમન ઉપર પ્રતિબંધ છે. તેમની ચાલો તથા ઝૂંપડાં જોયાં. બધે જ નાનાં બાળકોનાં ટોળાં હતાં. સાવ નાનાં બાળકોને તો ચીની સ્ત્રીઓ પીઠ પાછળ જ બાંધીને ફરે છે. તેમ કરવાથી સ્ત્રીના બંને હાથ કામકાજ માટે તદ્દન છૂટા રહે અને સાથોસાથ બાળકની સંભાળ પણ લેવાય. તિબેટ તથા હિમાલયના પ્રદેશોમાં પણ આ જ રીત છે. કાઉલૂન તથા નવા વિસ્તારમાં અહીં ઘણાં કારખાનાં પણ થયાં છે અને થોડાં વર્ષોમાં તો હૅાંગકૅાંગ કદાચ વ્યાપારી કેન્દ્રની સાથોસાથ ઔદ્યોગિક નગર પણ બને તો નવાઇ નહિ. આ વિસ્તારમાં ચીની શૈલીનાં બૌદ્ધ મંદિરો પણ ઘણાં છે.

હૅાંગકૅાંગમાં ત્રણ દિવસ રહ્યો તેમાં આ અત્યંત રમણીય સંસ્થાનની નૈસર્ગિક શોભા, જગતના વેપાર-ઉદ્યોગમાં તેનું વિશિષ્ટ સ્થાન તેમજ ચીની લોકોની સંસ્કૃતિ તથા રીતરીવાજોનો થોડો પરિચય મળી ગયો. અહીં સૃષ્ટિ-સૌંદર્ય તથા વૈજ્ઞાનિક સુખ-સાધનોનો સુંદર સુમેળ દેખાયો. પહેલી ઑક્ટોબરે ઍર ઇન્ડીઆના કૉન્સ્ટેલેશનમાં હૅાંગકૅાંગ છોડતાં મનમાં કાંઈક રંજ જરૂર થયો.

જાપાન

ઍર-ઇન્ડીઆનું વિમાન ચીની સમુદ્ર ઉપર થઇને ઈશાન દિશામાં વળ્યું. ઊગતી ઉમરથી જ આ ઊગતા સૂર્યના દેશ વિષે ઘણું સાંભળ્યું હતું. કામાકુરાના મહા-બુદ્ધ, જાપાની સ્ત્રીઓના રંગબેરંગી કિમોનો, હિમાચ્છાદિત ફ્યૂજી યામા, મોટા કેશ-કલાપવાળી ગેઈશા અને ચેરી પુષ્પોનાં ઝૂમખાં આંખ આગળ તરવરવા લાગ્યાં. ત્યાંના મિત્રોને મળવાની આતુરતા પણ વધી ગઇ.

અમારા વિમાનમાં જ ભારતના ઉપ-રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાધાકૃષ્ણન્ જાપાનની વિધિસરની મુલાકાતે આવતા હતા. સાડા અગિયારે ટોકિયોના હાનેડા વિમાની મથકે પહોંચ્યા ત્યારે વરસાદ ઝરમર ઝરમર પડતો હતો. કસ્ટમ્સ વગેરેની વિધિ પતાવી નિપ્પોં એક્સપ્રેસના શ્રી યામાગાટાની મોટરમાં શહેરમાં આવતાં દોઢ વાગી ગયો. ટોકિયો સ્ટેશન પાસે જ મોખરા પર આવેલી મારૂનોચી હોટેલમાં છેક ઉપરના નવમે માળે સરસ ઍરકન્ડિશન કમરો કાઢી આપ્યો હતો.

શરૂઆતનું એક અઠવાડિયું ટોકિયોમાં રહીને બીજા બાર દિવસ જાપાનની અંદરના બીજા પ્રદેશો તથા સ્થળોએ ફરી આવ્યો. જાપાન છોડતાં પહેલાં બીજા ચાર દિવસ ટોકિયોમાં રહ્યો. આમ જાપાનમાં કુલ ૨૩ દિવસ રહેવા મળ્યું. એશિયાના બીજા દેશોની સરખામણીમાં જાપાનના લોકોનું જીવન ઘણું જ વ્યવસ્થિત અને નિયમિત છે. તેમજ અત્યંત વિનયી અને સૌજન્યપૂર્ણ છે. ગામેગામ બધાં મિત્રોએ જાપાની સંસ્કૃતિ, રીતરિવાજો, કલા-કૌશલ્ય તેમજ ઉદ્યોગોનો અભ્યાસ કરવા માટે ખૂબ જ પરિશ્રમ લઇને ખાસ વ્યવસ્થા કરી આપી હતી.

૧૩૦ થી ૧૫૦ અંશ રેખાંશ વચ્ચે પથરાએલા આ દેશને ઊગતા સૂર્યનો દેશ કહે છે તે નામ અનુરૂપ છે. ભારતના સમય કરતાં જાપાનનો સમય સાડા ત્રણ કલાક આગળ છે. જાપાનના લોકો પોતાના દેશને નિપ્પોં કહે છે. દુનિયાના ઘણા દેશોનાં આમ બે નામ હોય છે. એક તેનું આંતરરાષ્ટ્રીય નામ અને બીજું તે દેશના લોકો પોતાના વ્યવહારમાં વાપરે તે. આપણો દેશ આંતરરાષ્ટ્રીય વ્યવહારમાં અંગ્રેજી 'ઇંડિયા' નામથી ઓળખાય છે અને આપણે ત્યાં ભારત, હિંદુસ્તાન એવાં ઘણાં નામે સંબોધીએ છીએ. એવાં બીજાં પણ ઘણાં ઉદાહરણ છે: સ્વિટ્ઝર્લૅન્ડનું નામ હેલ્વીશીઆ, જર્મનીનું ડૉઈશલૅન્ડ, સ્વીડનનું સ્વેરીએ, ફિનલૅન્ડનું સુઓમી, ઇજિપ્તનું મિસર, સિલોનનું લંકા, સિયામનું થાઇલૅન્ડ, પર્શિયાનું ઇરાન, હૅાલૅન્ડનું નેધરલૅન્ડ વગેરે.

નિપ્પોં (જાપાન) બહુ વિશાળ દેશ નથી. તેનું કુલ ક્ષેત્રફળ ૧,૪૨,૩૪૩ ચો. માઇલ છે. મુખ્યત્વે તે ચાર દ્વીપોમાં વહેંચાએલો છે. ઉત્તરનો હોકેઇડો, મધ્યનો હોંશુ ને દક્ષિણના ક્યુશુ તથા શિકોકુ. આવડા દેશનો પણ ઘણો ભાગ પહાડી છે, જેમાં ઘણા તો ઠંડા પડી ગએલા જ્વાળામુખી છે. અવારનવાર ધરતીકંપ પણ થાય છે. (અનુ. પૃ. ૩૫૯મે)

દેશના બુદ્ધિધન તથા ઉચ્ચ કક્ષાના માનવીઓનો ભોગ લેતો અને એકાએક તથા અકાળે પ્રાણ હરતો રોગ

હૃદયશૂળ

'ઍન્જાઈના પેક્ટોરિસ' અને
'કૉરૉનરી થ્રૉમ્બૉસિસ'

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

[માંદગીનાં મૂળનો ૨૮મો હપતો]

હમણાંહમણાંના 'હાર્ટફેઇલ'થી થતાં મરણોના સમાચાર બહુ જાણવા મળે છે. એકાએક, અણધાર્યાં અને અકાળ થતાં મરણોના સમાચાર સાંભળી આપણે ભયચકિત થઇએ છીએ. કેટલાકના દેહાન્તની વાત તો સાચી માનવા પણ આપણી માનસિક તૈયારી નથી હોતી. અગાઉથી તેના માંદા–સાજાની કશી ખબર પડતી નથી. તબિયત લથડવા બાબતનો ઇશારો પણ ન હોય એવા સાજામાજા દેખાતા માનવીના, સભામાં ભાષણ કરતાં, ઠોકર વાગીને પડી જતાં, મળત્યાગ કરતાં, મિત્રને ત્યાં નિરાંતે વાતો કરતાં, યા મુસાફરી વેળા કે લગ્નની મહેફિલમાં બેઠાંબેઠાં જ એકાએક હૃદય બંધ પડવાથી પ્રાણ ગયાના સમાચાર સાંભળી આપણે આઘાત અનુભવીએ છીએ. આ રોગનું વધતું જતું પ્રાબલ્ય, દેશના બુદ્ધિધન અને ઉચ્ચ કક્ષાના માનવીઓના લેવાતા ભોગ અને અગાઉથી ચેતવણી આપ્યા વિના પ્રાણ હરી લેતા હુમલાના પ્રકારથી–તેની આવી અસામાન્ય ભયાનકતાથી કેટલાંકનાં મન એવાં તો હલબલી ઊઠે છે કે રખે ને પોતાને યે હૃદયવિકાર હોય, એ જાણવા દાક્તર પાસે દોડી જાય છે.

ત્રીસ-ચાળીસ વરસ પહેલાં આવાં મરણ ઘણાં ઓછાં હતાં તે આજે સામાન્ય થયાં છે. જાનવરના ઝેરી દંશ કે અકસ્માત વિના થતાં અકાળ મરણોમાં 'હાર્ટ ફેઇલ્યોર' આજે મોખરે છે.

એ 'હાર્ટ ફેઈલ' એટલે શું? હાર્ટ ફેઇલ=હૃદયનું ધબકતું બંધ થવું તે. હૃદય કામ કરતું બંધ થાય એટલે પ્રાણ જાય એ તો સૌકોઈ જાણે છે. માણસ ગમે એટલો માંદો હોય છતાં હૃદય બંધ ન પડે ત્યાં સુધી એનું મરણ થતું નથી. કોઈ પણ રોગાવસ્થામાં છેક છેલ્લું હૃદય બંધ પડે ત્યારે જ પ્રાણ ગયાનું ચોક્કસ થાય છે. પણ હાર્ટ ફેઇલમાં હૃદય પહેલું બંધ પડે છે. બીજી કોઈ રોગાવસ્થાના પરિણામે નહિ પણ એના પોતાનામાં જ ખટકો આવી પડતાં તે કામ કરતું અટકી પડે છે.


માનવદેહ એટલે અનેક અવયવોનો સમૂહ–મગજ, ફેફસાં, કલેજું, બરોળ, ગુરદા, આંતરડાં, જ્ઞાનતંત્ર, લોહીની નળીઓ ને હૃદય. આ દરેક અવયવ એકબીજાના સંબંધમાં રહીને પોતાનાં કામ ઉપાડી માનવ દેહને જીવંત રાખે છે. આ બધા અવયવોને લોહી દ્વારા પોષણ મળવાથી જ તેમનો ઘાટ જળવાઇ રહે છે ને એમની કામગીરી સારી રીતે થાય છે. એ લોહીને આખા શરીરમાં ફરતું રાખનાર હૃદય છે.

શરીરની ડાબી બાજુએ, છાતીના પોલાણમાં, બે ફેફસાંની વચ્ચે હૃદય આવેલું છે. એ માંસનો એક પોલો અને ચાર ખાનાં યા પડદાઓ વાળો લોચો છે. એનાં કદ અને આકાર માણસની પોતાની મૂઠી જેવડાં જ હોય છે. તે સતત ધબકયા કરે છે. રાત ને દિવસ, ઘડી ને પળ, આપણે ઊંઘતા હોઇએ કે જાગતા, મજૂરી કરતા હોઈએ કે આરામમાં, પણ તે વણથંભ્યું, થાક ખાવા કે મરામત માટે થોભ્યા વિના, અવિશ્રાંત અને અવિરામ ધબકયા જ કરે છે. તે માંદું હોય તો પણ, ક્વચિત્ થોડી સેકંડો વિના તેનું કામ બંધ પડતું નથી. દરેક ધબકારા પછી તે ક્ષણમાત્ર થોભી પોષણ ને આરામ મેળવી લે છે. તેના ધબકવાની આ ક્રિયા જિંદગીની સાથે શરૂ થઇ છેલ્લા શ્વાસ સુધી ચાલ્યા કરે છે. મિનિટમાં ૭૦ થી ૮૦ વાર, દિવસભરમાં ૧,૦૪,૦૦૦ વખત, સિત્તેર વર્ષની આયુર્મર્યાદામાં ત્રણ અબજ વખત એકધારું, તે ધબક...ધબક...ધબક...ધબક ધબકયા જ કરે છે.

આ ધબકારાના જોરે હૃદયમાંથી લોહી, લોહીની નળીઓ દ્વારા, ઊંચે ઠેઠ માથાથી માંડીને નીચે પગની આંગળીઓના છેડા સુધી, શરીરના ખૂણેખૂણે અને રુંવેરુંવે પહોંચી વળે છે. લોહી વાટે જ શરીરના કોષોને પ્રાણવાયુ અને પોષણ પૂરાં પડે છે. વળી શરીરમાં પેદા થએલાં

વિષ અને વ્યયદ્રવ્યો પણ લોહીમાં જ ઠલવાય છે જે ગુરદા અને ફેફસાં દ્વારા શરીર બહાર ફેંકાઈ જાય છે. આમ જિંદગી કે મોત એ હૃદયની કામગીરીના આધારે જ છે.

વણથંભ્યાં કામ ઉપડતા આ હૃદયની માંસપેશીઓ અતુલ શક્તિશાળી અને પુષ્ટ છે. એની સખત કામગીરી અનુસાર એને પોષણ પણ અધિક જોઈએ, જે એને લોહી દ્વારા મળે છે. આ માટે હૃદયની માંસપેશીમાં એકબીજા સાથે જોડાએલી પુષ્કળ લોહીની નળીઓ આવેલી છે, જે વાટે શરીરના લોહીના કુલ જથ્થાનો વીસમો ભાગ હૃદયની માંસપેશીઓને પોષણ અને પ્રાણવાયુ પૂરાં પાડે છે. આ લોહીની નળીઓને ડાબી અને જમણી એમ બે 'કૉરૉનરી આર્ટરી' (ધમની)ની શાખાઓ તથા પ્રશાખાઓ છે. જ્યાં સુધી લોહીની આ નળીઓ સાબૂત હોય અને લોહીમાં પૂરતાં પોષણતત્ત્વો હોય ત્યાં સુધી હૃદય



બરાબર કામ ઉપાડે છે. પણ ઉપરની બે બાબતોમાંથી એકમાં પણ જો ઊણપ આવે તો હૃદયની કાર્યક્ષમતા ખોટકાય છે. પરંતુ આ નળીઓની એકાદ બે શાખામાં પણ જેવું રોધન (occlusion) થયું, યા તો રક્તક્ષયને લીધે લોહી નબળું પડવાથી પૂરતું પોષણ મળતું અટક્યું, યા તો ફેફસાંના રોગથી પ્રાણવાયુ અપૂરતો મળવા માંડ્યો, કે તરત જ હૃદયની માંસપેશીઓની કામગીરીમાં ખટકો આવી પડે છે.

આપણા શરીરમાં હૃદય અત્યંત જરૂરી અવયવ છે. એને ઇજા પહોંચાડનાર બે બાબતો છે: એક તો ચેપ અને બીજી ક્ષીણકારી ઘટનાઓ (degenerative processes).

ચેપી રોગોમાં વાત-રોગ અને સિફિલિસના ચેપો મુખ્ય છે. બાળકો અને જુવાનોને મુખ્યત્વે વાત-રોગને લીધે જ હૃદયવ્યાધિ થઈ આવે છે; પણ આવો રોગી સારી સારવાર અને સંભાળ હોય તો છેક વૃદ્ધાવસ્થા લગી પહોંચી જાય છે. સિફિલિસનો ચેપ પણ યોગ્ય ઉપચારથી મટી જાય છે. ઉપચાર જો વખતસર ન મળે તો આ રોગને લીધે હૃદયમાં બગાડો થાય છે.

બધાં જોખમો વટાવીને ઉમરે પહોંચેલો માનવદેહ કાળના વહેવા સાથે, ઘસારા અને બોજાની અસરો નીચે ક્ષીણકારી ફેરફારો પામતો જ જાય છે. વાળ ધોળા થાય છે, કેટલાકને તાલ પણ પડે છે, ચામડીની કરચલીઓ વળે છે, આંખમાં મોતિયો આવવાથી ઝાંખું દેખાય છે, કાને ઓછું સંભળાય છે અને સાંધાઓ અક્કડ બને છે. પિસ્તાલીસ-પચાસની ઉમરની આસપાસ સ્ત્રીઓમાં અડકાવ બંધ થાય છે, જેને પરિણામે કેટલીક સ્ત્રીઓમાં મેદ-વૃદ્ધિ થાય છે. પણ પુરુષોમાં વૃદ્ધત્વના આવા ક્ષીણકારી ફેરફારો મોડા અને ધીમા થાય છે, અને એમનામાં આ ફેરફારો ખાસ કરીને શરીરની ધમનીઓ (શુદ્ધ લોહીની નળીઓ) તથા હૃદય, ફેફસાં અને જ્ઞાનતંત્રમાં થાય છે.

ધમનીઓ (આર્ટરીઝ) એ માંસપેશીઓની બનેલી નળીઓ છે. હૃદયની પેઠે શરીરની આ ધમનીઓની માંસપેશીઓ પણ સતત કામગરી રહે છે, કેમકે એને સતત લોહી વહ્યા જ કરવાનું હોય છે. આથી એમનું અંદરનું પડ કાયમ લોહીના દબાણની સીધી અસર નીચે રહે છે. પરિણામે, ઉમર વધતાં એને ઘસારો પહોંચે એ સ્વાભાવિક છે. એ ઘસારાના લીધે એ પડમાં ક્ષીણકારી ક્રિયા શરૂ થાય છે, જે 'ઍથેરોમા' (Atheroma)ના નામે ઓળખાય છે. એમાં કેટલીક જગ્યાએ ચરબી જમા થવાથી લોહીનો પ્રવાહ રૂંધાય છે, તો કેટલીકમાં વળી એની સપાટી ખરબચડી બનતાં લોહી એકાએક જામી જઇને તેનો પ્રવાહ વહેતો બંધ થાય છે. આ ક્ષીણકારી ક્રિયા અંદરના પડમાંથી આગળ વધીને પછી વચલા પડખામાં ને છેવટે માંસપેશીમાં જાય છે. આર્ટેરીઓ સ્ક્લેરૉસિસ (Arterio Sclerosis) નામે ઓળખાતી આ ક્ષીણકારી ક્રિયાની અંતિમ સ્થિતિમાં તો પછી આ મૃદુ ને સ્થિતિસ્થાપક ધમનીઓ કેટલીક જગ્યાએ કઠણ બની જાય છે. છતાં, આ સ્થિતિમાં પણ હૃદયને રુધિરાભિસરણની પોતાની કામગીરી તો નભાવવી જ પડે છે, ને તેમ કરવાના પ્રયત્નમાં લોહીના ઊંચા દબાણની સ્થિતિ ઉત્પન્ન થાય છે.

આર્ટેરીઓ સ્ક્લેરૉસિસની દશા કોઈક ધમનીમાં વધારે થાય છે તો કોઈકમાં થોડી. શરીરની સપાટી પર દેખાતી આવી ધમની વાંકીચૂંકી ને કઠણ દેખાય છે. વળી વ્યક્તિવ્યક્તિએ ધમનીમાં સ્થાન પણ જુદાં રહે છે. મોટી ધમનીમાં આર્ટેરીઓ સ્ક્લેરૉસિસની સ્થિતિ આવી પડે તો લોહીના વહનમાં ખાસ વાંધો પડતો નથી; પણ હૃદયની, પગની, ગુરદાની, મગજની કે આંખની કોઈ નાની ધમની કે એની એકાદ શાખામાં જો આ દશા આવી પડે તો ભારે પીડા ઊભી થાય છે. આર્ટેરીઓ સ્ક્લેરૉસિસનો આ રોગ સ્ત્રીઓ કરતાં પુરુષોને વધારે થાય છે અને કોઈક પુરુષમાં બીજાના કરતાં તે વહેલો પણ થાય છે.

નાની ધમનીઓમાં વધતી જતી આ ઍથેરોમાની દશાનો ભારે બોજો હૃદયની કૉરોનરી આર્ટરીઝ (ધમનીઓ) પર પડે છે. આ વખતે એક કે બંને સાંકડી બનેલી ધમની, જ્યાં સુધી માણસ આરામમાં રહેતો હોય ત્યાં સુધી તો તેના હૃદયને પૂરતાં પોષણ અને પ્રાણવાયુ પૂરાં પાડે છે, પણ જ્યારે તે કામમાં હોય ત્યારે તે હૃદયની માંસપેશીની માગને પહોંચી વળવા જેટલું લોહી પહોંચાડી શકતી નથી. પરિણામે હૃદયને જરૂરિયાત કરતાં ઓછું લોહી મળે છે. આ વખતે શું થાય છે? છાતીની મધ્યમાં, હાડકાં નીચે, જીવ અદ્ધર રાખે એવી ને ભીંસાવાની તીક્ષ્ણ વેદના થાય છે. જે ડાબા હાથના અંદરના ભાગમાં, બંને હાથના અંદરના ભાગમાં, અને હાથની આંગળીઓ સુધી પહોંચે છે. કદીક આ વેદના પેટમાં, બોચીમાં, જડબાં ભણી અગર તો બરડા ભણી શમી ઊતરે છે. વેદના એવી તો તીક્ષ્ણ ને તીવ્ર હોય છે કે રોગી માણસ શરીરને જરા પણ હાલવા દેતો નથી. ભોગજોગે જો ચાલતાં ચાલતાં રસ્તામાં વેદના ઉપડી આવે તો રોગી છાતી પર હાથ દબાવી રાખી પથ્થરની જેમ સ્થિર ઊભો રહી જાય છે. રોગી જ્યારેજ્યારે હૃદયને જોર પડે એવું કામ ઉપાડે અથવા તો કૉરોનરી આર્ટરીઝ હૃદયને જોઈતું લોહી પૂરું પાડી ન શકે ત્યારેત્યારે આવી વેદના ઊપડી આવી, તેને થંભવી દઈ સ્થિર કરી રાખે છે. વેદના થોડી મિનિટમાં (વધારેમાં વધારે ત્રીસ મિનિટમાં) મટી તો જાય છે, પરંતુ પછી જ્યારે પણ રોગી પગથિયા કે ટેકરો ચડવા ને વજન ઊંચકી કામ કરવા જાય છે ત્યારેત્યારે તરત વેદના ડોકિયું કરે છે. આ છે હૃદયશૂળનો વ્યાધિ. એનું એકમાત્ર ચિહ્ન વેદના છે, જે હૃદયમાં તો નથી વરતાતી, પણ છાતીના ઉપલા ભાગમાં ને ડાબા હાથના અંદરના ભાગમાં દેખા દે છે. આ રોગાવસ્થાનું નામ છે ઍન્જાઈના પેક્ટોરિસ (Angina Pectoris). ઍન્જાઈના એટલે વેદના, પેક્ટૉરિસ એટલે છાતી.

રોગી આરામમાં કે ઊંઘમાં હોય તે વખતે આવી તીવ્ર વેદનાભર્યું હૃદયશૂળ ઊપડે એ સ્થિતિનું નામ કાર્ડિયાક ઇન્ફ્રૅકશન (Cardiac Infraction). આમાં ધમનીમાં લોહી જામતું હોવાથી તેને કૉરૉનરી (થ્રૉમ્બૉસિસ Coronary Thrombosis) પણ કહે છે. આ વખતે કાં તો વચલું પડ એકદમ ફૂલવાથી કે ત્યાં લોહી જામવાથી મુખ્ય કૉરૉનરી, ધમની કે એની શાખાની નેળ બંધ થઈ જાય છે. પરિણામે ધમનીમાં લોહી ફરતું બંધ થાય છે.

મુખ્ય કૉરૉનરી ધમનીમાં જો આવું બને તો તો તાત્કાલિક મૃત્યુ જ આવી પડે છે. આવે વખતે તો વેદના થવાનો પણ વખત રહેતો નથી. આપણા સાંભળવામાં આવતાં અણધાર્યાં મોત થવામાં મોટું કારણ આ કૉરૉનરી થ્રૉમ્બૉસિસ જ હોય છે. પરંતુ આવો બગાડો જો ધમનીની કોઈ શાખામાં થયો હોય તો રોગી હુમલાના આઘાતમાંથી બચી તો જાય છે, પણ એ ઘડીભર માટે તો અસહ્ય વેદનાનું દૃશ્ય ખડું થાય છે. સંપૂર્ણ આરામ ને શામક દવાઓની મદદથી હુમલામાંથી ઊગરી જઇને ઘણા પુરુષો (સ્ત્રીઓમાં આ રોગ ઘણો ઓછો થાય છે) આરોગ્યભર્યું જીવન ગુજારી શકે છે. પણ વચ્ચે એકાદ કૉરૉનરી ધમની સાંકડી થઈ જવાથી કામ કરતાં હાંફ કે ઍન્જાઇના-વેદના થઈ આવે છે, અને ત્યારે થ્રૉમ્બૉસિસનો બીજો હુમલો થવાની પણ વકી રહે છે. પરંતુ એકંદરે આ રોગ અંગે નિરાશાભર્યું વલણ રાખવાની જરૂર નથી. વૃદ્ધ કરતાં યુવાન રોગીને આમાંથી બચવાની આશા વધારે છે. હુમલા પછી રોગી દસ કે વધારે વર્ષ જીવી શકે છે.

રૂંધાએલી ગમગીની, પાકી ઉમર ને સખત કામ કૉરૉનરી થ્રૉમ્બોસિસના હુમલામાં પરિણમે છે. છાતી નીચે અસહ્ય પીડા સાથે ઊબકા-

ઊલટી સતાવે છે. કપાળ અને શરીર પર પરસેવો થાય છે. શરીર બરફ જેવું ઠંડું બને છે. નાડી ઝડપથી ચાલે છે. સરદાર વલ્લભભાઈ ઉપર હૃદયરોગનો પ્રથમ હુમલો થયો એ વખતનું ડૉ. સુશીલા નય્યરનું વર્ણન આનો ખયાલ આપવા માટે આબેહૂબ છે: "અમે ભોજન કરવા બેઠા ને તે (સરદાર) ખાતા નહોતા. મને તેમનો ચહેરો અસ્વસ્થ દેખાવા લાગ્યો. ક્ષણભર તો મને લાગ્યું કે તેઓ બેચેન થઈ જાય એવું તો મારાથી કશું બોલાયું નથી ને? પણ તેમનો ચહેરો નિહાળતાં તેમના કપાળ પર પરસેવાનાં બિંદુઓ બાઝેલાં મને દેખાયાં, અને તેમના હોઠ વાદળી રંગના થઈ ગએલા જણાયા. 'આપને ઠીક નથી લાગતું?' એમ મેં એમને પૂછ્યું ત્યારે હૃદયના સ્થાને તેમણે પોતાનો હાથ દબાવ્યો. હૃદયની નળીમાં લોહી નહિ જવાના રોગનું આ આબેહૂબ ચિહ્ન હતું."


કૉરોનરી થ્રૉમ્બૉસિસ વખતે તાત્કાલિક રામબાણ ઔષધ મોરફિયા યા પેથીડીનનું ઈન્જેકશન છે. આ ઇન્જેકશન માટે જનતામાં (અને ખુદ દાક્તરોમાં પણ) ખોટી સમજ ને વહેમ પ્રચલિત છે. એનાથી જ રોગીના પ્રાણ જતા હોવાનો ખયાલ પ્રવર્તે છે. પણ પ્રાણ જવાનું કારણ તો હૃદયરોગ જ હોય છે.

દવાના જેટલી જ અગત્ય સારવારની છે. રોગીને સંપૂર્ણ આરામ –મન અને શરીરનો–હોવો જોઇએ. એને ઝાડોપેશાબ પથારીમાં જ કરાવવાં. ખોરાક પ્રવાહી અને સૂતાંસૂતાં જ આપવો. રોગીએ આપમેળે વારંવાર પડખાં બદલવાં નહિ, પણ સારવાર કરનારે એનાં પડખાં દિવસમાં ત્રણચાર વાર બદલાવવાં. વજ્ર કે પથ્થર સમું કઠોર, ને ફૂલ જેવું કોમળ, મીણ જેવું પોચું ને રાક્ષસ સમું ભીષણ, વગેરે હૃદયને લગતી પ્રચલિત ઉપમાઓની પાછળ વ્યક્તિના જ્ઞાનતંત્રનું બળ કામ કરી રહેલું હોય છે. આવી માઠી અસરો ઉપજાવનાર અને મનને ક્ષુબ્ધ કરનાર દૈનિક સમાચારપત્રો તથા નવલકથાઓ વાંચવાની પણ દરદીને સખ્તર મનાઈ છે. રોગી તેમજ તેનાં સગાંવહાલાંએ આરામનું મહત્ત્વ જાણવું ને આચરવું અત્યાવશ્યક છે કુટુમ્બીઓએ અવારનવાર થોડા વખત પૂરતા જ રોગી પાસે બેસવું. અન્ય જોવા આવનારાંઓને રોગીની સમીપ આવવા ન જ દેવાં. આ કથન પાછળનું મહત્ત્વ જો દરેક જણ સમજે તો પછી તેમને રોગીથી અલગ બેસાડવામાં આવે ત્યારે માઠું કે અપમાન ન લાગે. કૉરોનરી થ્રૉમ્બૉસિસ વખતે એકથી દોઢ માસના આવા પથારીના આરામની જરૂર છે.

જીવનનો આંક અને ચોખ્ખાઈનું ધોરણ સુધરવાથી તેમ જ અકસીર ઔષધોની શોધખોળોના પરિણામે ગલેરિયા, ક્ષય, મરડો, કૉલેરા ને પ્લેગ જેવા અગાઉના ચેપી રોગોથી થતી મરણસંખ્યામાં ઘણો ઘટાડો થયો છે, ને ઈંગ્લંડ અમેરિકા જેવા આગળ વધેલા દેશોમાં તો એ આંક ઘણો નીચો ઊતર્યો છે, જ્યારે હૃદયરોગો ને કૅન્સરથી થતાં મરણોનો આંક ઊંચો ચડયો છે. હિંદમાં પણ આ જ દશા છે.

હૃદયરોગોમાં મહાભયાનક તો 'કૉરોનરી' રોગ જ છે. ઇંગ્લંડમાં આ રોગથી થતાં મરણોની સંખ્યા આ રહી: ૧૯૨૬માં દસ લાખે ૪૮, ૧૯૩૯માં દસ લાખે ૪૭૩ અને ૧૯૪૯માં દસ લાખે ૯૯૩! ત્રીસ વર્ષમાં વીસ ગણો વધારો! કલકત્તામાં આ રોગથી થએલાં મરણની સંખ્યા ૧૯૩૦માં દસ લાખે ૧૫, ૧૯૪૦માં દસ લાખે ૪૧·૯ અને ૧૯૫૦માં દસ લાખે ૧૧૬ હતી: વીસ વર્ષમાં મરણસંખ્યામાં આઠ ગણો વધારો! આ જ રીતે મદ્રાસના આંકડા પણ ૨૫થી ૩૦ ગણી મૃત્યુસંખ્યા દર્શાવે છે. આ તો રોગથી થએલાં માત્ર મૃત્યુનો જ આંકડો છે, પણ આ રોગાવસ્થા ભોગવી રહેલાનો આંકડો તો કેટલોયે મોટો હોવાનો સંભવ છે.

હૃદયની લોહીની નળીઓ સાંકડી બનવાથી કૉરોનરી થ્રૉમ્બૉસિસ થાય છે. લોહીની નળીઓ સાંકડી બનવાનું કારણ હમેશાં ઉંમર જ નથી



હોતી, કારણ કે લાંબું જીવનાર, ઘણા વૃદ્ધોની કૉરોનરી ધમનીઓ તદ્દન સાબૂત માલૂમ પડી છે. પણ લોહીની નળીઓમાં ચરબી જમા થવાથી તો તે અવશ્ય સાંકડી બને છે.

ચરબી જમા થવાના કારણરૂપ ખોરાકનાં બે તત્ત્વો છે: એક તો 'કોલેસ્ટેરોલ' અને બીજું 'ચરબી'. વનસ્પતિ તેલો તથા માખણ કરતાં માંસની ચરબી અને ઘી–મલાઈના આહારથી લોહીની નળીઓમાં વધારે બગાડો થાય છે. આવો જ બગાડો કરનાર જમાવેલાં વનસ્પતિ તેલો (વેજીટેબલ ઘી) છે. પ્રાણિજ ચરબી—એટલેકે ઈંડાં, માખણ, મલાઈ, ઘી, દૂધ વગેરે 'કોલેસ્ટેરોલ'વાળાં તથા ચરબીયુક્ત ખાદ્યો છે. આ છે આપણો 'પૌષ્ટિક' ખોરાક! ફળો, શાકભાજી, કઠોળ અને દાળોમાં એનો અભાવ છે. વળી પ્રોટીનયુક્ત ખોરાક વધારાના 'કોલેસ્ટેરોલ'નો નાશ કરનાર પણ છે. યુદ્ધ દરમિયાન અમેરિકાના સૈનિકોનું હૃદયના હુમલાથી થતાં મરણોનું કારણ જાણવા યોજાએલી તપાસમાં નક્કી થયું છે કે ઇંડાં દૂધ ને ચરબીવાળા પદાર્થો વધુ પ્રમાણમાં લેતા અમેરિકનો કરતાં ફક્ત ચોખા તથા પ્રોટીનભરપુર બાજરી ને સોયા બીન પર નભતા ચીનાઓમાં આ રોગનું પ્રમાણ અલ્પ છે. વળી, 'કોલેસ્ટેરોલ' પચવામાં પણ વ્યક્તિ પરત્વે ફેર રહે છે. આ પદાર્થથી લચલચતો ખોરાક ખાવા છતાં યે ઘણા માણસોના લોહીમાં એનું પ્રમાણ સમધારણ રહે છે, જ્યારે એના અભાવવાળો ખોરાક ખાનારાઓમાં એનું જરા વધારે પ્રમાણ પણ પ્રાણઘાતક નીવડે છે! પણ સરવાળે આ બાબતમાં એટલું કહી શકાય કે કૉરોનરી લોહીની જન્મગત પાતળી નળીઓ, વધારાના કોલેસ્ટેરોલને બાળવાની વારસમાં મળેલી શક્તિ, ને પ્રોટીનવાળો ખોરાક, આ ત્રણ બાબતો સાથે કુદરતની કૃપા હોય તો મલાઈ-માખણ ને ચરબી-ભરપુર પદાર્થોનો આહાર હોય છતાં યે તાજગીભરી વૃદ્ધાવસ્થા પસાર થાય છે.

ઇંગ્લંડ, ઇટલી, જાપાન, ફિન્લૅન્ડ, સ્પેન, સ્વીડન, દક્ષિણ આફ્રિકા ને અમેરિકાના કેટલાક દેશોમાં ડૉ. કેઇઝ(Keys)અને એમના સાથીઓએ લોકોના આહાર તથા કૉરોનરી વ્યાધિ વચ્ચે સંબંધ જાણવા કરેલી શોધખોળોના અંતે જાણવા મળ્યું છે કે પુષ્કળ ચરબીવાળો ખોરાક સૌથી વધુ અમેરિકામાં ખવાય છે ને ત્યાં કૉરોનરી વ્યાધિનું પ્રમાણ પણ અધિક છે. આ પછી ક્રમમાં આવતા દેશો કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ ને સ્કૅન્ડિનેવિયા છે. જાપાનીઓ ચરબીમાંથી ફક્ત દસ ટકા કૅલરી મેળવતો આહાર લે છે, ને ત્યાં કૉરોનરી વ્યાધિ નથી. આહારવિષયક સંશોધનોના અંતે ડૉ. કેઇઝનું કથન છે કે 'ઘણા દેશોમાં કૉરોનરી વ્યાધિનું પ્રમાણ વધવાનું કારણ સમૃદ્ધ આહાર, ચરબીયુક્ત માંસ ને પ્રાણિજ પદાર્થો તથા તળેલી વાનગીઓ છે.

હૃદયશૂળનો રોગ આટલો બધો વ્યાપક બનવાનાં કારણોની તપાસમાં બે બાબતો સ્પષ્ટ થાય છે: (૧) એ ગરીબ કે ભૂખે મરતા લોકોનો રોગ નથી; અને (૨) નિશ્ચિતતા ને નિરાંતનું જીવન જીવનારાઓને પણ

આ રોગ થતો નથી. બીજી રીતે કહીએ તો શહેરનું ધમાલિયું ને સમૃદ્ધ જીવન જીવનારા આ રોગનો ભોગ વધુ થઈ પડે છે.

'થોડું કામ અને ખાવાનું પુષ્કળ' એ સમૃદ્ધ જીવનની એક વ્યાખ્યા છે! વધારે ખાવાથી શરીરના વજનમાં પુષ્કળ વધારો થાય એ સ્વાભાવિક છે; પણ જો ભૂખે મરવાથી ચેપી રોગો ને રક્તક્ષયનો ભોગ બનાય છે તો અત્યાહારથી લોહીનું દબાણ, મધુપ્રમેહ ને હૃદયરોગો થાયછે. એટલે માનવીમાત્રે કામકાજના પ્રકાર અનુસાર ખાવાનું પ્રમાણ જાળવવું જોઇએ. મજૂરી કરનારની હરીફાઈમાં બેઠાડુ જીવન ગાળનાર ખાવા માંડે તો શરીર પર એની માઠી અસરો થયા વિના રહે નહિ.

હૃદયરોગને કેટલાક ધંધા સાથે પણ સંબંધ હોવાનું પુરવાર થયું છે. શરીરશ્રમ કરતાં બુદ્ધિગમ્ય ધંધો કરનારા ને ઉચ્ચ જીવનધોરણવાળા(ઉદ્યોગપતિઓ, વકીલો, દાક્તરો, બૅંક મૅનેજરો, હિસાબી કારકુનો વગેરે) લોકો આ રોગનો વધારે ભોગ થઈ પડે છે. માટે તો આને પશ્ચિમમાં 'મૅનેજરનો રોગ' (મૅનેજર્સ ડિઝીઝ) કહેવામાં આવે છે. એમનો વધુપડતો માનસિક બોજો અને સંવેદનાની વધારે અસરો એના કારણરૂપ છે; અને સાથે, સ્થિતિ સુખી હોવાથી, ચરબી–માંસાદિ સમૃદ્ધ ખોરાક સાથે જીવન શ્રમ વગરનું અને બેઠાડુ હોય છે.

વળી વાહનો દ્વારા વધેલી અવરજવરની ઝડપની અસરો પણ શરીર પર થયા વિના રહેતી નથી. ગીચ વસતિવાળા શહેરમાં વીસ મિનિટ સુધી મોટર ચલાવ્યા બાદ લોહીનું દબાણ તથા નાડીનો વધેલો આંક ત્રીસ મિનિટ પર્યંત કાયમ રહેતો હોવાનું સ્ચઅટ્ઝે વર્ણવ્યું છે; તો પછી હમેશાં જ મોટરમાં ફરનારા તથા આંખના પડદા પર ઝડપથી બદલાતી છબિઓની અસરો મન ઉપર ઝીલનારાઓના હૃદયની શી ગતિ થતી હશે! સાથેસાથે અવાજો ને ઘોંઘાટની શરીર પરની માઠી અસરો પણ વિચારવાની છે. મોટરો ને વાહનોના ખખડાટ, ભૂંગળાં ને ઘંટડીઓના રણકારા, ફેરીઆઓના બૂમાટા, રાજકીય પક્ષો ને હડતાલિયાના નાદો ને બીજા કર્કશ અવાજો જ્ઞાનતંતુ દ્વારા હૃદય ને લોહીની નળીઓ પર માઠી અસરો ઉપજાવે છે. રશિયામાં અજમાવાતી લોહીના દબાણની ઉપચારપદ્ધતિ જાણવાથી અવાજની માઠી અસરોનો સચોટ ખયાલ આવશે. ત્યાં લોહીના ઊંચા દબાણવાળા રોગીને અવાજ પ્રવેશી ન શકે એવી પેટીમાં કેટલાક દિવસો પર્યંત રાખવાથી દવાઓ સિવાય લોહીનું દબાણ નીચું ઉતારવાની રીત અખત્યાર કરવામાં આવે છે!

હૃદયની લોહીની નળીઓ સાંકડી બની હોય ત્યારે લાગણીના આઘાતો પણ થ્રૉમ્બૉસિસનો હુમલો આણવામાં કારણભૂત બને એવા છે. આઘાતો આ જમાનામાં કાંઈ નવા નથી. અત્યંત માઠા કે હર્ષના સમાચારો, સ્વજનનું મૃત્યુ કે કોઈ મહત્ત્વાકાંક્ષાના ચૂરા, આ સૌ લાગણી ઉશ્કેરનારા બનાવો છે. એ તો અગાઉ પણ હતા અને અત્યારે પણ છે; પરંતુ બન્યું છે એવું કે આજે આપણે એમને જીરવવાની શક્તિ ખોઈ બેઠા છીએ. એટલે આજે વિશેષે જરૂર તો છે સંસારની દશે દિશાના વાતા વાયરાને જીરવી શકે એવી ખડતલ મનની કેળવણીની.

મનની કેળવણી સાથે રોગીએ પોતાની મર્યાદાઓ પણ જાળવવાની છે. ચાળીસની ઉંમર બાદ સહેલાઇથી પચે એથી વધારે ખાવું ન જોઇએ. વળી રોજિંદા ખોરાક કરતાં ભારે પૌષ્ટિક ખોરાક પણ ન ખાવો. અકરાંતિયાપણે ભારે ખોરાક ખાવો એ હૃદયના હુમલાને આમંત્રણ રૂપ છે. જોકે કદીક હોજરી એવી ઉદાર બને છે કે જે કાંઈ ખાઇએ તે પચી જાય છે; પણ એટલે તો વધારે ખાવાનું ઉત્તેજન મળે છે, પરિણામે તે અનિવાર્ય બને છે. શરીરનું વજન વધે છે. ચરબી પેટમાં જમા થતાં પેટની ફાંદ વધે છે. વજનમાં વધારો થતાં કેડની પહોળાઈ વધે એ પણ આરોગ્ય માટે ભયપ્રદ છે. જાણે ઘંટીનાં પડ માથે મૂક્યાં હોય એમ પોતાનું વધારાનું વજન માણસે ઊંચકવું પડે છે ને એનો બોજો હૃદયને વહોરવો પડે છે. માટે આવશ્યક પ્રમાણ કરતાં વધારે કૅલરીવાળો ખોરાક ન જ ખાવો. પ્રોટીન તથા કાર્બોહાઇડ્રેટ કરતાં ચરબીથી વધારે કૅલરી મળે છે માટે પહેલાં ચરબી ને પછી પ્રોટીન ખોરાકની પસંદગીમાં તકેદારી રાખવી. રોગીએ ઘી, મલાઇ ને મિષ્ટાન્ન ખાવાં છોડી દેવાં. દૂધ પણ મલાઈ ઉતારી લીધેલું વાપરવું. વળી શારીરિક શ્રમ હોય તો જ ખોરાકની વધારે કૅલરી પચે છે. અગાઉ શ્રમભર્યું કામ ન કર્યું હોય તે પિસ્તાળીસની ઉંમર બાદ કૈં ઓછું જ મહેનતનું કામ ઉપાડનાર છે? અને જો કદાચ ઉપાડે તો ઉલટું હૃદયને નુકસાનકારક નીવડે છે. પચ્ચાસની વય બાદ ફક્ત ચાલવાની કસરત જ લાભદાયી છે.

જુવાન સ્ત્રી પુરુષો પરિણીત જીવનની જે મઝા માણે તે આ વળતી ઉંમર માટે વર્જ્ય છે. તેમાં યે વૃદ્ધ પતિનો યુવાન પત્ની સાથેનો વિલાસાનંદ 'કાર્ડિયાક ઈન્ફૅક્શન'માં પરિણમ્યા વિના રહેતો નથી. આવું જ ધંધા અંગેની શારીરિક તથા માનસિક તાણનું છે. વીસપચ્ચીસની ઉંમરે જે જોમ અને જુસ્સાથી કામ થાય તે કૈં પચ્ચાસે થઇ શકવાનું છે? માટે એ ઉંમરે બધી પ્રવૃત્તિ આયાસ વિનાની હોવી જોઇએ. ટ્રેન પકડવા દોડવું નહિ. દાદરા ઉપર ધબધબ ઉતાવળા ચડવું નહિ. શ્રમભર્યું કામમાત્ર છોડી દેવું. હાંફ ચડે એવું કામ ન કરવું. તમાકુ ને દારૂનાં વ્યસન છોડી દેવાં. ખાધા બાદ અરધાક કલાકનો આરામ આવશ્યક છે. છાતીમાં વેદના ઊપજે કે તરત સૂઈ જવું. સંપૂર્ણ આરામ જાળવવો. મન પ્રફુલ્લિત હોય ત્યારે જ કામધંધા અંગે વિચારવું. શહેરના અવાજ તથા ઘોંઘાટની માઠી અસરોથી બચવા દિવસના થોડા કલાક, અઠવાડિયાના થોડા દિવસ, મહિનાનું એક અઠવાડિયું ને વરસના થોડાક મહિના કોઈ શાંત સ્થળે ચાલ્યા જવું. સવારના એક કલાક આત્મ-નિરીક્ષણ માટે રાખવો. આનાથી મનનો ખળભળાટ શાંત થાય છે. મનને કાબૂમાં રાખવાનું ખાસ શીખવાનું છે, જેથી સંસારના સારામાઠા પ્રસંગો પરત્વે તટસ્થ વૃત્તિથી જોતાં આવડીને, મનની શાંતિ અખંડ રહે છે. 'મન જીત્યું એણે જગત જીત્યું' આ કથન ચરિતાર્થ કરવાનું છે.

સર્વે સંજોગોમાં પ્રફુલ્લિત અને પ્રસન્નચિત્ત રહેવું. ઓછા દિલના બનવાથી ગમગીનીનાં ઝેર પેદા થાય છે. મનની ઉદ્વેગભરી સ્થિતિ વખતે હૃદયની કામ કરવાની શક્તિ પણ ઘટે છે. દિલગીરી ઊપજે કે તરત મનની પ્રસન્નતા મેળવવી. આ હકીકત બોલવા કે લખવા જેટલી સહેલી તો નથી, પણ લાંબા ગાળાની ટેવના પરિણામે તે પ્રાપ્ત થાય છે જ.

અનુસંધાન] અગસ્ત્યને પગલે... [પૃષ્ઠ ૩૫૫થી

ટોકિયોમાં શરૂઆતના બે દિવસ તો જુદીજુદી ટ્રાવેલ એજન્સીને મળવામાં તથાં બીજાં ધંધાદારી કામમાં વીતી ગયા, પણ બાકીના પાંચે દિવસ અનેક જાપાની મિત્રોની મુલાકાત તથા વિવિધ સાંસ્કૃતિક કેન્દ્રો જોવામાં ગાળી શકાયા. શરૂઆતમાં ટોકિયોનાં જાણીતાં સ્થળો જોઈ લીધાં. ટોકિયો જેમ આખા જાપાનનું કેન્દ્ર છે તેમ ત્યાંના સમ્રાટનો મહેલ તે ટોકિયોનું કેન્દ્ર કહી શકાય.

જાપાનના સમ્રાટને મિકાડો કહે છે. ગયા વિશ્વયુદ્ધ સુધી મિકાડો સાક્ષાત્ સૂર્યનો અવતાર ગણાતો અને એક દેવ જેટલું તેનું સન્માન થતું. દુનિયાના કોઈ પણ દેશમાં રાજાનો મોભો કે પ્રભાવ નહોતા તેટલા મિકાડોના હતા. અરે, જાપાનના લોકો સમ્રાટ સામે મીટ માંડીને દૃષ્ટિ પણ નહોતા નાખતા. ૧૯૪૫માં જાપાન શરણે થયું ત્યારે પણ તેમણે સમ્રાટનો મોભો જળવાય તેવી શરત મૂકી હતી. સમયના વહેણ સાથે સમ્રાટનું દૈવીપણું તો સરી ગયું છે, પણ હજુ યે જાપાની લોકોમાં મિકાડો પ્રત્યે ઘણું માન અને નિષ્ઠા છે. (ચાલુ)



શૌર્ય અને સાહસ તથા પ્રેમ અને માનવતાની સાગરકથા

સાગરસાવજ દેવો ધાધલ



લેખક 'સુકાની'

ભાગ પાંચમો

ખંડ ૧: નવ નગરીનો દેશ

વિક્રમની ઓગણીસમી સદીની પહેલી પચ્ચીસીમાં, મલયૂ દ્વીપકલ્પનો, મલક્કાવિષય સિવાયનો કોઈ મુલક હજુ પરદેશીઓને તાબે નહોતો થયો. કેવળ મલક્કાનો વિષય સંવત ૧૫૬૭થી સંવત ૧૬૮૭ સુધી ફિરંગીઓના તાબામાં, અને ત્યાર બાદ સંવત ૧૮૫૧ સુધી વલંદાના તાબામાં, અને આખરે અંગ્રેજોના તાબામાં ગયો હતો.

'અલખનાથ' અને 'અરબન્' મલયૂ પહોંચ્યાં, પણ મલક્કાથી દૂર નાંગર્યાં. એમના પર બલીનાં માણસો હતાં; ને મલક્કાના વલંદાઓ, એ બે વહાણ હાથમાં આવે તો, એને ભીંસી નાખવાની તક શોધતા હતા.

આ દેશની અંધાધૂંધીનો ધાધલ બરાબર ભોંયો હતો. એણે વલંદાઓને વધારે રોષ ઊપજે એટલા માટે વલંદા બંદરથી જરા દૂર, પડોશના બંદરમાં જ વહાણ નંગરાવ્યાં. બંદર હતું સુન્ગૈ ઉજોન, અને વિષય તે નેગરી સેમ્બિલન. સેમ્બિલન એટલે નવ. આ નવ નગરીનો દેશ! અહીંનો રાજવંશ શૈલેન્દ્ર વંશના ગૌરવમાં આજે પણ રાચે છે. એ શૈલેન્દ્ર વંશનું સામ્રાજ્ય સાત સૈકાઓ સુધી આખા પૂરવમાં ગાજી રહ્યું હતું.

વિક્રમ સંવતના આરંભમાં જ મલયૂ, સુમાત્રા, જાવા, બલી, કલિમન્થન, શલવેપી, મુઆંગથાઈ, ચમ્પા, કામ્બૂજ અને હાઈનાન ભારતીઓએ વસાવવા માંડ્યાં હતાં. આજે પણ ત્યાં ભારતીય સંસ્કૃતિ, સંપ્રદાય અને તત્ત્વજ્ઞાન પમરી રહ્યું છે. આ બબ્બે હજાર વર્ષના ઇતિહાસમાં સાત સદીઓ એવી ગઈ જ્યારે શૈલેન્દ્ર વંશી આ બાજુની આખી દુનિયા ઉપર સાર્વભૌમ રાજ્ય કર્યું. સંવત ૭૦૬ થી ૧૪૦૬ સુધી આ સામ્રાજ્ય મધ્યાહ્નના સૂર્ય પેઠે તપ્યું. એ શૈલેન્દ્રો દક્ષિણ ભારતના શોળમંડળ-(તમિળનાડ)માંથી અહીં આવ્યા હતા. એમણે બંગાળ સાથે ગાઢ સંબંધ બાંધી, તમિળ મીઠાશમાં બંગદેશનું માદક મધુ ભેળવ્યું હતું; અને એ મધુરતાથી આ બાજુની દુનિયાને છલકાવી દીધી હતી.

શૈલેન્દ્રોએ કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાંથી વાડિયાઓ, નાખવાઓ, કારીગરો અને વહાણવટીઓને બોલાવી પોતા ભેળા સમાવી લીધા હતા, અને શૈલેન્દ્ર ક્ષત્રિયોએ એ દેશમાંથી રાજકન્યાઓ પરણીને પોતાના લોહીમાં સંસ્કાર, મીઠાશ, મસ્તી, મર્દાનગી, ટેક, વટ, રાજનીતિ અને વાણિજ્યનું ખમીર ચડાવ્યું હતું.

નેગરી સેમ્બિલનનો રજવાડો શૈલેન્દ્રોનો વંશ છે. નવ નગરીના એ દેશમાં, ધાધલનો કાફલો વલંદાથી સલામત હતો. કાફલાએ લંગર નાખતાં જ મીનાંકબાહુ સેમ્બિલનાધિપતિ રાજા તુવાંકુ ઈબ્રાહીમે આ રાજવંશી નાખવાઓનું અને સોનલ રાણીનું સ્વાગત કર્યું.

ધાધલ અહીંથી મદુરે જવા ઊપડ્યો. નેમચંદ શેઠનો એક વર્ષનો વાયદો પૂરો થવા આવ્યો હતો. અજયપાળ અને કાકુલ અહીં રોકાયા.

ખંડ ૨: સમરથ કો નહિ દોષ ગુસાંઈ!

જ્યારે 'રાવળનાથ' ફરી સુરબાયા પહોંચ્યું, અને નેમચંદ શેઠને ખબર પડી કે એ કોઈ ધીંગાણામાં શામિલ થયું હતું અને દોઢસોએક થીનાઓને વેચવા લાવ્યું હતું ત્યારે એ બહુ જ નારાજ થયા. જ્યારે એમને વિશેષમાં સમાચાર મળ્યા કે અંતરિયાળમાં 'રાવળનાથ'ને કોઈ સુલગ્ગો નામના અગોચર બેટ ઉપર દેવો નાખવો લઈ ગયો હતો ત્યારે એમને કેધ પણ ચડચો. પરિણામે વર્ષની બંધણી પૂરી થયે, 'રાવળનાથ'ને જાવા સાગરમાં જ છૂટું કરવાનો એમનો નિશ્ચય થઈ ગયો હતો. ફરી જ્યારે એમને પાક્કે પાયે ખબર મળ્યા, કે બલીનાં મહારાણીએ દેવા ધાધલને 'અષ્ટકુલ રાજન્ રાજા લાઉત'ની પદવી આપી છે અને સાથે એક લાખ સોના મહોરે નવાજ્યો છે, ત્યારે દેવા ધાધલની 'ગિરાસિયાગીરી' તરફનો એમનો બધો ગુસ્સો ઊતરી ગયો. વેપારીની કલમ કેટલી શાહી બગાડે ત્યારે લાખ મહોરનો સાફી નફો દેખે છે એ નેમચંદ શેઠ સારી પેઠે જાણતા હતા. કેવળ બરછી ચલાવનારો દેવો ધાધલ રાજવીની પદવી, 'અલખનાથ' જેવું જુંગ અને ઉપર લક્ષ સુવર્ણ રોકડ લઈ આવે, એ એમના મનથી હવે બહુ આદરણીય લાગ્યું, એટલું જ નહિ પણ એમની જીભ ઉપર દેવો નાખવો હવે દેવરાજ ધાધલ બની ગયો. જીત્યો રાજપૂત, અને ખાટચો વાણિયો એ બેયની શાખ બહોળી હોય છે; હાર્યો રાજપૂત અને ખૂટ્યો વાણિયો એ બેયનાં નામ બુડે છે! ઘર ફાડે તે ચોર, અને ગઢ તોડે તે મીર, એ તો દુનિયા આખીની તવારીખમાં નોંધાયું છે.

દેવરાજ ધાધલને આવ્યો જોઈ, શેઠે ઊભા થઈ એનો સત્કાર કર્યો, એને પોતાની હવેલીમાં મહેમાન બનાવ્યો અને 'છેલ્લા બાર મહિના થયાં તમારી કીર્તિ સાંભળી અમે પ્રસન્ન થઇએં છીએં' એમ કહી વખાણ કર્યા. શેઠમાં આ પલટો જોઈ ધાધલ જરા અસમંજસમાં પડી ગયો. પછી આ પલટાનું કારણ સમજાતાં એ ખડખડાટ હસી પડચો.

'રાજન્ થાવું હોતનાં, શેઠ,' ધાધલે કહ્યું, 'તો અમારા બાપુએ કંથકોટ છોડચું ન હોત; અને લાખ સોનાંમહોર તો આજ પે'લાં કેટલી ય વાર ચાંચિયાઓનાં ભંડકમાંથી ખોદી કાઢી છે ને કેટલી ય વાર ધીંગાણામાં હારી પણ બેઠા છીએં.'

નેમચંદશેઠ પદવીના કાયલ ન હતા, પણ સોના મહોરની આમ તોછડાઈથી વાત કરનાર આ નાખવો જરૂર'ઈક ગાંડો છે એમ એમને ખસૂસ લાગ્યું; એટલે તુરત વાત બદલી અને ખબર આપ્યા કે 'રાવળનાથ' સુરબાયામાં તૈયાર ઊભું છે, એનું એક ભંડક મલક્કામાં પૂરું કરવાનું છે અને વીસેક દહાડામાં લંગર ઉપાડવાનું છે. નેમચંદ શેઠે બીજી પણ વાત કરી કે તિરુવન્કોડીના સાઠેક નાયરો પસર વનમાં શેરડીનાં વાવેતરમાં કુલીકામ કરે છે, દસેક માણસ મરી ગયાં સાંભળ્યાં છે, વલંદાઓ ગુલામ દીઠ રૂપાના ત્રણસો ગિલ્ડર માગે છે. વાત પૂરી કરતાં શેઠે કહ્યું કે નર્યા સિપાઈ માટે ૧૮૦૦૦ ગિલ્ડર ખરચવા વાજબી નથી, એટલે એ વાત પડતી મૂકવી પડી છે. બાકી જો પેલી બે નાયર કુંવરીઓ મળી હોત, તો જરૂર વાજબી દામ આપી અમે છોડાવી લેત. પણ દેવરાજ, એ બે છોડીઓની તો માઠી ખબર છે. કહે છે કે બે ય જણીઓએ ઉતાવળ કરી દરિયામાં ઝંપલાવ્યું છે અને ઘણુંખરું એ મરણ

મલક્કા—ચીન—ભારત

(ઈસ્વી ૧૪૦૦-૧૫૦૦)

મલક્કા શહેરના ઉત્તર ભાગમાં કલિંગ દેશના વેપારીઓ રહે છે. આ ભાગ શહેરનો સૌથી મોટો ભાગ છે. આ કલિંગો મોટે ભાગે પુલિકટથી આવ્યા છે અને અહીં કાયમના વતની બની રહ્યા છે. એ એવા તો સમૃદ્ધ છે કે એમને ત્યાં સોનું 'ભાર'થી મપાય છે. ('ભાર' એટલે આજના ૪૦૦ રતલ: ૧૯,૦૦૦ તોલા!) દરરોજ ત્રણચાર વહાણનો ખરાજાત માલ ખરીદી ન લે એવો વેપારી ત્યાં પૈસાદાર નથી ગણાતો!

અહીંનો વેપાર દુનિયા આખીમાં સમૃદ્ધ છે. મરીમસાલા, ખંભાતી કાપડ, બંગાળી કાપડ, પુલિકટનું કાપડ, અનાજ, કેસર, અફીણ, કાથો, પ્રવાલ, રાતું સીસું, પારો વગેરે ચીન જાય છે. અહીં લોહિત સાગરમાંથી, ગુજરાતમાંથી, મલબારમાંથી અને શોળમંડળમાંથી અનેક વહાણો આવે છે. મોલ્યુકસનાં લવંગ, બોર્નિયોનું કપૂર, બાંદાનાં જાયફળ-જાવંત્રી, તિમૂરનું રાતું સુખડ, ચીનનાં રેશમ, માટીકામનાં વાસણો, કૂજાઓ, જરીપટ્ટા, અતલસ, લોખંડ, સુરોખાર, રૂપું, મોતી, મંજૂસો, રંગેલા વીંઝણા ને રમકડાં ભરીને સ્વદેશ તરફ વહાણો પાછાં ફરે છે. આ વહાણોને જંગ કહે છે. (Duarte Barbosa and Castanheda—cited by Ferrand J. A. 11 : 11 (1918) pp. 407-8 and 11 : 12 (1918) p.p. 148-9) —'સુકાની'

પામી છે! આમ કહી નેમચંદ શેઠે વિવેક ખાતર નિસાસો મૂક્યો!

ધાધલે આ વાતનો કંઈ જવાબ ન આપ્યો અને રૂખસદ માગી. શેઠે 'અલખનાથ'ના ખબર પૂછ્યા, અને એ જંગ નેગરી સેમ્બિલનમાં છે એમ સાંભળી, ત્યાંથી કલાઈનાં પતરાં અને પછી કોરિમનથી ચાવલ ચડાવવાના છે કહી, ભાવ પડાવી, શેઠે જ ખંભાત સુધી બાંધી લીધું.

બરાબર એક મહિના પછી 'રાવળનાથ'ને મલક્કામાં હાજર કરવાનું કહી શેઠે દેવરાજને વિદાય આપી. નેગરી સેમ્બિલનમાં કલાઈ તૈયાર રાખવા માટે એક વાણોતરને એ તરફ રવાના કર્યો. દેવરાજે વાણોતરના હાથમાં એક ચિઠ્ઠી મૂકી. 'અમ્બન્' પિરાહુ લઈ તાબડતોબ સુરબાયામાં હાજર થઈ જવાનો એણે એમાં કાકુલને સંદેશો મોકલાવ્યો હતો.

ખંડ ૩: ખાખ ચોક

પુસર વન પાસે શેરડીનાં વિશાળ ખેતરો હતાં. પાસે મોટાં કોલુઓ હતાં અને નજદીકમાં જ જબ્બર ભઠ્ઠીઓ હતી. ખેતરોમાં સડેલાં માછલાંનાં ખાતર પુરાતાં હતાં. જબરદસ્ત કોલુઓ શેરડીનો રસ કાઢતાં હતાં અને ભઠ્ઠીઓ રસ ઉકાળતી હતી. ભઠ્ઠીઓમાંથી ભૂરી ખાંડ બહાર પડે એટલે ઢોરોનાં હાડકાંની રવા જેવી કરચમાંથી ખાંડ શોધાઈને કણીદાર 'જાવી' બનાવાતી હતી. કોલુઓ અને હાડકાં દળવાની અકેક ઘંટી એવડી જબ્બર હતી કે બબ્બે પાડાઓ પણ માંડ ખેંચી શકે; પણ પાડા કરતાં કુલીઓ સસ્તા હતા, એટલે એ બેય ઉપર ગુલામો જોતરાતા હતા! કન્યાકુમારી ઉપરના હલ્લામાં કેદ પકડાએલા નાયરોમાંથી સત્તાવન માણસો અહીં કોલુ ખેંચતા હતા; અગિયાર રિબાઈને આજ પહેલાં મરી ગયા હતા. બાકીનાને હવે ઢોર પેઠે જીવન પૂરું કરવાનું હતું, અને એક જ ભીષણ અને બિયાબાં ભાવિ નજર સામે હોવાથી બાર મહિનામાં તો લગભગ દરેક જણ ઢોર જેવો જ બની ગયો હતો.

એક દહાડો એમને કાને કોઈ અજબ આહ્લાદક અવાજ અથડાયો. કોલુઓના જોતરમાં બેવડાવેલી કાંધ ઊંચી કરતાં એમણે જોયું કે સામેની ટેકરી ઉપર ભારતીય બાવાઓની એક નાનકડી જમાત બેઠી હતી. વચમાં ધૂણી ધખતી હતી. ધૂણી પાસે એક પ્રચંડકાય જોગી બેઠો હતો. એના ખભા ઉપર રાખોડિયા વાળ લટકતા હતા; એને આખે અંગે રાખ ચોળી હતી; એની સામે ત્રિશૂળ ખોડયું હતું; એની કેડે માત્ર લંગોટ વાળી હતી; અને એની અડખેપડખે દસવીસ ચેલાઓ એ જ વેશમાં, ઢોલક વગેરે લઈ રાગડા તાણતા હતા.

ઠેઠ અંધારું થયે, ગુલામોનાં જોતર છૂટયાં. અધમૂઆ ગુલામો કાચલીભર ભાત ખાઈ આમ તો તાબડતોબ ઊંઘનો સાથ શોધતા, પણ આજે આ નેગરી હિંદના આહાલેક જગાવનાર જોગીઓને જોઈ એમની ઊંઘ ઊડી ગઈ હતી, અને અકેક બબ્બે કરી થોડાક એ રાગ ને સૂર વગરનાં, પણ હમવતનનાં ભજનમાં જવા ઊપડયા. પહેરેદારોએ આવા ખાખ ચોક કેટલી યે વાર જોયા હતા. જરા આનાકાની કરી એમણે નાયરોને ભજનમાં જવા પરવાનગી આપી.

ખાખ ચોક સાત દહાડા ચાલ્યો. એકેએક નાયર અરધી રાત ત્યાં ભજન સાંભળવા જતો હતો અને દરરોજ થોડીથોડી રાખ લાવતો હતો. દરેક જણ એવો જંગલી હતો કે આ રાખ કોઈ અદ્ભુત વસ્તુ હોય એમ વાંસની નળીમાં ભેગી કરતો હતો!

સાતમા દહાડાની સવારે ખાખ ચોકનું વિસર્જન થયું ને જોગટાઓ સુરકર્તાને રસ્તે રવાના થઇ ગયા.

બે અઢી પ્રહર રાત વીતી ગઈ હતી. પહેરેગીરોએ સાવધાન પુકારી લીધી હતી અને લાંબા તમંચાઓને ટેકે ઝૂકતા હતા, ત્યાં ભઠ્ઠીખાનામાં જબ્બર ધડાકો થયો! જોતજોતામાં ઝૂંપડાંઓની હાર સળગવા લાગી. સેંકડો ગુલામો જીવ બચાવવા આમતેમ નાસવા લાગ્યા. ચીનીઓ, તમિળો, જાવીઓ, નાયરો ટેકરી તરફ દોડયા. પહેરેગીરોએ આગ બુઝાવવામાં અને ગુલામોને પકડવામાં આખી રાત કાઢી. સવારના કેટલાક ગુલામો બેપતા હતા, તેમાં સત્તાવન નાયરો પણ બેપતા હતા.

ખાખ ચોક ઉપરથી જે ભસ્મનો પ્રસાદ વંઠાતો હતો તેમાં બારૂદ ભેળવેલો હતો, અને તેથી જ નાયરો એ રાખ જમા કરતા હતા. એમને માટે પાંચ કોશ ઉપર એક ખાડીમાં 'અમ્બન્' તૈયાર રાખ્યું હતું. સૂર્યોદય થયો ત્યાં તો 'અમ્બન્' જાવાની કંઠારથી સારી પેઠે દૂર નીકળી ગયું હતું. એનો મોરો આથમણ ઉપર થોડો ઉતરાદો હતો; એ સુન્ગે ઉજોનની દિશામાં વધી રહ્યું હતું. એના બંડકમાં સત્તાવન નાયરો અને સાડત્રીસ તમિળ ને બંગાળીઓ થાક અને છુટકારાની ગાઢ અને મીઠી ઊંઘમાં પડયા હતા. તૂતક ઉપર વીસેક જોગટાઓ સાતસાત દિવસના ભભૂતના થર ખારાં પાણીથી ઉખેડવા મથી રહ્યા હતા. 'અમ્બન્' ભેળા, વણંદાઓના અઢાર હજાર ગિલ્ડર વહ્યા જતા હતા!

ખંડ ૪: મલક્કા

મલક્કા નદીના મુખ ઉપર મલક્કા નામનું બંદર છે, અને એ બંદરના નામ ઉપરથી એ આખા વિષયનું નામ પણ મલક્કા પડયું છે. વિક્રમની ઓગણીસમી સદીના શરૂઆતમાં આજનું સિંહપુરમ્ (સિંગાપુર) હજુ માછીમારોનું ગામડું હતું ત્યારે મલયૂની પશ્ચિમ કંઠારે મલક્કા બંદર ધીખતું હતું. એની જાહોજલાલીએ જ એના ઉપર ગીધડાનાં ટોળાંઓને લોભાવ્યાં. પ્રથમ આચીન અને બૂગી ચાંચિયાઓ, પછી ફિરંગી, પછી વલંદા, અને પછી અંગ્રેજ, એમ એક પછી એક મલક્કાને દબાવતા ગયા. સિંહપુરમની આબાદી વધતાં મલક્કા બંદરની પડતી થઈ.

બંદર પાસે એક પડખે ફિરંગી કિલ્લો; વચમાં શહેરની પડખે બે પરાં, ચીની પરું ને તમિળ પરું. મલયૂમાં ઉત્તર ભારતીય બધા 'બંગાલી'



આ અંકના પૂઠા પર આપેલાં સ્ટુબિનનાં સ્ફટિકપાત્રો પરની કલા માટે વિવિધ એશિયાઈ કલાકારોનાં મૂળ આલેખનો: ડાબેથી (૧) ઈરાની કલાકાર હુસેન કૃત 'બક-બુટ્ટાની ભાત' (૨) સીઆમી કલાકાર વીરજ નટપુંડ કૃત 'કિન્નરીઓ' (૩) બર્મી કલાકાર ઊ મ્યા કૃત 'ટાનાથા'–બર્મી લોકકથાઓમાં નિરૂપેલો સિંહ-સર્પની મિશ્ર આકૃતિવાળો ડ્રૅગન (૪) જાવાના કલાકાર રાદેન બાસોકી અબ્દુલ્લા કૃત 'ભીમ અને સર્પરાક્ષસ'.

કહેવાય છે, અને દક્ષિણ ભારતીય બધા 'મીનાંકબાહુ' કહેવાય છે. તમિળ પરાંને પણ એ જ નામ અપાયું હતું. બીજાં પરાંઓ તે ઉપેહ, હીલીર અને સુબક. તે કાળે પણ મલક્કા બંદરની વસતિ દસેક હજારની હતી અને એના ઉપર વલંદો હાકેમ રાજ કરતો હતો.

'રાવળનાથે' અહીંથી ફાલકા ભરીને તજ, જાવંત્રી, જાયફળ, મરી અને મરચાં ભર્યાં. મલયૂના તેજાનાની ભારતમાં એટલી તો માગ રહેતી કે છેવટે મલબારમાં એનાં બધાંનાં વાવેતર શરૂ થયાં. મલક્કાના હાકેમે 'રાવળનાથ'ના નાખવા સાથે ખૂબ ગેરવર્તાવ દેખાડ્યો. એને આજ સુધીમાં દેવરાજ ધાધલની નામના પહોંચી ગઈ હતી, પણ 'રાવળનાથ' ઉપર અટાણે રામસિંહ નાખવો હતો અને નેમચંદ શેઠનો વેપાર એના બંદર માટે સોનાની ખાણ જેવો હતો એટલે એ હાથ ઘસી બેસી રહ્યો. હજાર ભાર તેજાનો ખરીદી લે એવા વહાણવટીઓ હવે એકબે જ રહ્યા હતા. નેમચંદ શેઠ એમાં એક હતા. મલક્કા બંદરમાં ત્યારે હજુ ખંભાતનાં વહાણોની આવજા ચાલુ હતી. ખંભાતના વર્ધમાન શેઠનું નામ પડે ત્યાં વલંદાઓ પણ શાંત થઈ જતા. અહીં તમિળ કપ્પલ સિવાય બંગાળી વહાણો પણ હજુ આવતાં હતાં. ચમ્પાવતી (એટલે મુંબાઇથી માત્ર પંદર કોશ દક્ષિણમાં આવેલું આજનું રેવદંડા), જે તે કાળે ચૌલને નામે ઓળખાતું હતું ત્યાંથી અને એની દક્ષિણે બાવીસ કોશ પરના કોંકણી બંદર દેવૂલ(એટલે આજના દાભોળ)માંથી પણ અહીં વહાણો આવતાં હતાં પણ એ વહાણો કોંકણી નહિ, પણ ફિરંગી હતાં.

અહીં લાદણી પૂરી 'રાવળનાથ' નેમચંદ શેઠની વાટ જોતું ચાર દહાડા થોભ્યું. શેઠ આવતાં જ એણે લંગર ઉપાડ્યું અને બીજે દહાડે સુન્ગૈ ઉજોન આવ્યું. 'અલખનાથ' અને 'અમ્બન્' 'રાવળનાથ'ને જોઈ હરખથી મલકી ઊઠ્યાં!

ખંડ ૫: સુન્ગૈ ઉજોન

અજયપાળ અને સોનલ, કાકુલ અને ચમ્પકમ્, સુન્ગૈ ઉજોનમાં સુલતાન ઈબ્રાહીમ ને રાણી મૅલ્હોર પુટેહ(શ્વેત મલ્લિકા)નાં મહેમાન બન્યાં હતાં. એક કાળે આ બૃહદ્ભારતમાં હિંદુ ધર્મ પ્રવર્તતો હતો. આજે પાંચ સૈકાથી મુસ્લિમ ધર્મ પ્રવર્તે છે; પરંતુ ઉત્તર ભારતમાં બન્યું છે તેમ અહીં મુસ્લિમ સંસ્કૃતિએ સંકર નથી કર્યો કે હિંદુઓ ઉપર પણ મુસ્લિમ રીતરિવાજનો ઢોળ માત્ર નથી ચડાવ્યો.

ઉત્તર ભારતમાં હિંદુ સ્ત્રીઓ પણ પરદાનશીન બની ગઈ, અહીં મુસ્લિમ સ્ત્રીઓ પણ ખુલ્લે મોંએ અને ખુલ્લે માથે રહે છે. આખો મલયૂ અને એનું પડોશ તે સપ્તસિંધુના સંગમ જેવું છે. ધર્મ કુરાને શરીફનો; સંસ્કૃતિ રામાયણ અને મહાભારતની; બોલી સંસ્કૃત, કાવી, અરબી, મલયૂ, તમિળ અને ચીનીનું મિશ્રણ; વંશ તમિળ, બૅંગ, મહાગુજરાત, અરબ અને મલયૂ; પહેરવેશ મલયૂ; તબિયત મલયૂ; અને ખોરાક ભારતીય અને ચીની—અને ઈસ્લામના વિધિનિષેધવાળો. આ સપ્તસિંધુનો સંકર નહિ, પણ સંગમ છે; આ દેશમાં આ સંગમ સૈકાઓથી જામ્યો છે.

સુલતાન ઈબ્રાહીમ અને રાણી મૅલ્હોર ધર્મે મુસ્લિમ પણ વંશે શૈલેન્દ્ર હતાં. એને અજયપાળ તો પોતાના ભાયાત જેવો આદરણીય લાગ્યો. સોનલ અને ચમ્પકમ્ જાણે જીવ લગ સગાં ઠેઠ કેરળથી મળવા આવ્યાં હોય એવાં મીઠાં લાગ્યાં; કાકુલ તો મીનાંકબાહુ જ હતો.

સુલતાનના મહેલમાં અને અંતઃપુરમાં સાહિત્ય, સંગીત ને કલાનો પણ સપ્તવેણીસંગમ હતો. ભારતીય સંસ્કૃતિ હતી, મલયૂની સાદાઈ અને ઋજુતા હતી; મુઘલોનાં અયશ અને ચેન હતાં, અરબની પરોણાગત હતી! મહિનો ક્યાં વીતી ગયો એનું મહેમાનોને ભાન પણ ન રહ્યું; અને એ વચમાં કાકુલ નાખવાને ધાધલનો સંદેશો મળ્યો અને એ 'અમ્બન્' લઈ તાબડતોબ સુરબાયા તરફ ઊપડી ગયો. 'અમ્બન્' આવતાં જ ધાધલે જોગીઓની જમાત કાઢી અને જ્યારે 'અમ્બન્' પાછું ફર્યું ત્યારે ચોરાણું 'બદ્ધપ્રતિમુક્ત' ભારતીઓને સાથે લેતું આવ્યું. વલંદાઓના દુશ્મન શૈલેન્દ્ર સુલતાન ઈબ્રાહીમને આ પ્રસંગ ઓચ્છવ જેવો લાગ્યો. પોતાનાં મહેમાનો પ્રત્યેનો એનો આદર ખૂબ વધી ગયો.

જ્યારે 'રાવળનાથે' પણ સુન્ગૈ ઉજોનમાં લંગર નાખ્યું ત્યારે સુલતાન ઈબ્રાહીમે, અષ્ટકુલરાજન્ રાજા લાઉત દેવરાજનો સમાન કક્ષાના રાજવી જેવો સત્કાર કર્યો. એના માનમાં લગોડ (ભરતનાટ્યમ્) થયાં; વયાંગ (છાયાનાટ્યમ્) થયાં; જ્યાફતો અપાઈ; ને ભાવથી વિદાય અપાઈ.

'અલખનાથ'ના ભંડકમાં કલઈના કાળા ગંઠા અને રૂપેરી પતરાં ભર્યાં હતાં એના પર રામસિંહ નાખવો કાયમ થયો. નેમચંદ શેઠે 'અલખનાથ' ઉપર વાસ કર્યો. 'રાવળનાથ' ઉપર કાકુલ મોટો માલમ અને અજયપાળ નાનો માલમ બન્યા. 'રાવળનાથ'ના રાણીવાસનું નામ સાર્થવત્ બન્યું; એમાં સોનલરાણી અને ચમ્પકમે વાસ કર્યો.

જરૂસુદ્રી સુપર્વો 'અમ્બન્'ને લઈ અહીંથી પાછો ફર્યો. મલયૂ પ્રજામાં અનેક ખમીર ભળ્યાં છે, પણ એક ખમીર બાકી રહી ગયું છે. અહીંનો માનવી વતન મૂકીને દૂર નથી જતો. બધા બાલી બેડિયાતો 'અમ્બન્' સાથે પાછા ફર્યા. કિનારો અદૃશ્ય થયો ત્યાં સુધી કાકુલ પણ ઉદાસ બની ગયો: વતન અને ચમ્પકમ્, એ બે વચ્ચે એના મનની દ્વિધા થઈ ગઈ.

'રાવળનાથે' લંકાશુકના દ્વીપ તરફ મોરો નોંધ્યો. પાછળ 'અલખનાથ' ચાલ્યું.

સુન્ગૈ ઉજોનનાં નાનાંમોટાં પિરાહુઓએ ફટાકડાની રમઝટ બોલાવીને મહેમાનોને વિદાય આપી. કોઈ પણ પ્રસંગને મિષે, આતશબાજી ઉડાવવાનો આ રિવાજ મલયૂમાં ચીનથી ઊતર્યો છે! (ચાલુ)

મરી · મરચાં · પીપર · કપૂર · ચન્દન

મલબાર, જાવા, સુમાત્રા, મલયૂ, મોલ્યુક્સ, બોર્નિયો, સેલિબીસ આ પ્રદેશોમાં ગરમ મસાલાની ઉત્પત્તિ થાય છે. એ મસાલા માટે જ યુરોપીય પ્રજાઓએ એ દેશોની મુલાકાત લીધી. પછી માંહ્યોમાંહ્ય સૈકાઓ સુધી લડ્યા ને અંગ્રેજોએ ભારત કબજે કર્યું, વલંદાઓએ ઈસ્ટ ઈન્ડીઝ, ફિરાંસિયાઓએ કોચીંચાયના. ફિરંગીઓએ દરેક દેશ પ્રથમ કબજે કરેલો, પરંતુ બીજી પ્રજાને આયંદે હારી બેઠા. આ બધાં યુદ્ધ, ખૂનામરકી, ગુલામી, પાશવતા ને જોરતલબી 'ગરમ મસાલાઓ' માટે જ આરંભાઈ!

ઉપર ગણાવેલા દેશો પંદરમી-સોળમી સદી સુધી તો પોતે આઝાદ રહી કેવળ મસાલાની નિકાસ કરતા હતા અને પરદેશમાંથી સોનાની નદીઓ પોતાના દેશમાં વહેવડાવતા હતા; પરંતુ એ પરદેશીઓએ જોઈ લીધું કે આ બધા દેશોમાં ગરમ મસાલા ઉપરાંત એક બીજી વસ્તુ અઢળક જથ્થામાં પેદા થતી હતી; એની પેદાશ અખૂટ હતી; એ વસ્તુ તે 'કુ સં પ'!

અને એ કુસંપનો લાભ ઉઠાવી પરદેશીઓએ એ દેશોને ગુલામીનાં જંજીર પહેરાવ્યાં.—અને આજે પણ કુસંપ આ દેશોમાં ખૂટ્યો ખૂટે નહિ એટલો, આડે વગડે, અને પ્રાંતપ્રાંતમાં, શહેરશહેરમાં, ગામગામમાં, શેરીશેરીમાં, ઘરઘરમાં અને ઘરને ઓરડેઓરડે પેદા થઈ રહ્યો છે.

એ દેશોની આઝાદી ટકી રહેવી મુશ્કેલ છે. —'સુકાની'

કુલપતિ કઝિન્સ

ભારતીય કલા અને સંસ્કૃતિના એ પુરસ્કર્તાની આપકથા

અંગ્રેજી પરથી તારવીને રજૂ કરનાર

રવિશંકર રાવળ



અમદાવાદમાં શેરિકનાં ચિત્રોનું પ્રદર્શન ખુલ્લું મૂકવા સાથે તેમણે 'કલા અને નવરચના' ઉપર એક હૃદ્ય વ્યાખ્યાન આપ્યું.

આમ જનતામાં કળાનો રસાસ્વાદ આપીને તેની યોગ્ય પ્રતિષ્ઠા કરાઇ રહી હતી ત્યાં બીજી તરફ સ્થાપિત સરકાર સામે કૉંગ્રેસનો વિરોધ વધતો જ જતો હતો. એવી રાજકીય ચળવળો દાબી દેવા ફરમાનો બહાર પડવા લાગ્યાં તે નેતાઓ પકડાવા લાગ્યા. ડૉ. કઝિન્સ સંપૂર્ણરીતે રાજકારણી પ્રવૃત્તિથી દૂર હતા, છતાં દેશમાં વ્યાપી રહેલી લાગણીથી અસ્પૃષ્ટ રહી શક્યા નહોતા. કોઈ કોઈ ઠેકાણે વિદ્યાર્થીઓ તેમને ઘેરતા, તેમની મોટર પર પથ્થરો પડતા, તેમના ભાષણ વખતે વિદ્યાર્થીઓ ધાંધલ કરતા.

પણ કળાના કાર્ય પરત્વે તેમની સીમા વિસ્તરતી હતી. પંદર વર્ષ પહેલાં મ્હૈસૂરનું ચિત્રાલય શરૂ કરેલું ત્યાંથી તેના વિસ્તાર માટે તેમની પાસે સહાય માગવામાં આવી. તેની ગોઠવણી સુધારીવધારી તેઓ હૈદરાબાદ ગયા, જ્યાંના ટાઉન હૉલમાં નિકૉલસ રૅરિક ને તેમના પુત્ર સ્વેતોસ્લાવનાં ચિત્રોનું પ્રદર્શન રચવાનું તેમના માથે હતું. સર અકબર હૈદરી જે એ વખતે નિઝામના મુખ્ય અધિકારી હતા એમણે જાતે તેની સરળતા કરી આપી અને જાહેર સભામાં પોતે પ્રમુખસ્થાન લીધું. એ પ્રસંગે ડૉ. કઝિન્સે ત્રણ સારાં વ્યાખ્યાન આપ્યાં.

ફરી બે મહિનાની ઉનાળાની રજા આવી અને ત્રિવેન્દ્રમની ગરમીથી નાસી છૂટવાનો વિચાર કર્યો, તે વખતે રાજ્યનો સંબંધ અને પોતાની ભાંગતી તબિયતના પ્રશ્નો ઊભા થયા. તેમની નિમણૂક કામચલાઉ હોવાથી અને યુનિવર્સિટીના હાથમાં કારભાર જવાથી, જેમને શિક્ષણમાં કળા પ્રતિ આદર ન હોય તેમની પાસે કામ કરવાનું હતું. બીજી તરફ તબિયત ખરાબ હતી. પગથિયાં ચડતાં સંધિવાના દર્દથી ટેકાની જરૂર પડતી હતી અને અનિદ્રાને કારણે ચહેરો દૂબળો પડ્યો હતો. સલાહ મળી કે કોઇ ઠંડકવાળી જગ્યાએ રહી યુનિવર્સિટીનાં ભાષણો અને કલાસંસ્થાઓના વિસ્તરણ પર લેખો લખવા. એટલે શ્રીમતી કઝિન્સનો મત મેળવી બંને જણે ૧૯૩૯ના એપ્રિલની ૩૦મીએ હિમાલયનાં ધામો તરફ પ્રયાણ કર્યું.

પહેલાં એક મિત્રને ત્યાં કાંગરા ગયાં. કાંગરા કલમથી પ્રસિદ્ધ થએલાં ચિત્રોના એ સ્થાનમાં કોઈ ચિત્રકાર તો ન મળ્યો પણ એક પૂજારી પાસે ઘરભંડારમાંથી ૧૫ સુંદર ચિત્રો જોવા મળ્યાં. એ ચિત્રોથી મહેમાનોને ખૂબ પ્રસન્ન થએલાં જોઇ પૂજારીએ એક ચિત્ર ભેટ દીધું એટલે તેમના ઉમંગનો પાર રહ્યો નહિ. પણ બે દિવસ રહીને તેમને એક વકીલની નોટીસ મળી કે 'તમે ચિત્ર કોઈની પરવાનગી વગર લઈ ગયા છો માટે તેના રૂ. ૩૦ મોકલી આપો, નહિ તો દાવો થશે'! ખુદ મૂળ સ્થાનમાંથી મળેલા આ ચિત્રની સાચી બજાર-કિંમત નહિ જાણનારનું અબુધપણું જોઈ ડૉ. કઝિન્સે હસીને રૂ. ૩૦ આપી દીધા.

કાંગરાથી આગળ વધી, મંડી જઈ તેઓ રાજ્યનાં મહેમાન થયાં અને ત્યાંથી બીઆસ નદીને કાંઠેકાંઠે જોખમી એકપંથી માર્ગે પસાર કરી ૫૮૦૦ ફૂટની ઊંચાઇ પર 'નગર' ગામે મહાન રશિયન ચિત્રકાર નિકૉલસ રૅરિકનાં અતિથિ બન્યાં. શ્રી રૅરિક, તેમનાં પત્ની મૅડમ હેલીના, તેમના બે પુત્રો રૅરિક અને સ્વેતોસ્લાવ, અને બે કૉઝૅક કન્યાઓના એ કુટુંબજૂથમાં, એ 'ઉરુસ્વતી આશ્રમ'માં તેમણે મુકામ નાખ્યો.

નગર, હિમાલયના ઉંબર પરનું એક કલ્પનામનોહર ગામ છે. નીચે ખીણમાં શ્વેત જળના ચળકતા પ્રવાહવાળી બીઆસ (બ્યાસ) વહી જાય છે. નગર પહાડના ચઢાણ પર હોઈ રૅરિકવાસમાંથી એકેએક ઘરનું ફળિયું દેખાય છે. કાંગરા કલમનાં ચિત્રોમાં એકીસાથે દેખાતાં ઘણાં દશ્યોનું રહસ્ય અહીં સમજાય છે. સામે ઊંચી નજરે જોતાં ઊંચા પહાડની પાછળ હિમશૃંગોની હાર દેખાય છે. રૅરિકે અહીં બેઠાં અનેક સુંદર ચિત્રો કર્યાં છે તેમની સંયમિત, વ્યવસ્થિત, સંસ્કારપૂર્ણ જીવનપદ્ધતિ કોઇ પ્રાચીન વાનપ્રસ્થ રાજવીનો ખયાલ આપતી હતી.

આ એકાંત અને મહાન પુરુષના સમાગમમાં કઝિન્સ દંપતી આરોગ્ય અને પ્રેરણાભર બન્યાં. રોજ બપોરે રૅરિક ભવનમાં તેમની સાથે ભોજનની અને શાંત ધીરા પ્રકાશવાળા ખંડમાં સુગંધિત મીણબત્તીના મંદ અજવાળામાં ઉચ્ચ પ્રકારના સાત્ત્વિક વાર્તાલાપોની—બંને પ્રકારની મધુર આરોગ્યપ્રદ વાનીઓએ તેમને નવી જ તાજગી આપી.

રૅરિક જ્યારે અઘારમાં 'સંદેશવાહક'નું ચિત્ર આપવા આવેલા ત્યારથી અનુભવેલી એમની મહાનતા, તે પછી ન્યૂ યૉર્કમાં રૅરિક મ્યૂઝિયમમાં રહ્યા ત્યારે વધુ માણેલી, અને અહીં એ વિભૂતિના નિકટ પરિચયમાં તો પરિતૃપ્તિ થઈ. અહીં સ્વેતોસ્લાવે તેમને એક વાર ચોપડી લઈ બેઠેલા જોયા અને તુરત કહ્યું, 'હવે એમ જ બેસી રહો.' અને પછી રંગો તથા ફલક લઈને તેમના માનીતા ભૂરા સૂટમાં તેમની વિચારમુદ્રાવાળું પૉર્ટ્રેટ શરૂ કર્યું. સોળ બેઠકે પૂરી કરેલી એ તસ્વીર ઘણે ભાગે ત્રિવેન્દ્રમમાં છે. તેમાં હિમાલયનું એક સુંદર દશ્ય અને તે જોતી કવિની મુખમુદ્રા સૌને ગમ્યાં હતાં.

શ્રીમતી કઝિન્સે અહીં આશ્રમનો એક જૂનો પિયાનો સાફસૂફ કરી યુરોપના શિષ્ટ સંગીતના સ્વરોથી આશ્રમને હમેશાં ગુંજિત રાખ્યું. તેઓ વખતોવખત નજીકનાં ગામડાંમાં નીકળી જતાં અને ઝૂંપડાંવાસી છોકરાંને ભેગાં કરી આનંદ લેતાં. હિમાલયનો વાસ પૂરો

Trivandrum,
April 22, 1939.

My dear Ravalji,

I wrote Rohit Mehta recently about future plans, but have not heard from him: he may be on tour. This is just to give you an idea of my time-table. Mrs Cousins and I are packing for our vacation. We shall be at "Woodlands", ANDRETTA VILLAGE, PALAMPUR P.O., KANGRA VALLEY, Punjab (sorry) from May 7 to 30: then all June c/o Professor Nicholas Roerich, NAGGAR, Kulu, Punjab.

I shall return to Trivandrum early in July, but not as now. We shall have a modest house in the Nilgiris, and I shall continue my art-work in three-weeks' visits three times a year. In August (1—31) I expect to be in Hyderabad, and hope to help in establishing a gallery that will call on your artists to some extent. I can give the last week of August to Ahmedabad, and have suggested a Combined Gujerat (ancient & modern) art & craft, plus Roerich painting exhibition, as a first move towards the projected Museum. What is your idea?

Sincerely,
J. H. Cousins

ઈ. ૧૯૩૯ની ૨૨મી એપ્રિલે ત્રિવેન્દ્રમથી શ્રી રવિશંકર રાવળ ઉપર લખેલો પત્ર, જેમાં કુલુ ખાતે કલાકાર રૅરિકના સાન્નિધ્યમાં જવાનો, ને ત્યાંથી વળીને નીલગિરિમાં નાનો આવાસ રાખી હૈદરાબાદના ચિત્રાલયની કારવાઈ સાથે અમદાવાદમાં ગુજરાતની કળાકારીગરી તથા રૅરિક-ચિત્રોના પ્રદર્શન અંગે આવી જવાનો ઉલ્લેખ છે.

કરી (૩૦ જુલાઈ ૧૯૩૯) જાણે નાના સ્વર્ગમાંથી ઊતરી પૃથ્વીના તળ પર આવ્યા ત્યારે નીચેની ગરમીએ ધખધખતા દોજખનું સ્મરણ કરાવ્યું.

મદ્રાસ પહોંચતાં એમન પંથ ફંટાયા. શ્રી કઝિન્સ પોતાનું કામ સંભાળવા ત્રિવેન્દ્રમ્ ગયા અને શ્રીમતી કઝિન્સ કોટાગિરિ ખાતે કોઇ ઠંડકવાળું સૂકું સ્થાન શોધી કાઢવા ગયાં. ત્યાં એક અજાણ્યો તમિળ ગૃહસ્થ ભાવપૂર્વક મિત્રરૂપે મળી ગયો. તેને પોતે અગાઉ જોયો નહોતો એટલે જાણે ભગવાન સહાયકનું રૂપ લઈ આવ્યા એમ લાગ્યું. તેણે પોતાની ગાડી અને સોબત આપી પહાડના એક ઊંચા ખૂણા પરનું 'ઘાટ વ્યૂ' નામનું મકાન શોધી કાઢ્યું. ત્યાં વીજળી કે નળની સગવડ નહોતી, પણ તેમને તો મદનપલ્લીમાં એ રીતે ચલાવી લેવાની ટેવ જ હતી. ત્રાવણકોરથી ૫૦૦ માઇલ છેટે, ૬૨૦૦ ફૂટની ઊંચાઇએ આવેલા આ ઠંડા એકાન્તમાં ઑગસ્ટની આઠમી તારીખે કઝિન્સ પણ આવી ગયા અને બંને જીવનમાં ફરી એકતાન થયાં.

કોટાગિરિ ખ્રિસ્તી પાદરીઓને રજા ગાળવાનું સ્થાન હતું અને તેના અનેક પંથનાં માનવીઓ ઇંગ્લંડ, હૉલંડ, ડેન્માર્ક, જર્મની, અમેરિકા વગેરે સ્થળેથી ત્યાં ભેગાં થતાં, એટલે ત્યાં સામાજિક સંમેલનો યોજાતાં. તેમાં કોટાગિરિ મિશનરી યૂનિયન તરફથી આ દંપતીને પિયાનો વાદન ને કાવ્યવાચન માટે આમંત્રણ થયું. ત્યાંથી પાછાં વળતાં પહેલાં પોતે જ્યાં રહેલાં તે મકાન પાસે આવતાં તેમણે જાણ્યું કે તેની માલિકણ પ્રવાસેથી આવેલી છે, તેથી તેની વિવેકની મુલાકાત કરવા વિચાર્યું. ખબર મળતાં તે બારણે તો આવી, પણ તુરત બોલી ઊઠી: 'તમે એક ભયંકર અને દુષ્ટ થીઑસોફિસ્ટ સ્ત્રી છો એવું મેં જાણ્યું હોત તો મારું મકાન હું આપત જ નહિ'! મિસિસ કઝિન્સ કશું બોલ્યા વિના સમસમીને પાછાં વળી ગયાં. જોકે ફરી બીજી વાર એ બાનુને મળવાનો યોગ બાકી રહ્યો હતો!

એ પછી તો એમના 'ઘાટ વ્યૂ'માં પણ કંઇક મિજલસો થઇ અને તેમના રસોઇઆ દોરાઈરાજની વાનીઓના નાસ્તાની મોજ કંઈકે લીધી, એમની થીઑસોફિકલ રીતભાત ને એમનો હિન્દુધર્મનો સ્વીકાર સૌને જાણીતાં થઈ ગયાં હતાં. સંગીતપ્રેમી મંડળોએ શ્રીમતી કઝિન્સને મિશનરી યૂનિયનની ટેનિસ ક્લબમાં લીધાં હતાં. એ સંસ્થાએ એક વાર મોટો સંગીતસમારંભ ગોઠવ્યો તેનું એક વૃંદગાન શ્રીમતીએ ગોઠવ્યું હતું. સાંજે જવાને વખતે તૈયાર થઈ એક મિત્રની મોટરની રાહ જોતા હતાં ત્યાં એક બીજી મોટર આવી પહોંચી અને એમાંથી વડા પાદરી નીકળી આવ્યા. આવું માનપ્રદ શુભ મિલન ક્યાંથી? પણ વાત જુદી જ હતી. એઓએ એમને સમારંભમાં નહિ આવવા સૂચના કરી! કારણ? અમુક બાઈસાહેબ ઘણા વખતે પરદેશથી આવ્યાં હતાં તેમણે છાપાંમાંથી જાણ્યું કે શ્રીમતી કઝિન્સ કોટાગિરિની નજીકના એક હિંદુ મંદિરમાં ગયાં હતાં! વળી તેઓ થીઑસોફિસ્ટ છે એની પણ તેમને ખબર પડી છે. આ કારણે શ્રીમતી કઝિન્સના મિશનરી યૂનિયનમાં હોવાનો વિરોધ કરતો પત્ર લખી, તેમાં બિશપ વગેરેની સહીઓ લઈ તે પત્ર ક્લબને મોકલવામાં આવ્યો છે, જેમાં જણાવ્યું છે કે મિસિસ કઝિન્સ ત્યાં આવશે તો વાંધો લેવાશે. શ્રી કઝિન્સે પૂછ્યું 'તે બાઇ યૂનિયનના સભ્ય છે ખરાં?'

વડા પાદરીએ ના કહી. કઝિન્સે પૂછ્યું; 'આપ પોતે કદી હિંદુ મંદિરમાં ગએલા ખરા?' વડા પાદરીએ નિખાલસપણે કહ્યું, 'ઘણી યે વાર.'

'તો પછી,' ડૉ. કઝિન્સ બોલ્યા, 'આવી દાંભિક ધર્માંધતાનો આપે સામનો કરવો ઘટે.' અને શ્રીમતી કઝિન્સે પોતાનો નિરધાર જાહેર કર્યો કે 'હું તો મારા માટે ઠરાવેલા કાર્યક્રમમાં અવશ્ય હાજરી આપવાની જ.'

પાદરી ગભરાયા: 'પણ અમે આખા સમાજમાં એવા આક્રમણથી અશાંતિ લાવવા ઇચ્છતા નથી.' છેવટે ડૉ. કઝિન્સ જેઓ શ્રીમતી કઝિન્સની જેમ યૂનિયનના સભ્ય નહોતા ને સમાજના આવા મોવડીનું મન દૂભવવા ઈચ્છતા નહોતા તેમણે કોટ ઉતારી નાખ્યો. વડા પાદરીને કબૂલ કરવું પડયું કે 'આ બધાંમાં ઉત્તમ ખ્રિસ્તી તો તમે જ છો.'

મેળાવડો તો જેમતેમ થઈ પૂરો થયો. તે પછી ઘણાના દિલાસાપત્રો પણ આવ્યા. વૃંદગાયકોને તેમના મિત્રો સાથે પોતાના બંગલે તેમણે પાર્ટી આપવાની ઠરાવેલી તે કાયમ રાખી. મૈત્રી અને શુભેચ્છાના ઉમળકાઓ વચ્ચે તેમના ખંડમાં કવિતા ને સંગીતના ફુવારા ઊડયા.

વચ્ચેવચ્ચે એ બંને સાથે ત્રિવેન્દ્રમ્ જતાં ને વળતાં કંઈક ગામોમાં મુલાકાતો કરીને મૈત્રી અને કર્તવ્યની જ્યોત સતેજ કરી આવતાં. કોઈ વાર ડૉ. કઝિન્સ ત્રિવેન્દ્રમના કામથી થાકેલા અને ઢીલા થઈ આવતા ત્યારે આ કલાત્મક ઘર ને સુંદર બગીચામાં સંગીત, કવિતા ને કુદરતનો આસ્વાદ લઈ દસબાર દિવસમાં તાજા બની જતા.

એ પછી અડ્યારમાં આંતરરાષ્ટ્રીય થીઑસોફિકલ કન્વેન્શન થયું તેમાં બંને ગયાં. મૅડમ મૉન્ટેસોરીએ ત્યાં પોતાનું કેન્દ્ર કરીને હિંદના જુદાજુદા પ્રાંતોના ત્રણસોએક જેટલા શિક્ષકોને તાલીમ આપવાનો વર્ગ કર્યો હતો. રુક્મિણીદેવીએ પોતાના કલાવર્ગોમાં પ્રાચીન શાસ્ત્રીય-રીતે તાલ, મુદ્રા, અંગભંગીઓ અને અભિનયનાં સ્વરૂપોના તેમજ કથનપ્રકારમાં અદ્‌ભુત ભાવમયતાના પ્રયોગો વિકસાવ્યા હતા.

આ ગિરિનિવાસમાં તેમને જોઇતી શાંતિ ને શારીરિક સ્વાસ્થ્યની સાથે સૌન્દર્ય અને ઠંડક મળતાં બંનેને એકીસાથે પ્રેરણા થઈ કે પોતાના જીવનના અનેકાનેક અનુભવો, મૈત્રીઓ ને પ્રવાસો ઉપરાંત જે કેટલીયે સંસ્થાઓ તથા ઐતિહાસિક પ્રવૃત્તિઓનાં પોતે મૂળ સર્જકો થયાં તેનું સંયુક્ત નિરૂપણ એક ગ્રંથ રૂપે કરવું. તે માટે બધો જૂનો પત્રવ્યવહાર તેમણે આ નવા વાસમાં એકઠો કર્યો. તેમાં કેટલા યે મહાન પુરુષોના ઉલ્લેખો ને ડાયરીઓ પણ મળી આવ્યાં. એ બધું શ્રીમતીએ સાલવાર ગોઠવી કાઢ્યું. ઇટાલિયન કલાકાર બુવાન્તો સેલીનીનું એક વાક્ય છે કે '૪૦ વર્ષ સુધીમાં કંઈ બની શક્યું હોય તો દરેક જણે તેની નોંધ કરી જવી જોઇએ.' તદનુસાર ચર્ચા કરી નક્કી કર્યું કે આપણું જીવન નોંધપાત્ર તો છે. તેઓ લખે છે:

'પણ અમે શું કરી શક્યાં હતાં? નારીજાતિના સમુદ્ધાર ને સ્વાતંત્ર્ય માટે અમે આરંભ કર્યો હતો, ને શિક્ષણ તથા જીવનમાં સંસ્કાર ને સૌન્દર્ય લાવવા જે પ્રયત્નો કર્યા હતા તે ઉપર નજર કરો તો ઘણું કર્યું લાગે; પણ આપણી આસપાસની વિરાટ ઊણપોનો પટવિસ્તાર જુઓ તો એ કંઈ જ ન ગણાય. પણ ઇતિહાસ ઘડનારા અનેક પ્રસંગોની સમીપ રહેવાના યોગ અમને મળ્યા હતા એટલે તન્મયતાના ભાવે અમે જે લખીશું તેનું કોઇક જ કરશે.

એ રીતે લખતાં, અમારી જાતને તટસ્થપણે જોતાં નવા જ પ્રકારનો વિનોદ અને પ્રકાશ અમને મળ્યો. અમે બંને એકસાથે કે છૂટાંછૂટાં જ્યાં ગયાં કે જેમ વર્ત્યાં તેમાં કદી યે એવું નથી બન્યું કે એ સુયોગ્ય ન હોય. આમાં કોઈ પ્રકારની શ્રેષ્ઠતા કે ચાંપલાઇનો ભાવ નથી. ૧૯૪૦માં એ સંયુક્ત જીવનવૃત્તનો મારો ભાગ લખવો મેં શરૂ કર્યો.'

આવ-જા કરતાં મહિનાઓ પસાર થઈ ગયા. એમાં એક વાર શ્રીમતી મૉન્ટેસોરી અને તેમનો પુત્ર સીનોર મારીઓ વરસતા વરસાદમાં તેમની મુલાકાતે આવ્યાં. વિશ્વવિખ્યાત કેળવણીકારને મળવા અનેક મિત્રોથી તેમનો ખંડ ભરાઈ ગયો. રમણીરત્ન હીલા રુસ્તમજી તેમની સાથે વાતો કરતાં ત્યારે ભવ્ય વ્યક્તિઓનું દર્શન અભ્યાસયોગ્ય બનતું.

છતાં કામ ને પ્રવાસનો ભાર ડૉ. કઝિન્સ પર એટલો વધી ગયો હતો કે તે થાકીને પટકાઇ પડ્યા. તેમની સ્મૃતિ વિલુપ્ત બની અને ઘણી વાર દિવસનાં કપડાંભેર કલાકો સુધી પડ્યા રહેતા. મગજમાં ક્યાંક લોહી થીજી ગયું હતું. પણ ધીરેધીરે તબિયત સુધરી ને પહેલાં જેવા ચપળ બની ગયા. પણ એમની તબિયત સુધરવા આવી ત્યાં તો શ્રીમતી કઝિન્સનો વારો આવ્યો. કંઈ કામસર બૅંગલોર ગયાં હતાં ત્યાં

સુભાષિત

· અનુષ્ટુપ ·

बलवानपि निस्तेजाः कस्य नाभिभवास्पदम्।
निःशंकं दीयते लौकैः पश्य भस्मचये पदम्॥

(અનુવાદ)

ગણે છે વિશ્વમાં કોઈ તેજ-સૂના બલિષ્ઠને?
લોકો નિઃશંક થૈ ચાલે રાખના ઢગલા પરે.

[વિવરણ: ગમે તેવા બલિષ્ઠની ભલા—ભૂપની પણ તેના નિસ્તેજ થયા પછી કોઈ ગણના કરતું તથી. અંગારો ઝગારા મારતો હોય ત્યાં સુધી જ લોકો તેનાથી દૂર રહે છે. તે બળીને રાખ થતાં સૌ નીડરતાથી તેના પર પગ મૂકીને ચાલ્યાં જાય છે. ફલિતાર્થ એ કે માનવની જ્વલંત શક્તિ એક વાર લુપ્ત થયા પછી તેની ઉપેક્ષા થવાની જ. માટે કદી પોતાની તેજસ્વિતા ન ગુમાવવી; પછી એ તેજસ્વિતા શક્તિની, બુદ્ધિની ચારિત્ર્યની ગમે તેની હોય.]

રાજ્યના અતિથિગૃહના બાથરૂમમાં લપસી પડ્યાં અને હાથ ભાંગ્યો! સાબુભર્યા હાથવાળાં, દુઃખે ગભરાતાં તેમને ઊંચકીને કઝિન્સ બહાર લઈ આવ્યા. પણ તપાસમાં હાથને અંદરથી કંઈ ઈજા થઈ નહોતી એમ જણાયું. સર મીરઝા ઈસ્માઇલે એ બંને દરદીઓની સંભાળ ઉપાડી લેવા પોતાની જ ગાડીમાં ૮૦ માઈલ મ્હૈસૂર લઈ જઇ સ્વગૃહમાં આદરપૂર્વક રાખ્યાં.

૧૯૪૧માં મદનપલ્લી કૉલેજે રૌપ્ય મહોત્સવ ઊજવ્યો. તેના મુખ્ય સમારંભમાં જ વિદ્યાર્થીઓએ રાજકારણી સૂત્રો ઉચ્ચાર્યાં. પ્રમુખ તરીકે ડૉ. ઍરુન્ડેલે આવા અણઘટતા પ્રક્ષેપોને સખત શબ્દોમાં ઝાડ્યા. શ્રી કઝિન્સે જાહેરમાં તો કંઈ કહ્યું નહિ, પણ ખાનગીમાં વિદ્યાર્થીઓમાં આવેલાં 'શિસ્તભંગ અને અમારા આદર્શોમાં ન પોસાય એટલે નીચે ગએલું વર્તન' જોઈ બહુ પરિતાપ બતાવ્યો. તે પ્રસંગે શ્રી રુક્મિણીદેવીએ કલા પર એક પ્રકૃષ્ટ વ્યાખ્યાન આપ્યું.

'ઘાટ વ્યૂ' પર મુલાકાતો થયા જ કરતી. તેની વચ્ચેના ગાળામાં ડૉ. કઝિન્સે એક સામાજિક કૃતિ 'ધ હાઉન્ડ ઑવ વાઘ' પૂરી કરી નાખી. એ વખતે મિ. અને મિસિસ આર્થર ચેઇઝ તેમનાં મિત્રો થયાં. નિસર્ગશોખ, પક્ષીપ્રેમ અને અગમ્યના અનુભવોમાં આ અમેરિકનોનો અનુભવ ઊંડો હતો. તેઓ વાંચતાં બેસે એ વખતે પોપટો લગભગ માનવ ભાવથી તેમના ખભા પર આવી બેસતા!

૧૯૪૧ના ઑગસ્ટની ૮મીએ કવિવર ગુરુદેવ ટાગોરનું અવસાન થયું. તેમના જીવનકાર્યને અંજલિ આપવા મોટી સભા થઈ તેમાં શ્રી કઝિન્સ અપૂર્વ ભાવે ઝળક્યા. કવિનું બાળપણ, બુદ્ધિ અને કળાની પ્રતિભા, વિશ્વખ્યાતિ ને સાહિત્યમાં અમર પદ ઉપર બોલતાં કઝિન્સની વાણી એ પ્રસંગે બહુ ઊંચા સ્તરે પહોંચી હતી.

એક તરફ ચર્ચિલ ને રુઝવેલ્ટ આટલાંટિક કરારો કરી રહ્યા હતા તેજ વખતે કાશ્મીરમાં અખિલભારત શિક્ષણ પરિષદ મળી રહી હતી. એ પ્રસંગે ત્રિવેન્દ્રમનાં મંદિરોનાં ભીંતચિત્રોનું પ્રદર્શન ત્યાં યોજવાનું ત્રાવણકોર રાજ્યે શ્રી કઝિન્સને સોંપ્યું. દક્ષિણની કળાનો ઇતિહાસ પ્રચારવાનું સુંદર કામ બજાવવા તે ૨૮૫૦ માઇલ સુધી ગયા ને ઉત્તરના લગભગ ૩૦૦ જેટલા પ્રતિનિધિઓ આગળ તે રજૂ કરતાં ભારતીય લલિતકળા અકાદમીના વિચારો પણ મૂક્યા. ત્યાં એક યૌવનમસ્ત તરુણનો ધક્કો વાગતાં તે પડીને બેભાન બની ગયા હતા અને મુસાફરીને યોગ્ય થવા માટે બે દિવસ વધુ રોકાવું પડ્યું હતું.

પાછાં ફરતાં નાગપુરથી શ્રીમતી કઝિન્સ ટ્રેનમાંથી છૂટાં પડી વર્ધા ગયાં. ત્યાંનું ઉદ્યોગગૃહ જોતાંજોતાં એક ઠેકાણે પોસ્ટરો જેવાં ચિત્રોનું બંડલ મળી આવ્યું. એ ચિત્રો હરિપુરા કૉંગ્રેસનાં વિઠ્ઠલનગરનાં તોરણદ્વારોને કલાયુક્ત કરવા કલાકાર નંદલાલ બોઝે ચીતરેલાં હતાં. કોઈની દરકાર વગર એ ત્યાં પડેલાં જોઈ તેમણે ડઝનેક માગી લીધાં. એમને લાગ્યું કે ઘણા સાધુઓ અને દેશનેતાઓમાં જે કચાશ રહી ગઈ છે તે પૂરી કરવા તેઓ કલાકાર તરીકે જન્મ લેશે ત્યાર પછી જ તેમનો મોક્ષ થશે! ૧૯૪૧ની આખરમાં થીઑસોફિકલ સોસાએટી ને અખિલ

ભારત મહિલા મંડળની મધ્યસ્થ સમિતિનાં કામોમાં તેઓ રોકાઈ ગયાં. અમદાવાદમાં ડૉ. કઝિન્સે સ્વેતોસ્લાવ સાથે આવેલાં ૬૦ જેટલાં રોરિક ચિત્રોનું પ્રદર્શન ખુલ્લું મૂક્યું અને એક કલાક સુધી 'કલા અને નવરચના' ઉપર મૌલિક વ્યાખ્યાન આપ્યું.

બીજી બાજુ કોટાગિરિ ખાતે શ્રીમતી કઝિન્સની કામગીરીનો પાર નહોતો. ઘરગથ્થુ વ્યવહાર, નારીકાર્ય, દેશભક્તિ, માનવપ્રેમ, અકળ વિદ્યા (ઑકલ્ટિઝમ), પ્રકૃતિ, સંગીત એ બધું આ મધ્યમ બાંધાની, જુવાની પરવારી રહેલી એક જ વ્યક્તિ ઉઠાવી રહી હતી.

૧૯૪૨માં રાજકીય વાતાવરણ તંગ બન્યું. હિંદ-બ્રિટનના પ્રશ્નનો કોઈ ઉકેલ નહોતો. માર્ચમાં સર સ્ટૅફર્ડ ક્રિપ્સ આવી ગયા. કંઈક આશાઓ ચમકી ગઈ. એ જ વર્ષના અંતનાં કઝિન્સ દંપતીએ અડ્યાર અને ત્રિવેન્દ્રમના પ્રવાસો પૂરા કર્યા. 'ધાટ વ્યૂ' ખાતે 'બેબી વેલકમ' (બાલસત્કાર) નામની સંસ્થાનો પ્રચાર કર્યો. ડૉ. કઝિન્સ ખૂબ થાકવા માંડ્યા હતા, દુર્બળ બનતા ચાલ્યા હતા, પણ સંયુક્ત જીવનવૃત્તાંતનું લેખન તો ચાલુ જ હતું. માત્ર સાફી હકીકતો લખતાં લખતાં પણ તેમને જીવન અહોભાગ્ય જણાયું. એકમાંથી બીજા વિષય ઉપર વિચારતાં-લખતાં તેમનો સમય ઝપાટાબંધ વીતવા લાગ્યો.

ભારતીય પરિસ્થિતિ વણસતી ચાલી. ગાંધીજી ફરી ઉપવાસ ઉપર ઊતર્યા અને શ્રીમતી કઝિન્સ તેની સહાનુભૂતિમાં ઉપવાસ પર રહ્યાં. સીધો સહકાર આપવાની તેમનામાં શક્તિ નહોતી, પણ તેમને લાગ્યું કે ટાગોરના 'જનગણમન ભારત-ભાગ્યવિધાતા' ક્ષિતિજ ઉપર છે. ગાંધીજીને મુક્ત કરવાને તેમણે ચર્ચિલ અને વાઈસરૉયને તારો કર્યા.

માર્ચની મધ્યમાં ગાંધીજીએ ઉપવાસ છોડ્યાના સમાચાર મળ્યા. એપ્રિલની ૯મીએ કઝિન્સ દંપતીની ૪૦મી લગ્નતિથિ હતી. તે દિવસે બહાર જઈ ઉજાણી માણવા વિચાર કર્યો, પણ વરસાદ આવી પડ્યો. એવામાં ડૉ. શંકરન્ આવી પહોંચ્યા. તેમની વિદ્વત્તા અને પ્રચંડ હાસ્યથી ઉજાણી જેવો જ આનંદ ઘરમાં વર્ત્યો.

એ અરસામાં મદ્રાસના મહિલા વિદ્યાલયના હોમ સાયન્સ (ગૃહવિજ્ઞાન) વિભાગમાં વિજ્ઞાનપ્રયોગોમાં ઉંદરો પર શસ્ત્રક્રિયા થતી જાણી તે સામે જેહાદ કરવાનો પ્રસંગ આવ્યો. એમણે એક સણસણતો પત્ર લખી જાહેર કર્યું કે એ રીતે કન્યાઓની લાગણીઓમાં નિષ્ઠુરતા આવે છે ને તેમની કુદરતી દયાળુતા ઓગાળી નાખવામાં આવે છે; અને ગૃહકાર્ય કે કોઈ પણ સંસ્કારદાતા સંસ્થા માટે ક્યાંય પણ ખપનું નહિ એવા નિર્જીવ શિક્ષણ માટે આ પદ્ધતિનો વિરોધ કરવો ઘટે.

પ્રખ્યાત અંગ્રેજ લેખક, યોગમાર્ગસંશોધક પૉલ બ્રન્ટન એક દિવસ તેમની સાથે વસી ગયા. આમ મુલાકાતોનો પાર નહોતો. બંને થાકતાં જતાં હતાં. શક્તિ થોડી, જરૂર ઘણી. તેની વચ્ચે તનમન તંગ થઈ જાય, અને રાહત મળે ત્યારે સંયુક્તવૃત્ત (ડયુઓગ્રાફી) લખાતું ચાલે.

૧૯૪૩ના જુલાઈમાં શ્રીમતી કઝિન્સ જીવનવૃત્ત લખતાં અટકી ગયાં. ડૉ. કઝિન્સ ત્રિવેન્દ્રમમાં તેમનું કામ કરી રહ્યા હતા તેમને તો તેમના મજાના હેતાળ કાગળો મળતા, એટલે શ્રીમતીને શો વ્યાધિ છે તેની તેમને ખબર જ ન પડી. રેડિયો પર એક પિયાનોસંગીત આપવા ગએલાં ત્યાંથી પાછાં ફરતાં સેકન્ડ ક્લાસમાં સૂતાં હતાં ત્યારે કોઈ ઉઠાઉગીર તેમની કીમતી વસ્તુઓ ઉઠાવી ગયો અને પછી કોટાગિરિનો એક ઢાળ ચઢતાં લચક ખાઈને લપસી પડ્યાં. બે દિવસ પછી ફરી પડ્યાં. વળી ૧૭મી ઑગસ્ટે બે માઈલ છેટે બાળકલ્યાણ અને માતૃભવનના ઉત્સવમાં જઇ આવ્યાં. આંખ ઝાંખી પડી અને ન્યૂસ પેપરની મોટી લીટીઓ પણ વાંચી ન શક્યાં. તુરત આંખના દાક્તર જેફ્રેને તેડાવ્યા. લોહીનું દબાણ અને મગજમાં નસ તૂટ્યાનું નિદાન થયું. ધીમી ગતિએ મોટરમાં તેમને ઉતાકામંડની સિવિલ ઑસ્પિટલમાં પહોંચાડ્યાં. ડૉક્ટરો નિરાશ જેવા લાગ્યા. ડૉ. કઝિન્સે તેમને બિછાનામાં ગોઠવ્યાં. જમણું અંગ પકડાએલું હતું. એ વખતે અમેરિકન ચેઈઝ દંપતીએ ઘર આગળની સંભાળ, સારવાર અને સહાય સંભાળી લીધાં હતાં એ મોટી રાહત મળી. છતાં ડૉ. કઝિન્સે ઉતાકામંડમાં દવાખાનાથી દોઢ માઈલ પર એક મિત્રને ત્યાં જગ્યા મેળવી જેથી રોજ શ્રીમતી પાસે જઈ શકાય. થોડા વખત પછી દાક્તરોએ નીચી સપાટી પર લઇ જવા સલાહ આપી એટલે કોટાગિરિમાં ડૉ. જેફ્રેના દવાખાનામાં લઈ આવ્યા. દિવસો જતાં તેમનામાં જરા સુધારો થયો અને જરા જરા દેખતાં થયાં. પછી તો હજી પણ નીચી સપાટી પર જવાની સલાહ મળી, એટલે એક મિલિટરી ઍમ્બ્યુલન્સની મદદથી એ દેવસૃષ્ટિ તજી ચાર વર્ષે નીચે લાવ્યા અને બૅંગલોરની વાણીવિલાસ ઑસ્પિટલમાં રાખ્યાં. ડૉ. કઝિન્સ માટે સ્ટેઈટ ગેસ્ટ હાઉસમાં જગ્યા તેમ જ રોજ જવા આવવાની મોટરની સગવડ થઈ.

બૅંગલોર ઑસ્પિટલમાં જરા આરામ જણાયો અને તા. ૨૬મી નવેમ્બરે રજા મળી એટલે સર મીરઝાં અને લેડી મીરઝાંની નજીક એક કૉટેજમાં તેમને રાખ્યાં. તેમનો બટલર પોતાની પત્નીને લઇને સેવામાં આવી ઊભો. બીજા મિત્રોએ પણ શુશ્રૂષામાં ભાગ લેવા માંડ્યો. એ વખતે શ્રી કઝિન્સ મદ્રાસ યુનિવર્સિટી તરફથી સ્ટૅનલી એન્ડાઉમેન્ટને અંગે 'સૌન્દર્યભાવના' ઉપર પોતાને મનગમતા વિષય પર ભાષણો તૈયાર કરી રહ્યા હતા. દરદીને આરામ થયો જોઈ તેઓ થીઑસૉફિકલ કન્વેન્શનમાં ગયા. ૯૦૦ પ્રતિનિધિઓના શિક્ષણ વિષયક સીમ્પોઝિયમ(સર્વમતદર્શન)માં હાજરી આપી. કન્વેન્શનની સભાના અંત ભાગમાં ટી. સુબારાવે શ્રી કઝિન્સને સોસાએટીના આદર્શો પાર પાડવા કરેલી સેવાઓ માટે સુવર્ણચન્દ્રક આપ્યો, ને ફરી બૅંગલોર આવી શ્રીમતીની સુધરતી તબિયતમાં કવિતાનો આનંદ આપવા લાગ્યા.(ચાલુ)

મિત્રતા વિષે મર્મવચન

મૈત્રી આનંદનો ગુણાકાર કર છે, શોકનો ભાગાકાર.

પૈસાને ખાતર થતા મિત્રો પાઇને ખાતર તજી જાય છે.

નવા મિત્ર અને જૂના ઘરનો બહુ ભરોસો ન કરવો.

મને મિત્રોથી બચાવો; દુશ્મનોથી તો હું મારી જાતને બચાવી શકીશ.

તંદુરસ્તીની પેઠે સાચી મિત્રતાનું મૂલ્ય પણ એ ગુમાવ્યા પછી જ સમજાય છે.

જૂઠા મિત્રો પડછાયાની પેઠે પ્રકાશમાં જ સાથ આપે છે; અંધકારમાં તે અદૃશ્ય થઈ જાય છે.

શ્રીમંત મિત્રને ત્યાં વિના નિમંત્રણે ન જાઓ; ગરીબ મિત્રને ત્યાં વગર બોલાવ્યે પહોંચી જાઓ.

મિત્ર આપણા દુ:ખમાં ભાગ લઈ તેને હળવું કરે છે, અને આનંદમાં ભાગ લઇને તેને બેવડાવી મૂકે છે.

પચ્ચીસ વર્ષ પહેલાં



શ્રી અનાગારિક ધર્મપાલ

બૌદ્ધ ધર્મોદ્ધાર માટે જીવનવ્રત લેનાર અને 'મહાબોધિ સોસાએટી' જેવી પ્રમુખ બૌદ્ધ સંસ્થા સ્થાપનાર તથા સારનાથ ખાતેનું ભગવાન બુદ્ધના પ્રથમોપદેશનું તીર્થસ્થાન 'મૂલગંધકુટિ વિહાર' યોજનાર અનાગરિક દેવમિત્ર ધર્મપાલની શ્રી જેઠાલાલ જોષી લિખિત ચરિત્રરેખા-એ અંકની 'માધુકરી'માંથી :

'તેમનો જન્મ ૧૮૬૪ના સપ્ટેમ્બરની ૧૭ મીએ સિલોનની રાજધાની કોલમ્બોમાં એક વિદ્યાપ્રેમી બૌદ્ધ ધનાઢ્ય જમીનદાર અને વ્યાપારીને ત્યાં થયો હતો. આ કુટુંબે ૧૮૭૩માં 'પાલિ-વિદ્યોદય કૉલેજ'ની સ્થાપના કરેલી. ૧૮૮૦માં દેવમિત્ર મૅટ્રિકની પરીક્ષા આપતા હતા ત્યારે થીઑસોફિસ્ટ સોસાએટીનાં જન્મદાત્રી શ્રીમતી બ્લૅવેટ્સ્કી સિલોન ગએલાં. તે એમને પોતાની સાથે અદિયાર લેતાં આવ્યાં. આ વખતે દેવમિત્રને પ્રેતવિદ્યા જાણવા તરફ શોખ હતો, પણ શ્રીમતી બ્લૅવેટ્સ્કીએ તેમને તે તરફથી વાર્યા અને કહ્યું, તમે પ્રેતવિદ્યા ન શીખો. પાલિ ભાષાનો અભ્યાસ કરવાથી તમારી મનઃકામના પૂર્ણ થશે'. શ્રીમતીએ 'પાલિ–અધ્યયન' ને 'પરોપકારવ્રત' પર ખાસ ભાર મૂક્યો.

અદિયારમાં છ વર્ષ રહી ધર્મપાલે બૌદ્ધ ધર્મ અને અંગ્રેજીનો અભ્યાસ કર્યો તથા ભાષણ ને લેખનશક્તિ કેળવી. બૌદ્ધ ધર્મના પ્રચારની ભાવના ધીમેધીમે તેમના હૃદયમાં એટલી દઢીભૂત થઈ કે એક દિવસ તેમણે પોતાની માતાને જઈને કહ્યું કે 'હું ઘરબારનો ત્યાગ કરી બૌદ્ધ ધર્મ પ્રચાર માટે મારું જીવન અર્પણ કરવા ઇચ્છું છું.' ૨૦ વર્ષની વયે માતાપિતાની આજ્ઞા પ્રાપ્ત કરી તે ઘેરથી નીકળી પડ્યા. તેમના ખર્ચ માટે તેમના પિતા જોઇતી મદદ આપતા, જે તેમના જીવનકાળ દરમ્યાન લગભગ ત્રણ લાખ જેટલી થઈ હતી.

૧૮૯૦માં તેઓ બોધિ ગયા તરફ ગયા ને ૧૮૯૧ની ૨૨મી જાન્યુઆરીએ દિવસે તેમણે સૌ પ્રથમ મહાબોધિ મંદિર તથા બોધિવૃક્ષનાં દર્શન કર્યાં. મંદિરને શૈવ મહંતને અધીન જોઈ તથા મહંતની અયોગ્ય વાતો જાણી અત્યંત દુઃખિત થઈ તેમણે નિશ્ચય કર્યો કે આ મહાબોધિ મંદિરને ફરીથી બૌદ્ધોની હકૂમતમાં લાવવા યત્ન કરીશ.

૧૮૯૧ના માર્ચમાં તે કલકત્તા ગયા અને નીલકમલ મુખર્જી જોડે રહી રોજ એશિયાટિક સોસાએટીના પુસ્તકાલયમાં જઈ બૌદ્ધ ગ્રંથોનું અધ્યયન કરવા લાગ્યા. ફાજલ સમયમાં વિદ્યાર્થીઓ સમક્ષ તે ભાષણો આપતા. આ દરમ્યાન તેમને વિચાર આવ્યો કે કલકત્તામાં કૉલેજ સ્ક્વેર પાસે બૌદ્ધ ધર્મના મહત્ત્વ પર ભાષણો આપવા માટે એક ખાસ હૉલ બનાવવો જોઈએ. તરત તેમણે કલકત્તાના મિત્રોની મદદથી મહાબોધિ સોસાએટીની સ્થાપના કરી. આ વખતે ગયામાં બૌદ્ધ ધર્મશાળા સ્થાપવાનો પણ તેમણે વિચાર આવ્યો ને બ્રહ્મદેશ તથા સિલોનમાંથી ફંડ એકઠું કરી ગયા ડિસ્ટ્રિક્ટબોર્ડને આપ્યું, જેણે એક સુંદર ધર્મશાળા બનાવી આપી.

ધર્મપાલે ૧૮૯૩ના જાન્યુઆરીથી 'મહાબોધિ'નામના એક માસિકપત્ર દ્વારા સેવાકાર્ય આરંભ્યું, જે આજે હજી પણ ચાલુ છે. આ માસિક પત્રનો પહેલો અંક અમેરિકામાં ભરાનાર સર્વધર્મ-સંમેલનના કાર્યકર્તાઓએ જોયો ને તેના વિચારોથી પ્રભાવિત થઈ ધર્મપાલને એ સંમેલનમાં ભાગ લેવા નિમંત્રણ આપ્યું. તેમણે અમેરિકાનાં મુખ્યમુખ્ય શહેરોમાં ફરી બૌદ્ધ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ સમજાવ્યું. શિકાગો વિશ્વવિદ્યાલયના પ્રધાન ડૉ. હાવર્ડ તથા કોલમ્બિયા વિશ્વવિદ્યાલયના પ્રધાન બટલરને મળી હિંદી વિદ્યાર્થીઓને છાત્રવૃત્તિ આપી ત્યાં બોલાવવાનો પણ પ્રયત્ન કર્યો. એ બંનેએ આ વસ્તુ સ્વીકારી લીધી. ૧૮૯૬–૯૭માં હિંદમાં દુકાળ પડ્યો ત્યારે અમેરિકામાંથી ફંડ ઉઘરાવી તેમણે એક જહાજ ભરી અનાજ હિંદ મોકલ્યું. અમેરિકાથી પાછા ફરતાં હોનોલુલુમાં તે શ્રીમતી મેરી ફૉસ્ટરને મળ્યા ને ઘણુંખરું તેમની જ મદદથી તેઓ સારનાથના 'મૂલગંધકુટિ વિહાર'ની સ્થાપના



અષાડ ૧૯૯૮
અંક ૧૦૩

કરી શક્યા અને એમના પ્રયત્નને લીધે જ સારનાથમાં ૧૮૦૦ વર્ષ પછી સૌ પ્રથમ તા. ૧૧-૧૨-૧૩, નવેમ્બર ૧૯૩૧ને દિવસે બૌદ્ધ ધર્માનુયાયીઓનું વિરાટ સંમેલન ભરાયું.''

આફ્રિકાના હબસીઓમાં વધારેમાં વધારે કદાવર ને રૂપાળા, શરીરની મજબૂતીમાં જગતમાં કોઈ પણ કોમથી ન ઊતરતા ઝુલુઓ કઈ રીતે પોતાનું જીવન ઘડે છે તેની વાત આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના 'કુમાર'માં 'ઝુલુઓની જીવનદીક્ષા' શીર્ષક નીચે વાર્તાલાપરૂપે આપવામાં આવેલી. ઝુલુઓના આ જીવનઘડતરમાં કડક કુમાર-કેળવણીનાં તત્ત્વો છે, જંગલજીવનની અદ્ભુતતાનો પાશ છે ને સ્કાઉટિંગનું સજીવ શિક્ષણ છે.

''હું પોતે ઝુલુ છું. મારા નાનપણના ગોઠિયા ઉંપીના, સિંપગો અને રામ્મના સાથમાં જે કુમારજીવન મેં ગાળ્યું છે તેનો જ અહેવાલ હું આપીશ. તમારા સ્કાઉટોમાં જેમ કઠેટની જુદીજુદી પંક્તિઓ હોય છે તેવી અમારા કુમારજીવનમાં માનભરી ગણાતી 'બે લકડીવાળો' 'ભાલાવાળો' વગેરે કક્ષાઓ મેળવવાની અમારી મહત્ત્વાકાંક્ષા હતી. પણ તે પહેલાં અમારે કેટલી કસોટીઓમાંથી પાર ઊતરવાનું હતું! એ કસોટી અમારે, તમારે ત્યાંના ઍસિસ્ટન્ટ સ્કાઉટ માસ્તર જેવા એક મૉનિટરના હાથ તળે પસાર કરવાની હતી. અમારી ભાષામાં એને દૂમા કહે છે. દૂમાઓ અતિશય કડક હોય છે.

એક નાના ગામમાં ખાસ છોકરાઓ માટે જુદા રાખવામાં આવેલા ઝૂંપડામાં અમે રહેતા. વસંતોત્સવની રમતોમાં સૌ ગામના વ્યાયામવીરો અખિલ ઝુલુ વ્યાયામ વીરની હરીફાઈમાં ઊતરતા. એ હરીફાઈ માટે યોગ્ય ગણાવા પ્રાથમિક પરીક્ષામાં પાસ થવું એ અમારો મોટામાં મોટો મનોરથ હતો.

અમે ચારથી સાત વરસના હતા. ઉંપીના સૌથી મોટો; તેનાથી નાનો રામ્મ; એથી નાનો હું અને છેલ્લો સિંપગો.

દૂમા હાથમાં હમેશાં સોટી રાખતો. એક સવારે પાતળી સોટી સરર સરર હવામાં વીંઝતો મૉનિટર આવ્યો 'આવા ઊંઘણશી રહીને તમારે જુવાન સૈનિકો બનવું છે, કેમ?'

સડસડ સોટી મારતો મૉનિટર ત્રાડયો: 'નદી-નો રસ્તો ભાળ્યો છે?'

'હ...હ...હા.' અમારી જીભ઼ઝલાવાલાગી.

'તો જાઓ, ને કિનારેથી મગરનું ઈંડું ખોળી કાઢી સાજુંતાજું લાવીને મને આપો; ચલો!'

આ કેવી ભયંકર કસોટી છે તેની તમને ખબર નહિ હોય. શિયાળો ઊતરવાનો થાય ત્યારે મગર નદીની રેતીમાં ઈંડા દાટી દે છે અને વસંત બેસતાં સેવે છે. સાપને ભીની રેતમાં સૂવું અને મગરનું ઇંડું ખાવું એ બંને બહુ ગમે છે. તેથી મગર પૂછડી ઇંડા તરફ રાખી ઈંડાની રખેવાળી કરતી પાણીમાં પડી રહે છે. એની પૂછડીની સ્પર્શેન્દ્રિય એટલી તીવ્ર હોય છે કે કોઈ ઈંડું કાઢવાનો પ્રયત્ન કરે કે તેના સંચાર માત્રથી પૂંછડી વાટે તેને તરત જ ખબર પડી જાય છે. મગરની જાતનાં બધાં પ્રાણીઓની જેમ તેનું લોહીઠંડું હોવાથી ઇંડું તાપમાં સેવાવા દેવું પડે છે. ઇંડામાંનું બચ્ચું મોટું થાય ત્યારે અંદર બોલવા માંડે છે અને એ અવાજ પારખીને મગર બહાર આવી ઈંડાને ઉકેરી કાઢે છે.

અર્ધા કલાકમાં અમે નદીએ પહોંચી ગયા. કબઇના રાફડા જેવો ઢગલો દેખીને રાજ્મે બૂમ મારી. મગર રાફડા તરફ એની પૂંછડી રાખીને ઊંઘી પડી હતી. ઉપીનાએ બહુ જ સફાઈથી હળવેહળવે જમીન ખોતરીને એક સફેદ લંબ-ગોળ પથરો કાઢયો· 'ઈંડું!' રાજ્મે એક હાથે તે ઉપાડી લીધું અને બીજે હાથે અમને દૂર રહેવા ઈશારત કરી. પણ જેવો તે ઊભો થવા જાય છે તેવામાં તેના કપાળમાં જબરી થપાટ વાગી! જાણે કોઈ તોતીંગ લાકડામાં એકાએક જીવ આવ્યો હોય તેમ રેતીમાં ખળભળાટ થયો. અમે ત્રણ જણા માર્યા માર્યા કરતા નાઠા.

મૉનિટર માણસોનું ટોળું લઇ ઝાકમાં જ ઊભો હતો. ઈંડું હાથમાં આમતેમ ફેરવી તે જોવા લાગ્યો: કયાંય તડ તો પડી નથી ને!

માળામાં કેટલાં ઈંડાં હતાં?' તેણે પૂછયું.

'એ તો અમે ન જોયું.' અમે કહ્યું.

'એ ઠીક જ કર્યું. મગરની પૂંછડી પાસે ઇંડાં ગણવા ન બેસાય.' વૈદ્યરાજ ડૉસ બોલ્યા.

અમે દોડવાની પહેલી પરીક્ષામાં પાસ થયા. અને એની નિશાની તરીકે તાળવા પર એક તસુ પહોળી અને ચાર તસુ લાંબી ચોટલી રાખી આખે માથે મુંડન કરાવ્યું. તે પછીનો મહિનો અમે ઍડવાન્સ સ્કાઉટ તરીકે રહ્યા. તેમાં ઝાકળ ઉડાડવાનું કામ કરવું પડતું. રસ્તાની બંને બાજુએ બબ્બે હાથ ઊંચું ઘાસ હોય તેનું ઝાકળ રોજ સવારમાં ઊઠીને લાકડીઓ વતી અમારે ખેરી નાખવાનું, જેથી મુખી અને એવા મોટા માણસોનાં કપડાં ભીંજાય નહિ. આ કામથી અમે બહુ બળવાન બન્યા અને ગમે તેવી આકરી ટાઢ સહન કરવાની તાકાત આવી.

એક દિવસ અમે તાપણીની આસપાસ બેઠા હતા ત્યાં દૂમા ને 'ભાલાવાળો' સ્કાઉટ માસ્ટર આવી ચડયા. અમે ઊભા થઇને સલામ ભરી. 'બળદ જેવા, કંઈક વિવેક તો રાખો!' દૂમા ખીજ્યો.

'પધારો, ભાલા.' અમે બોલ્યા.

'આ ચન્દ્ર(માસ)ની આખરે મોટો શિકાર ગોઠવવાનો છે અને તમારે પગી થઇને શિકારની પાછળ પડવાનું છે.' તેણે જાહેર કર્યું.

સ્કાઉટ માસ્ટર ચમકે રાખમાં આંગળી વડે એક નિશાની પાડી પૂછયું: 'આ કોનું પગલું છે?'

'બકરાની ખરી.' ઉપીના બોલી ઊઠયો. અમે ડોકું ધુણાવી ઉપીનાને ટેકો આપ્યો. તેણે ખરીના પોલાણમાં ધૂળ નાખી તેણે પૂછયું.

'હવે શું થયું?'

'પવન વાયો' રાજ્મે કહ્યું. બુઢ્ઢાએ નકારમાં માથું ધુણાવ્યું. 'બીજા બકરાની ખરી ઉપર પડી.' ઉપીનાએ કહ્યું.

'એ પણ ખોટું.'

'નિશાની એક દિવસ જૂની છે.' મેં કહ્યું.

'ખરું!'

'હવે પેલી બાજુ જોઈ જાઓ.' તેણે કહ્યું.

અમે તેમ કર્યું. પળવાર રહીને તેણે અમને ફરી જવાનું કહ્યું. ખરીની નિશાની ચોકખી પણ પહોળી હતી, અને કોરા અસ્રા જેવી ઝીણી હતી. આગલો ભાગ ઊંડો અને સ્પષ્ટ હતો; પાછલો ભાગ છીછરો અને ઝાંખો હતો. સ્પિગો ધીમેથી બોલ્યો: 'શિકારના પગ ભીના છે: ચોખ્ખી સીધી ધારદાર કોરો પરથી તે જણાઈ આવે છે; અને વચ્ચેનું પોલાણ પહોળું થઈ આગલો ભાગ ઊંડો ગયો છે તથા પાછલો ભાગ છીછરો છે તે બતાવે છે કે તે દોડતું ગયું છે.'

'શાબાશ!' બુઢ્ઢાએ કહ્યું: અને પછી અમારા જ્ઞાનમાં વધારો કરવા લાગ્યો:

'પક્ષીઓને ચાલવાની શક્તિ બરાબર હોતી નથી. તેઓ ચાલતી વખતે આગળ પડી જવાની વૃત્તિ ધરાવે છે. એટલે પક્ષીઓનાં પગલાં હમે-શાં આગળના ભાગમાં ઊંડાં અને પાછળના ભાગમાં છીછરાં હોય છે. પંજાવાળાં પ્રાણીઓ હમેશાં પંજો ભોંય પર મૂકીને પાએક તસુ પાછો ખેંચે છે. તેઓના દરેક પગલામાં પાનીનો ભાગ ઘણો જ ચોકખો હોય છે, કારણકે તેઓ પ્રેર-ણાથી કૂદકો મારવા હમેશાં તૈયાર છે. હાથી અંગૂઠાભર ચાલે છે તેથી તેના પગનો આગલો અરધો ભાગ જ જમીન પર પડે છે. ફક્ત મનુ-ષ્યો જ આખા પગની સ્પષ્ટ નિશાની મૂકે છે.'

થોડી જ વારમાં ટૂંકાં શીંગડાંવાળા હરણાનું એક નાનું ટોળું દેખાયું. તેણે અમને એક હરણું પકડી લાવવા હુકમ કર્યો અને પૂછયું, 'પવન કઇ દિશામાં વાય છે તેની કેમ ખબર પડે?'

'આંગળી ભીની કરવાથી.' અમે કહ્યું.

'ના;' બુઢ્ઢો હસ્યો: 'એ તો તમારા હાથ નવરા હોય ત્યારે. તમે આંગળી ભીની કરો છો એટલે ઠંડી લહેરખીથી તમને ખબર પડે છે કે પવન અમુક દિશામાંથી વાય છે. તમારું મોં ધીમેધીમે ચોમેર ગોળ ફેરવો, એટલે તમારી આંખના ડોળા એ કહી દેશે. શ્વાસ લેવો નહિ. આમાં તમે શું કરો છો તેની પણ કોઇને ખબર પડે નહિ. પહેલાં થોડાં લીલાં ડાળખાં લઈ તેની ઝૂડીઓ તમારે શરીરે બાંધો, જેથી તમે નજીક જાઓ ત્યારે હરણાં ધારે કે તમે ઝાડ છો.'

શ્વાસ રોકી મોઢું હળવે હળવે ગોળ ફેરવ્યું તો ખબર પડી કે અગ્નિ કોણમાંથી વસંતનો ધીમો વાયુ વાતો હતો. કુદરતી ઝાડ કાંઈ ચાલે નહિ. એટલે છેતરવા ખાતર અમારે અત્યંત ધીમે ચાલવું પડતું. બે કલાકે અમે હરણાંથી બે વાર છેટા રહ્યા. પછી તો ફલાંગો ભરીને એક કાળિયાર પકડી લીધો. આની કદર તરીકે અ-મને દરેકને એકેક ખરી ઈનામ આપી, અને રાજ્મ નેતા હોવાથી તેને પૂંછડી પણ આપી."

પછી એમને જે શિક્ષણ મળ્યું તે હતું ત્રણેક હજાર ઢોરના ધણને દસ દિવસ સુધી જંગલમાં ચારવાનું અને ઝાડ પર ઝડપભેર ચડી જવાનું. ગમે એવા છીંકોટા નાખતા ગાંડા બનેલા જાન-વરને હાથ પર જમરૂખીનો રસ ચોપડી વશ કરી શકાય છે, એ તેમણે દૂમા પાસેથી જાણ્યું. તથા છેલ્લે; "બીજે દહાડે મૉનિટરે હોલવાઈ ગએલી તાપણીની રાખમાં આડાઅવળા લીટા કર્યા અને કોઇ જગ્યાએ મીંડાં કર્યા. મીંડું એટલે ગામડું અને લીટો એટલે રસ્તો. મીંડા પર આંગળી મૂકી તેણે કહ્યું કે આ એક ગામ છે અને લીટી ઉપર આંગળી ફેરવી કહ્યું આ તે ગામ ભણી જતો રસ્તો છે. પછી બીજા મીંડા પર આંગળી મૂકી કહ્યું કે આ જ્યાં આપણે છીએ તે ગામ છે. બળદો પર સવાર થઈ પહેલા બતાવ્યું તે ગામે જઇને પંદર છોકરાઓનો સંઘ અહીં લઈ આવો.' તેણે હુકમ કર્યો.

અમે એક ખીણમાં પહોંચ્યા ત્યાં બળદો થંભી ગયા! આગળ ડગલું દેવાની જ ના ભણે. અમે બહુ એડીઓ મારી એટલે રસ્તો મૂકીને આડેધડ નાસવા અને ઝાડ થવા લાગ્યા. કેટ-લાક છોકરાઓ તો આથી ઉછળીને બળદનાં શીંગડાં પર થઇ ઊંધે કાંધ ત્રાટક્યા. પણ બ-ળદોને ફરી હાથ કરતાં ને રસ્તે ચડાવતાં અમને ગમ્મત પડી. અંતે માંડમાંડ બળદો માર્ગે ચડીને અમારે ગામ પહોંચ્યા. ત્યાં દૂમા અમારી રાહ જોતો ઊભો જ હતો. તે બોલ્યો: 'તમે શું જોયું?'

અમે મૂઢની જેમ ઊભા રહ્યા. અમને બળદો હાંકવામાં આડુંઅવળું જોવાની ફુરસદ જ નહોતી મળી. તરત ને તરત ફરી તે ને તે ગામ જવાનો અને જતાંઆવતાં રસ્તામાં જે જેકાંઈ દેખાય તેનો ખ્યાલ કરી લેવાનો હુકમ કર્યો.

અમે ગભરાયા. રાત પડતી હતી એટલે જંગલી જનાવરોનો વાળુનો વખત થતો હતો. થોડી વારમાં સીમ બધી ભૂખ્યાં પશુઓના છીંકોટા ને ચીચિયારીથી ગાજી ઊઠવાની. મેં થોડી વારઅં..કરીને અચકાતાં અચકાતાં પૂછ્યું, 'અમે ભેગી મશાલો લઇ જઇએ?'

દૂમાએ ખુશ થઇને હા પાડી અને અમને ચાર ડાંગો આપી. અંધારું વધતાં ઝાડ તથા તેના પડછાયા રાક્ષસો જેવા દીસવા લાગ્યા.

એકાએક મેં પાછું વળી જોયું ને મારી રાડ ફાટી ગઈ! પાર વગરના રંગબેરંગી ચિત્તા દીપડા ને વાઘ અમારી મશાલોને અજવાળે અજવાળે ચાલ્યા આવતા હતા! પણ એટલામાં તો પવનની દિશા ફરી, ને એ રાની પશુઓની વાસ અમારા બળદોનાં નસકોરાંમાં પેસતાંવેંત જ એ ચારે પગે એવા તો દોડયા કે ખડબડ ખડબડ કરતા સામેના ગામના ઝાંપામાં જઈ ભટકાયા ત્યારે જ ઊભા રહ્યા. એ ધડાધડી સાંભળીને ગામના યોદ્ધાઓ હથિયારો લઇને દોડી આવ્યા, પણ શિકારને બદલે ધૂળધૂળ ભરેલા ચાર છોકરાઓ જ જોયા! રાત ગામમાં જ રોકાઇ પ્હો ફાટતાં અમે ફરી બળદો પર સવાર થઈ અમારે ગામ ગયા. દૂમા તો રાહ જોતો જ હોય: 'તમે શું જોયું?'

'અમે પૂજાનું મહાન ઝાડ જોયું ને ખીણમાં ગંધનું કારણ જોયું. ત્યાં ઘણા સિંહ, ગાયો ને જંગલી જનાવરોનાં મુડદાં રઝળતાં હતાં, પણ હાથીનું હાડકું સરખું યે નહોતું.' રામ્મે કહ્યું.

'એ જમરાજની ખીણમાં આ બધાને કોણ મારી નાખતું હશે?' મૉનિટરે પૂછ્યું.

'કેમ વળી? એ જગ્યાએ રસ્તાની બંને બાજુએ મધ જેવું ચીકણું કળણ છે.'

'શાબાશ; હવે ઉપીના, આ કળણ કેટલે લગી છે ને હાથીનાં હાડકાં ત્યાં કેમ નથી?'

'કળણ પગે ચાલતાં એક ટંક થાય તેટલું લાંબું છે. અને હાથીનાં હાડકાંની બાબતમાં તો અમે જાણીએ છીએ કે હાથી કોઈ અહીં મરતા જ નથી. એ કોઈ મરવાનો થાય ત્યારે પ્રેરણાથી એને ખબર પડી જાય છે અને તરત જ ઍબિસીનિયા ભણી ચાલી નીકળે છે અને એક ઊંડી ખાઈમાં જઇને પડતું મેલે છે.'

મૉનિટર ખુશ થયો. પછી રામ્મને અઢાર છોકરાઓની ટુકડીનો સરદાર બનાવ્યો અને અમે બધા બીજા વર્ગના સ્કાઉટો બન્યા."

ટિકિટસંગ્રહ



પોતાને ત્યાંની અપંગ બાળકોની સંસ્થાના સહાય-ફંડ અર્થે ઇન્ડોનેશિયાએ બહાર પાડેલી છ ટિકિટોના આ સમૂહમાં અપંગોની રોજી માટેના વિવિધ વ્યવસાયોનાં આલેખનો આપ્યાં છે. ટિકિટની મૂળ કિંમતની સામેની બાજુએ + (વધતા)ના ચિહ્ન સાથે દર્શાવેલા અંક મુજબની રકમ તે પ્રત્યેક ટિકિટ માટે જે વધારાની લેવાની, તે ઉપર્યુક્ત ફંડમાં લઇ જવામાં આવશે. આ રીતે ઘણા દેશોમાં વિવિધ કલ્યાણપ્રવૃત્તિઓ માટેની ટિકિટો કઢાય છે. નીચે ડાબી બાજુ: જાપાને બહાર પાડેલાં ત્રણ નવાં પ્રકાશનો: ડાબી બાજુએ પહેલી: ગિરિ-આરોહણના ખડતલ સાહસ-શૉખને ઉત્તેજન આપવા માટે બહાર પાડેલી ટિકિટ; વચ્ચે: સંયુક્ત રાષ્ટ્રસંઘમાં જાપાનને સ્થાન મળ્યું તે નિમિત્તે બહાર પાડેલી ટિકિટ; છેલ્લે: અણુશસ્ત્રોના વિરોધમાં બહાર પાડેલું સીલ, જે ટિકિટો ઉપરાંત લગાડી શકાય. (બંને સમૂહ મોકલનાર: કીર્તિકુમાર દોશી, મુંબાઇ)



૧૮૫૭ની શતાબ્દી નિમિત્તે પાકિસ્તાને બહાર પાડેલી ટિકિટ (મોકલનાર: નૂરુદ્દીન લુલ્ફ ને એ.ડી.કરીમ)



સાહિત્યસંપર્ક

સાહિત્યની કૃતાર્થતા

સાહિત્યકાર અંતે તો સત્યનો શોધક છે. સત્યના દર્શનથી એ ધન્યતા અનુભવે છે, ને એ ધન્યતાનો આનંદ એ વ્યક્ત કર્યા વિના રહી શકતો નથી. તે નિર્ભય બની તેને રજૂ કરે છે અને તેમ કરવામાં એ સ્વાનુભવને સર્વાનુભવની કોટિએ પહોંચાડે છે. એવી અભિવ્યક્તિ તે સાહિત્ય. એ રીતે, જગતને છે તેથી વધારે સારું જોવાની, જીવનને છે તેથી વધારે સુંદર બનાવવાની અદમ્ય ને ઉત્કટ ઊર્મિનો આવિષ્કાર જ સાચી કલાકૃતિમાં પરિણમતો હોય છે. આમ સાહિત્યકારની સંવેદના અનુસાર પ્રજ્ઞમાનસનું પરિવર્તન કરવામાં સાહિત્યની કૃતાર્થતા રહેલી છે. 'અન ટુ ધિસ લાસ્ટ' કે 'અંકલ ટૉમ્સ કૅબિન' જેવા સાહિત્ય-ગ્રંથોએ વિશ્વના વિચારપ્રવાહો ઉપર પાડેલી અસર જાણીતી છે.

—યશવંત શુક્લ

કોડિયાં: જેમની પ્રથમ ને મોટા ભાગની કવિતા 'કુમાર'માં પ્રસિદ્ધ થઈ હતી, એ 'કુમાર'ના ચિરપરિચિત કવિ શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીની કીર્તિદા બનેલા કાવ્યસંગ્રહ 'કોડિયાં'ની આ સંવર્ધિત ને સંસ્કારિત નવી આવૃત્તિ છે. એમની કવિતાનો પરિચય આપતાં શ્રી ઉમાશંકર જોષીએ યથાર્થ જ કહ્યું છે કે 'સુભગ શબ્દવિન્યાસ, તાજગીભર્યો લયહિલ્લોલ, સુરેખ ચિત્રો ખડાં કરતાં ભાવપ્રતીકો આદિ દ્વારા શ્રીધરાણીની રચનાઓમાં પ્રગટ થતી અનાયાસ કલાસૂઝ કદાચ અજોડ હતી. શ્રીધરાણીની કવિતાનું આકર્ષણ શામાં રહેલું છે? કમનીય રસોજ્જ્વલ પદાવલિ (ડિક્શન)-બલ્કે કીટ્સની યાદ આપે એવી કાવ્યદેહની ઇન્દ્રિયગ્રાહ્યતા (સેન્સ્યુઅસનેસ), બુલંદ ભાવનામયતા અને જીવનના વાસ્તવની સહજ પકડમાં.' છેલ્લે લખાએલાં તેમનાં કાવ્યોમાં વાસ્તવિકતાની સાથે ગુજરાતી કવિતાની છંદ ભાવ ને ભાષાની આધુનિકતમ-તા જોવા મળશે. પુસ્તકને છેડે 'કાવ્યવસ્તુવિસ્તાર' અને છેલ્લે પૂંઠે કવિનો જીવન-પરિચય પણ આપવામાં આવ્યો છે. પ્રકાશક: વોરા ઍન્ડ કંલિ., રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી, મુંબાઈ-૨ કિંમત. રૂા. ૪.

મધુસંચય: કાકાસાહેબ કાલેલકરનાં લખાણોમાંથી વિવિધ અને ઉમદા વિચારસુમનોના શ્રી કનુભાઇ વોરાએ કરેલા આ વ્યવસ્થિત ને રસપોષક સંકલનની પ્રસ્તાવનામાં કાકાસાહેબ કહે છે: "મેં લખ્યું એમાં બે પ્રેરક તત્ત્વ દેખાય છે: (૧) જીવન સમજવાની ઉત્કટ ઇચ્છા તથા એમાંથી ઊપજતી લોકકલ્યાણની પ્રબળ ભાવના, અને (૨) એની સાથે પારમાર્થિક જીવન જીવતાં જે પ્રસન્નતા મળી, જે આનંદ અનુભવ્યો અને વિવિધ રસોનો જે ઊંડો પરિચય થયો, તેનો શબ્દ દ્વારા જેટલો સાક્ષાત્કાર કરાવી શકાય તેટલો કરવાની અભિલાષા. 'મધુસંચય'માં મારી જીવનદૃષ્ટિનું યથાર્થ પ્રતિબિંબ પડ્યું છે; 'મધુસંચય' મારા વિચારોની 'કનુ-આવૃત્તિ' છે." કિંમત: સાડા ત્રણ રૂપિયા (વોરા ઍન્ડ કં. લિ. કાલબાદેવી, મુંબાઈ-૨).

બેન્જામિન ફ્રાન્કલિન: જીવનની સાધારણ કોટિથી શરૂ કરીને દુકાનદાર, પત્રકાર, વૈજ્ઞાનિક, ધારાસભ્ય અને અમેરિકાના પ્રથમ વિશ્વપુરુષ તરીકેની અજોડ સિદ્ધિને વરનાર એ મહાન વિચક્ષણ પુરુષની, વિખ્યાત ઇતિહાસકાર રૉજર બર્લિંગેઇમે લખેલી અંગ્રેજી જીવનકથા 'બેન્જામિન ફ્રાન્કલિન: ફર્સ્ટ મિ. અમેરિકન'નો શ્રી મગનભાઈ નાયકે કરેલો અનુવાદ, ૨-૦-૦; **સાથી-સંગી વિનાનાં:** અમેરિકન લેખક પૅરી બર્જેસની મૂળ નવલકથા 'હુ વૉક્સ એલોન'ના અધિકૃત સંક્ષેપ પરથી શ્રી ભૂપેન્દ્ર ઉપાધ્યાયે કરેલો અનુવાદ, ૧-૮-૦, પ્રકાશક ઉપર પ્રમાણે.

ત્રિદલ: નવકવિ શ્રી ચંપકલાલ વ્યાસની, ખંડકાવ્યો સિવાયની કાવ્યકૃતિઓનો આ સંગ્રહ એ કવિનો ત્રીજો કાવ્યસંગ્રહ છે. પ્રો. વિજયરાય વૈદ્ય માનસીમાં કહે છે તેમ એમની કવિતામાં લાગણીનો પ્રપંચ નથી. જીવનના અનુભવોમાંથી એમણે કવિતાની જ્યોત પ્રગટાવી છે. તેમજ શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના કહેવા પ્રમાણે એમની વિશિષ્ટ શક્તિ નાટ્યજોગ તત્ત્વને સચોટતાથી રજૂ કરવાંમાં વ્યક્ત થાય છે. શ્રી વ્રજરાય મુકુંદરાય દેસાઇએ કરાવેલા કવિતા-પરિચય, કાવ્યટિપ્પણ અને કવિપરિચય સાથે. કિંમત. રૂા. ૨॥, પ્રકાશક ઉપર મુજબ.

વેરવસૂલાત અને વેશ્યાત્રા: ઍલેક્ઝાન્ડર ડ્યૂમાની સહેલાઈથી ચાર વિભાગમાં વહેંચી શકાય એવી પ્રસિદ્ધ નવલકથા 'કાઉન્ટ ઑવ મોન્ટેક્રિસ્ટો'ના પૂર્વાધ્યાયના અનુક્રમે પ્રથમ ને દ્વિતીય ભાગ, બાકીના બે ભાગ હવે બહાર પડશે, ૨-૦-૦ અને ૧-૮-૦. (વૉરા ઍન્ડ કં. લિ.)

સુલેમાનનો ખજાનો: જુવાન વાચકોનાં મન પર પકડ જમાવનાર રાઈડર હેગાર્ડ કૃત પ્રસિદ્ધ અંગ્રેજી નવલકથા (કિંગ સૉલોમન્સ માઈન્સ)નું શ્રી સોમાભાઈ પટેલે કરેલું રૂપાંતર, ૧-૮-૦; પ્રકાશક ઉપર પ્રમાણે.

નવજીવન પ્રકાશન મંદિરનાં

માનવ અર્થશાસ્ત્ર: અર્થશાસ્ત્રની પરિભાષામાં કેવળ ઉત્પાદનનો જ નહિ પણ એ ઉત્પાદનકાર્યમાં લાગેલા માનવીનાં સુખ અને પ્રગતિનોયે નવો છતાં તાત્ત્વિક વિચાર નજર સમક્ષ રાખીને શ્રી નરહરિ દ્વારકાદાસ પરીખે લખેલું અને ગાંધીદૃષ્ટિએ વિચારણા કરતું આ પુસ્તક ગુજરાતી અર્થશાસ્ત્ર સાહિત્યમાં અગત્યનું જ નહિ પણ મહત્ત્વનું છે, ૫-૦-૦; **આપવીતી** એકનિષ્ઠ બુદ્ધાનુયાયી અધ્યાપક શ્રી ધર્માનંદ કોસંબીએ સ્વહસ્તે લખેલા મરાઠી આત્મવૃત્ત 'નિવેદન'નું સ્વ. વેણીલાલ છગનલાલ બૂચે કરેલું ભાષાંતર, ૧-૮-૦; **સત્ય એ જ પરમેશ્વર છે:** ઇશ્વર, ઈશ્વરનો સાક્ષાત્કાર અથવા અનુભવ, અને ઈશ્વરમય જીવન વિષેનાં ગાંધીજીનાં લખાણો તેમજ ભાષણોમાંથી ચૂંટેલાં વચનો, સંપાદક શ્રી આર. કે પ્રભુ, ૦-૧૦-૦; **પ્રેમપંથ-૫:** સ્ત્રીધર્મ, સ્વદેશી, ગ્રામસેવા, કળા, ખાદી આદિ પરનાં ગાંધીજીનાં વચનોનું શ્રી વાલજી ગોવિંદજી દેસાઇએ કરેલું સંકલન, ૦-૪-૦; **લોકપોથી (પહેલી):** મોટાને ગુજરાતી લખતાં વાંચતાં શીખવા માટેની પહેલી ચોપડી, ૦ ૪-૦.

કેળવણીવિવેક: લેખક સ્વ. શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળાના શબ્દોમાં આ પુસ્તક એ પાયાની કેળવણી પરના તેમના પ્રસિદ્ધ પ્રતિષ્ઠિત અને મનનીય પુસ્તક 'કેળવણીના પાયા'નો અનુગ્રંથ કહી શકાય, ૧ ૦-૦.

ઇશુ ખ્રિસ્ત: 'રામ અને કૃષ્ણ,' 'બુદ્ધ અને મહાવીર,' 'સહજાનંદ સ્વામી' આદિ સરળ અને છતાં ચિંતનવિવેકસભર ને ઉત્કૃષ્ટ ચરિત્રમાળા આપનારા સ્વ. શ્રી કિશોરલાલ મશરૂવાળાનું એ જ માળાનું પુસ્તક, ૦-૧૦-૦.

પ્રકીર્ણ

કંચુકીબંધ: એકાંકી નાટિકાકાર તરીકે જાણીતા શ્રી શિવકુમાર જોષીની પ્રથમ નવલકથા, પ્રાપ્તિસ્થાન: સ્વાતિ પ્રકાશન, ૨૨૬ સૅમ્યુઅલ સ્ટ્રીટ, મુંબાઈ-૩, ૬-૦-૦; **Gems from the Treasure-house of Tamil Literature** અંગ્રેજીમાં તમિળ સાહિત્યની નમૂનારૂપ કવિતાવાનગી, તમિળ સાહિત્યનાં મહત્ત્વનાં અંગોના પરિચય સાથે, પ્રકાશક: Tamil Writers' Association, 4/65 W.E.A. Karol Bag, New Delhi-5 કિંમત છાપી નથી.

પૃથ્વીની સપાટીથી લગભગ ૩૦૦ માઈલ ઊંચે કૃત્રિમ ચંદ્ર મોકલીને તેની આસપાસના વાતાવરણ તથા બીજી ડઝનેક અનુષંગી બાબતોનું વૈજ્ઞાનિક સંશોધન શરૂ કરતું

ઈન્ટરનૅશનલ જીઓફીઝિકલ ઈઅર

I.G.Y.

આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષ

અમુક બાબતોમાં આપણે ચંદ્ર વિષે જેટલું જાણીએ છીએ તેટલું યે આપણી પૃથ્વી વિષે જાણતા નથી એમ કોઈ કહે તો સહેજે આશ્ચર્ય થાય; પણ એ હકીકત છે. એનું એક કારણ એ છે કે કોઈ એક રાષ્ટ્રનો વિજ્ઞાની એકલો પોતાની પ્રયોગશાળામાં બેઠો બેઠો સમગ્ર પૃથ્વી વિષેનું જ્ઞાન ન જ મેળવી શકે. એ માટે તો સર્વે રાષ્ટ્રોના વિજ્ઞાનીઓએ સહકારથી કાર્ય કરવું જોઈએ.

આવો પ્રથમ વ્યાપક પ્રયોગ ઈ. ૧૮૮૨-'૮૩માં થએલો, જ્યારે દુનિયાના વૈજ્ઞાનિકોએ સાથે મળીને પૃથ્વી પરના ધ્રુવપ્રદેશનું સંશોધન-નિરીક્ષણ કરેલું, અને તેને 'ધ્રુવ-વર્ષ' નામ આપેલું. પચાસ વર્ષ પછી ઈ. ૧૯૩૨-'૩૩માં બાર દેશોના વિજ્ઞાનીઓએ સાથે મળીને એવું જ 'બીજું ધ્રુવ-વર્ષ' યોજ્યું, જે વખતે વધારામાં આયોનોસ્ફીઅરને લગતો અભ્યાસ કરવામાં આવેલો, અને બીજાં પચાસ વર્ષ પછી ઈ. ૧૯૮૨-'૮૩માં હવેનું 'ધ્રુવ-વર્ષ' યોજવાનું વિચારેલું; પણ તે પછીનાં થોડાંક જ વર્ષમાં વિજ્ઞાને એટલી બધી પ્રગતિ કરી કે આ વિચાર બદલાયો.

આથી ઈ. ૧૯૫૦ની શરૂઆતમાં થોડાક વિજ્ઞાનીઓ યુ. સ્ટે. અમેરિકાના પાટનગર વૉશિંગ્ટનમાં અવિધિસર મળ્યા અને ઠરાવ્યું કે ત્રીજું ધ્રુવ-વર્ષ બીજાં પચાસ નહિ પણ પચીસ વર્ષે ૧૯૫૭-'૫૮માં યોજવું ઉચિત થશે; કેમકે એ વર્ષમાં સૂર્યની પણ તીવ્ર પ્રવૃત્તિનો સમય છે. સૂર્યના ૧૧ વર્ષના ચક્રનો એ મહત્તમ કાળ છે. ૧૯૫૪માં ઓછામાં ઓછેથી શરૂ થઈ ૧૯૫૭-'૫૮ દરમિયાન તે એવી સ્થિતિએ પહોંચે છે કે જ્યારે પૃથ્વીના વાતાવરણમાં ભૂભૌતિક પ્રક્રિયાઓ નિહાળવાની અસાધારણ તક મળે છે. અને હવેના સંશોધનમાં વાતાવરણ ઉપર વધુ ધ્યાન આપવું જરૂરી છે, કેમકે પૃથ્વીનું હવામાન વાતાવરણમાં ઘડાય છે ને હવામાન પૃથ્વી પરના એકેએક મનુષ્યને અસર કરે છે. વળી, હવામાન રેડિયો-સંદેશ વ્યવહાર અને વહાણવટા ઉપર પણ અસર કરે છે.

ઉપર્યુક્ત વિચારણાને પરિણામે ૧૯૫૧ના ઑક્ટોબરમાં જગતભરના વૈજ્ઞાનિક મંડળોના સંઘની—ઈન્ટરનૅશનલ કાઉન્સિલ ઑવ સાયન્ટિફિક યુનિયન્સની—કારોબારીની બેઠક મળી અને એક પ્રાથમિક યોજના તૈયાર થઈ. તેમાં એવું ઠરાવ્યું કે આ વખતે પહેલા અને બીજા ધ્રુવ-વર્ષની પેઠે માત્ર ધ્રુવપ્રદેશ ઉપર જ તપાસ ન કરતાં આખી પૃથ્વી ઉપર સંશોધન કરવું અને દરેક દેશ પોતપોતાના વિસ્તારમાં શું કામ કરશે તેનો કાર્યક્રમ તૈયાર કરવો.

એ પરથી એક વિશ્વવ્યાપી કાર્યક્રમ ઘડાયો અને તેમાં ભાગ લેનાર દરેક દેશે ઠરાવેલા ધોરણે જ સંશોધનો કરવાનું તથા તેમાં મળેલી માહિતીઓનો પરસ્પર વિનિમય કરવાનું સ્વીકાર્યું. એમનો એ કાર્યક્રમ જોઇએ તો આપણને ખયાલ આવે કે જે ગ્રહ ઉપર આપણે રહીએ છીએ એ ખુદ પૃથ્વી વિષે પણ હજી આપણે કેટલું ઓછું જાણીએ છીએ. હજી આજે પણ દક્ષિણ ધ્રુવ-પ્રદેશની શી અસર વસતિવાળા પ્રદેશો પર થાય છે તેનો જવાબ અંશતઃ જ આપી શકાય છે. સૂર્યની પ્રવૃત્તિ, ધ્રુવ-પ્રકાશ અને આકાશી ચુંબકત્વનો ચોક્કસ સંબંધ શો છે તેનો આપણને સ્પષ્ટ ખયાલ જ નથી. સંકોચાતી જતી હિમનદીઓ સાક્ષી પૂરે છે કે પૃથ્વી વધુ ગરમ થતી જાય છે, પણ તેનું કારણ આપણે જાણતા નથી. પૃથ્વીની આસપાસ દક્ષિણ અને ઉત્તર ધ્રુવપ્રકાશ ક્યાં સુધી વિસ્તરે છે તે ય આપણે જાણતા નથી. આ અને આવા બીજા અનેકવિધ પ્રશ્નોનો અભ્યાસ આ 'સંશોધન-વર્ષ' દરમ્યાન થવાનો છે, જેનું નામ (તેની કામગીરી ઉપરથી) 'આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષ' રાખવામાં આવ્યું છે, અને જેનો કાર્યક્રમ આ માસની પહેલી તારીખથી શરૂ થઈ ચૂકયો



આપણા આ ગ્રહ–પૃથ્વીને તળિયે આવેલા ચમત્કારી દક્ષિણ ધ્રુવખંડની એક લાખ ચોરસ માઇલ ધરતી પર વિજય મેળવનાર રીઅર ઍડમિરલ રીચર્ડ ઇ. બાયર્ડની આ કથા છે.



તેનો જન્મ ૧૮૮૮માં અમેરિકામાં વિન્ચેસ્ટર ગામે થએલો. ૧૯૧૨માં તે નેવલ ઍકેડેમીના સ્નાતક થયા; પણ તેની ઇચ્છા તો જ્યાં કોઇએ પગ ન મૂકેલો તે ધ્રુવપ્રદેશોનો તાગ લેવાની હતી.



કિશોરવયથી તે માનતા કે દક્ષિણ ધ્રુવ 'ભૂમિખંડ' છે, 'સાગર' નથી. પ્રથમ વિશ્વયુદ્ધમાં તે વિમાની બન્યા. પછીનાં ૩૦ વર્ષ કૌટુંબિક સુખના ભોગે ધ્રુવપ્રદેશનાં સંશોધનોમાં ગાળ્યાં. (પાછળ)



છે, ને દોઢ વર્ષ લગી–'૫૮ના ડિસેમ્બરની ૩૧મી સુધી ચાલવાનો છે.

આ માટે દક્ષિણ ધ્રુવનો ઍન્ટાર્કટિકા પ્રદેશ ખાસ વિચારણા માગી લે છે. પૃથ્વી પરનો એ ઊંચામાં ઊંચો પ્રદેશ છે. દક્ષિણ ધ્રુવની આસપાસનો પચાસ લાખ ચોરસ માઈલનો એ વિસ્તાર સરાસરી બબ્બે માઈલની ઊંચાઇએ આવેલો છે. પૃથ્વી પરનાં બરફ-આચ્છાદિત શિખરોનો ૯૦ ટકા ભાગ આ પ્રદેશમાં જ છે. અહીંની હિમનદીઓ પૃથ્વી પરની ઋતુઓ વિષેનું વધુ જ્ઞાન મેળવવાની મુખ્ય ચાવી રૂપ છે, અને હવામાનશાસ્ત્ર, આયોનોસ્ફીરિક તથા ઑરોરલ ફીઝિક્સ, વિશ્વકિરણો, ભૂકંપશાસ્ત્ર અને ગુરુત્વાકર્ષણ વગેરે પરની ભૂભૌતિક અસરોને સમજવા માટે પણ આ પ્રદેશ ઘણો જ અગત્યનો છે.

આ આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષ, જે તેના અંગ્રેજી નામ 'ઈન્ટરનૅશનલ જીઓફીઝિકલ ઇયર'ના પ્રથમાક્ષરો પરથી IGY આઈ.જી.વાઈ.ના ટૂંકા નામે ઓળખાય છે તેની પ્રાથમિક ભૂમિકા અમેરિકાએ તો છેક ૧૯૫૪માં શરૂ કરી દીધેલી. તેણે ધ્રુવપ્રદેશના વિખ્યાત અમેરિકન શોધસફરી રીઅર ઍડમિરલ રીચર્ડ ઈ.બાયર્ડ(જેમની ચિત્રકથા આ લેખ સાથે છે)ની સરદારી નીચે ૧૯૫૪ની પહેલી ડિસેમ્બરે દક્ષિણ ધ્રુવમાં દરિયાના બરફની સ્થિતિનો **અભ્યાસ** કરવા તથા પોતાના 'લિટલ અમેરિકા' પ્રદેશમાં આઈ.જી.વાઈ.ના મથકનાં સ્થાન નક્કી કરવા 'એટકા' નામનું વહાણ દક્ષિણ ધ્રુવના પ્રદેશ પર મોકલાવ્યું. શીતબિંદુથીયે ૧૨૦ ડિગ્રી નીચેના કાતિલ ઠંડા વાતાવરણમાં, કલાકે ૨૦૦ માઈલની ઝડપે ફૂંકાતા પવનોમાં, બાયર્ડની ટુકડીએ તનતોડ મહેનત કરીને પોતાનાં થાણાં સ્થાપવા માંડયાં અને રફતે રફતે એવાં સાત અમેરિકન મથકો ઊભાં કરી ૧૯૫૬ની શરદમાં તો વિજ્ઞાનીઓ તથા અન્ય કાર્યકરોએ ત્યાં પહોંચી જઈ બધી જ પૂર્વભૂમિકા તૈયાર પણ કરી લીધી. દરમિયાન બ્રિટન, રશિયા, જાપાન, ફ્રાંસ, નૉર્વે, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ, આર્જેન્ટિના, ચીલી, દક્ષિણ આફ્રિકા અને બેલ્જિયમે પણ પ્રાથમિક તૈયારીઓ કરી લીધી. આમ, દક્ષિણ ધ્રુવના થીજી ગએલા એ વિરાળ ખંડનાં ભૂભૌતિક રહસ્યો પર આક્રમણ કરવા બાર દેશોનાં કુલ મળી ૬૦ જેટલાં નિરીક્ષણકેન્દ્રો ઊભાં થયાં છે. જે પ્રદેશ સામાન્ય રીતે આજે વસતિવિહીન છે, ત્યાંની કામગીરીમાં પચાસેક જહાજો, એટલાં જ વિમાનો ને ૨૦૦ જેટલી મોટરો સામેલ થશે, અને એની બધી પ્રવૃત્તિઓ પરાકાષ્ઠાએ પહોંચશે ત્યારે વસતિ ૫૦૦૦થી વધુ થઈ જશે!


પણ આ તો ભૂભૌતિક વર્ષના વ્યાપક કાર્યક્રમો પૈકી એક જ અંગની વાત થઈ. પરંતુ એનો સૌથી વધુ આકર્ષક કાર્યક્રમ તો છે 'કૃત્રિમ ચંદ્ર'નો. 'કુમાર'ના ૩૮૬મા અંકમાં તેને વિષે થોડી માહિતી પ્રકટ થઇ ચૂકી છે. ૨૦ રતલથી સહેજ વધુ વજનવાળા, અને લગભગ ૨૦ ઇંચના વ્યાસના આ કૃત્રિમ ચંદ્ર(સેટેલાઈટ)ને પૃથ્વી આસપાસના પરિભ્રમણ માર્ગ પર મૂકવા માટે ૭૨ ફૂટ લાંબો અને ૧૧ ટન વજનના 'વૅન્ગાર્ડ



૧૯૨૪માં ઉત્તરધ્રુવ ઉપરના એક સૂચિત ઉડ્ડયનમાં તેમને કામગીરી સોંપાઈ. એ ઉડ્ડયન તો બંધ રહ્યું, પરંતુ ધ્રુવ ઉપર વિમાનમાં ઊડવાનો વિચાર એમના અંત:કરણમાં દૃઢ થઈ ગયો.




૧૯૨૫માં નૅશનલ જ્યોગ્રાફિક સોસાએટીના સહકારથી તેમણે ફ્લૉઇડ બેનેટની સાથે ગ્રીનલૅન્ડ પર કેટલાંક નોંધપાત્ર ઉડ્ડયનો કર્યાં, જેમાં ધ્રુવ પ્રવાસમાં રહેલાં જોખમો દેખાઇ આવ્યાં.



૧૯૨૬માં એ બંનેએ પોતાની મેળે જ ઉત્તર ધ્રુવ ઉપર ઉડ્ડયન કરવાનું ઠરાવ્યું. મહા મુશ્કેલીએ પાંચ લાખ રૂપિયા એકઠા કરી અમેરિકી સરકાર પાસેથી ચેન્ટીઅર નામનું જહાજ મેળવ્યું.

રૉકેટ'નો ઉપયોગ થવાનો છે. ચંદ્રને લઇને છોડવામાં આવેલું એ રૉકેટ, પૃથ્વીની સપાટીથી લગભગ ૩૦૦ માઈલ ઊંચે તેને લઈ જઇને મૂકવામાં ત્રણ તબ્બકે પોતાની કામગીરી પૂરી કરીને ખલાસ થઇ જશે. પરિણામે પૃથ્વીના ગુરુત્વાકર્ષણની બહારના પરિભ્રમણ માર્ગ પર પેલો ચદ્ર મુકાઈ જશે, અને કલાકે લગભગ ૧૮,૦૦૦ માઇલની ઝડપે, એટલેકે દર ૯૦ મિનિટે તે પૃથ્વીની પ્રદક્ષિણા કરતો થઈ જશે. વિજ્ઞાનીઓ ધારે છે કે તેની ગતિ ધીમી પડતાં, પૃથ્વીના વાતાવરણમાં તે સરતો જઇને ઘર્ષણથી ગરમ થઇ સળગી જશે. પણ એ રીતે નાશ પામતાં તેને ઓછામાં ઓછાં બેએક અઠવાડિયાં તો થશે જ. છતાં જો અનુકૂળ સ્થિતિ હોય તો તે પૃથ્વીની આસપાસ બે થી પાંચ વર્ષ સુધી પણ પરિભ્રમણ કરી શકે! મૅગ્નેશિયમ અને ઍલ્યુમિનિયમનો એ સેટેલાઇટ (કૃત્રિમ ચંદ્ર) અહીંથી ઊપડતાં જ દુનિયાભરનાં બધાં ટ્રૅકિંગ સ્ટેશનો (સંશોધન કેન્દ્રો) કાર્યરત થઈ જશે અને સેટેલાઇટમાં ગોઠવેલા 'મિનિટ્રૅક ટ્રાન્સમીટર' દ્વારા આવતી સંજ્ઞાઓના આધારે તેના માર્ગને અનુસરશે. એ માર્ગ અત્યંત ચોકસાઈથી નક્કી કરવા માટે બાર નિરીક્ષણ-કેન્દ્રો ઉપર, ખાસ બનાવટના, દૂરથી તસવીર લેનારા કૅમેરા ગોઠવવામાં આવ્યા છે. આમાંનું એક કેન્દ્ર ભારતમાં નૈનિતાલ મુકામે પણ છે. આ કૅમેરા એટલી બધી ચોકસાઈ ધરાવે છે કે તેમાં એ ઉપગ્રહની આગળપાછળની દિશામાં ૨૫ ફૂટ અને બંને પડખે ૧૦ ફૂટથી વધારે ભૂલ નહિ આવે. વળી, આ કૅમેરા જાણીતા તારાઓને પશ્ચાદ્‌ભૂમિમાં રાખીને એ સેટેલાઈટની તસવીરો લેશે. તસવીરો લેવા-યાનો સમય એક ઘડિયાળ આપોઆપ નોંધી લેશે, જે એક સેકંડના હજારમા ભાગની પણ ચોકસાઈ જાળવીને નોંધવાની શક્તિ ધરાવે છે! આ તસવીરોથી જે સૂક્ષ્મ માપ શકય બનશે તે માપની જ ભૂભૌતિક-શાસ્ત્રીઓ કેટલાં યે વર્ષોથી રાહ જોઈ રહ્યા હતા.

પૃથ્વીનો ચોક્કસ આકાર કેવો છે તે નક્કી કરવા માટે આ બધાં માપની જરૂર છે. ઘણા વખતથી આપણે જાણીએ છીએ કે પૃથ્વી પૂરે-પૂરી ગોળમટોળ નથી. તે ધ્રુવ પાસે ચપટી છે અને અમુક અમુક સ્થળે તે વધુ ઉપસેલી અથવા બેસી ગએલી છે. માપવાની ચાલુ પદ્ધતિઓ-થી આ બધું પકડી શકાતું નથી. પણ ઊડતા સેટેલાઇટ વડે લેવાએલી તેની તસવીરોથી સૂક્ષ્મતમ મોજણી મળી આવશે.



આમ, રેડિયો અને દૂરબીન કૅમેરા વડે સેટેલાઇટના પરિભ્રમણની ગતિ, માર્ગ તથા દિશા વગેરેની નોંધો ઉપરાંત, વાતાવરણના એ ઉપલા આવરણનાં દબાણ, ઉષ્ણતામાન, વાયુઓનું બંધારણ, સૂર્યકિરણોની તે સ્થળે થતી અસર આદિ ઘણી વિગતો પણ આપોઆપ પૃથ્વી પર નોંધાતી આવે તેવી એ ટચૂકડા અવકાશયાનમાં વ્યવસ્થા કરવામાં આવી છે.

ટ્રૅકિંગ સ્ટેશનોએ મળતી આ બધી નિરીક્ષણ-માહિતી દરેક સ્ટેશન તત્કાળ વૉશિંગ્ટનના મુખ્ય કેન્દ્ર પર મોકલી આપશે. ત્યાંથી ટેલિફોન અને ટેલિટાઈપ વડે અન્ય કેન્દ્રો પર આ સમાચાર પહોંચશે, જ્યાં એ આંકડાઓને તુરત જ, અતિ ઝડપે કાર્ય કરતા વીજળિક ગણિત-યંત્ર 'ઇલેક્ટ્રૉનિક કૉમ્પ્યુટિંગ મશીન'માં ભરી દેતાં એનું વીજળીક મગજ અતિશય ઝડપે સેટેલાઇટના ભ્રમણની ગણતરીઓ કરી આપશે. આ



રિચર્ડ બર્ડ અને ફ્લૉઇડ બેનેટ થયા એ ત્રણ મોટરવાળા વિમાનમાં ૧૯૨૬ના મેની ૯મીએ તે ઉત્તર ધ્રુવ પર પહોંચ્યા. ધરતીના એ મથાળા પર હવામાંથી નજર નાખનાર એ પહેલા મનુષ્ય હતા.



૧૯૨૭માં ઓર્ટેગ ઈનામ માટેનું ન્યૂ યૉર્કથી પારીસનું સળંગ ઉડ્ડયન લિંડબર્ગે સફળ કર્યું. પણ પહેલું ખરેખરું વૈજ્ઞાનિક ઉડ્ડયન તો બાયર્ડે જ આરંભ્યું, પણ ફ્રાન્સને કિનારે વિમાન તૂટી પડ્યું.



૧૯૨૯ની ૨૯મી નવેમ્બરે બાયર્ડ ને બાલ્ચેને દક્ષિણ ધ્રુવ પર ઉડ્ડયન કરી વિમાનમાંથી અમે-રિકન વાવટો ફેંક્યો. આ રીતે તે ઉત્તર ને દક્ષિણ બંને ધ્રુવ પર ઊડનાર પ્રથમ મનુષ્ય બન્યા.

ગણુતરીના આધારે જુદાં જુદાં કેન્દ્રો આ કૃત્રિમ ચંદ્ર વિષે વધુ નિરીક્ષણો કરશે. આઈ. જી. વાઈ.નાં સત્તાવાર નિરીક્ષણ-કેન્દ્રો ઉપરાંત રેડિયો ટ્રૅકિંગ સ્ટેશનો, મુખ્યમુખ્ય વેધશાળાઓ તથા જગતનાં મોટાં શહેરોને પણ આ માહિતીઓ પહોંચાડાશે. શહેરોને તો એ પણ જણાવાશે કે આકાશમાં કૃત્રિમ ચંદ્ર કયે સ્થાને ને કયે સમયે દેખાશે.

રાષ્ટ્રરાષ્ટ્ર વચ્ચેના શાંતિમય સહકાર વડે યોજાએલા આ વ્યાપક કાર્યક્રમમાં જગતભરના વિજ્ઞાનીઓ આજે કામે લાગી ગયા છે. ભારતમાં નૈનિતાલ, કોડાઇકેનાલ, ત્રિવેન્દ્રમ અને તિરુચિરપલ્લાઇ (ત્રિચિનોપલ્લી)માં તેનાં મથકો સ્થપાયાં છે. આમાં યે વધુ આકર્ષણ તો એ છે કે અમેરિકા તથા રશિયાએ છોડેલાં રૉકેટો તથા કૃત્રિમ ચંદ્રોને નૈનિતાલ મથકેથી ખાસ કૅમેરાઓ વડે ઝડપી પણ શકાશે.

આમ, આ આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષ દરમિયાન પૃથ્વી અને તેના વાતાવરણની આજ પહેલાં કદી નહિ થઈ હોય એવી સંપૂર્ણ તપાસ થવાની છે, જેમાં વિજ્ઞાનીઓ ધ્રુવપ્રકાશ અને હવાનો ઝળહળાટ, વિશ્વકિરણો, ભૂચુંબકત્વ, હિમનદી, ગુરુત્વાકર્ષણનું માપ, આયોનવરણનું ભૌતિકશાસ્ત્ર, અક્ષાંશરેખાંશનો નિર્ણય, હવામાનશાસ્ત્ર, સાગરવિદ્યા, રૉકેટો વડે પૃથ્વી બહારના વાતાવરણનું સંશોધન, ભૂકંપશાસ્ત્ર અને સૂર્યપ્રવૃત્તિઓનો અભ્યાસ પણ કરવાના છે.



૧૯૩૪માં દક્ષિણ ખંડના પોતાના મથકથી ૧૨૩ માઈલ દૂર બરફ નીચે દટાએલી એક નાનકડી ઝૂંપડીમાં ધ્રુવદેશની આબોહવાનું નિરીક્ષણ કરવા સાવ એકલા રહેવાનો તેમણે સાહસપ્રયોગ કર્યો.



પણ ઝૂંપડીના ખરાબ ચૂલામાંથી નીકળતા ધુમાડાએ ધીમેધીમે ઝેરી અસર નિપજાવવા છતાં તેમણે કોઈને મદદે ન બોલાવ્યા. આખરે એક બચાવ-ટુકડી ઑગસ્ટમાં ત્યાં પહોંચી ગઈ.



૧૯૫૪માં નૌકાસૈન્યની 'ઑપરેશન ડીપફ્રીઝ'-ની સરદારી લઇ બારે માસનાં ધ્રુવમથકો સ્થાપ્યાં, ખનીજના વિકાસનો પાયો નાખ્યો, નવા કિનારા માપી નવા પ્રદેશો શોધ્યા. ચુંબકત્વની




આધુનિક સાધનસામગ્રી છતાં એ વખતે પ્રત્યેક ઊંડા તરાડમાં ને તૂટતા વિશાળ હિમરાશિમાં તેમના પર મોત ઝઝૂમી રહ્યું હતું. ઠંડી તો શૂન્યથી નીચે ૭૦ અંશથી પણ આગળ પહોંચી જતી.



ઑપરેશન ડીપફ્રીઝ એ વિશ્વવ્યાપી નિરીક્ષણથી પૃથ્વી વિષે માહિતી મેળવવા માટેનો સરકાર અને વૈજ્ઞાનિક મંડળોનો સહકારી પ્રયત્ન હતો. અંતે ૧૯૫૭ની ૧૧મી માર્ચે તે અવસાન પામ્યા.



મનાય છે કે ધ્રુવપ્રવાસની હાડમારીએ જ તેમની આવરદા ટૂંકાવી. પ્રમુખ આઇઝનહોવરે તેમને મક્કમ મનના હિંમતબાજ પ્રવાસી ને દેશના સાચા સેવક તરીકે ઓળખાવ્યા.



↑ અગિયાર વર્ષની વયે પોતાના મોટાભાઈ પર લખેલો પોસ્ટ કાર્ડ, જેમાં મહેતાજી ગામ જવાથી વર્ગ લેવા એમને (એટલી નાની ઉમરે) સોંપાયું હોવાનો ઉલ્લેખ છે.

દીવાન બહાદુર કૃષ્ણલાલ મો. ઝવેરી (અનુ. પૃ. ૩૪૯થી ચાલુ) બજાવવાની મંજૂરી તેમને ક્યારેક મળતી અને છેલ્લે તે મળતી બંધ થએલી. ત્યારે સર ફિરોજશાહ મહેતાને રજવાડાનું પુષ્કળ કામ મળતું, તે અંગે મેમોરીઅલોના ખરડા બનાવવા પડતા. કેટલીક વાર એ કામ તેઓ શ્રી કૃષ્ણલાલને સોંપતા. અને શ્રી કૃષ્ણલાલ પણ તેમને હાઇકોર્ટની પોતાની અપીલો માટે બૅરિસ્ટર તરીકે રોકતા.

સર ચીમનલાલ ૧૯૧૭ થી ૧૯૨૯ સુધી મુંબાઇ યુનિવર્સિટીના વાઇસચાન્સેલરપદે હતા તે દરમ્યાન કૃષ્ણલાલને ફેલો નિમાવવા માટે પ્રયાસ કરી રહ્યા હતા. અંતે ૧૯૨૮ના માર્ચમાં તેઓ ફેલો નિમાયા, અને આખર સુધી ચાલુ રહેલા. ૧૯૨૯ના જૂનમાં સરકારે તેમને દીવાન બહાદુરના ઇલ્કાબથી નવાજ્યા. તેઓ જે. પી. (જસ્ટિસ ઑવ ધ પીસ) પણ હતા. શ્રી કનૈયાલાલ મુનશી જેલ જતાં કૃષ્ણલાલ તેમને સ્થાને સિંડિકેટના સભ્ય ચૂંટાયા, તે આખર સુધી રહ્યા. વળી યુનિવર્સિટીની કાયદાની ફૅકલ્ટીના ડીન ન્યાયમૂર્તિ કાઝીજીના અવસાન બાદ તેમની જગ્યાએ પણ તેઓ આવ્યા, જે હોદ્દે તેઓ આખર સુધી ચૂંટાતા આવેલા. એ હોદ્દાની રૂએ યુનિવર્સિટીની લાયબ્રેરી કમિટીના પણ તેઓ કેટલાં યે વર્ષોથી આખર સુધી ચૅરમન રહેલા. યુનિવર્સિટીની આ ઉજ્જ્વલતમ કારકિર્દીની સાથે નીચે જણાવેલી ભરચક કામગીરીનો પણ સમાવેશ થાય છે: નાણાં રોકવાની કમિટી ને ટ્રસ્ટ કમિટીના તેઓ આખર સુધી સભ્ય હતા. પુસ્તકપ્રસિદ્ધિ ખાતું, ઇકૉનૉમિક સ્કૂલ તથા ટેકનોલૉજીની કૉલેજના સલાહકારમંડળમાં તેઓ આખર સુધી હતા. કેટલાંએક વરસથી પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમના ટ્રસ્ટી બોર્ડ પર મુંબાઈ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે તેઓ સતત નિમાયે જતા હતા. આ પ્રવૃત્તિઓ ઉપરાંત બીજી અનેક પેટાસમિતિઓમાં પણ તેઓ હતાં. વસનજી માધવજી ઠક્કર વ્યાખ્યાનમાળા સ્થપાઈ ત્યારથી વ્યાખ્યાનકારોની પસંદગી કરવાના કામમાં પણ તેઓ આખર સુધી ભાગ લેતા આવેલા. ૧૯૪૯માં શ્રીમતી નાથીબાઇ દામોદર ઠાકરસીની સ્ત્રીઓની યુનિવર્સિટી(કર્વે યુનિવર્સિટી)ની ચાલક સમિતિ પર તેઓ ઉપપ્રમુખ ને પાછળથી પ્રમુખ તરીકે ચૂંટાતા આવેલા. એ યુનિવર્સિટી અંગે મુંબાઈ સરકારે કાયદો પસાર કર્યા બાદ લેડી ઠ.કરસી એક વરસ માટે તેનાં વાઇસચાન્સેલર નિમાએલાં. તે પદે માર્ચ ૧૯૫૨થી શ્રી કૃષ્ણલાલની નિમણૂક થતાં તેમણે સખત જહેમત ઉઠાવીને યુનિવર્સિટીને સદ્ધર પાયા પર મૂકી આપી.

૧૯૨૯માં સરકારે મુંબાઈના હુલ્લડની તપાસ સમિતિમાં એમની નિમણૂક કરી હતી. અમદાવાદમાં એ જ વર્ષમાં મિલમજૂરો અને મિલમાલિકો વચ્ચે પગારની રકમ સબંધી વાંધો પડતાં તે વાંધો મહાત્મા ગાંધીજી અને શેઠ મંગળદાસ ગિરધરદાસ પાસે લવાદ તરીકે મૂકવામાં આવ્યો. તેમાં બંને લવાદો વચ્ચે મતભેદ થતાં સરપંચ તરીકે એમને નીમવામાં આવેલા, અને બેઉ પક્ષની તકરાર સાંભળી એ પ્રશ્નનો અભ્યાસ કરી એમણે જે નિર્ણય આપ્યો તેથી બંનેને સંતોષ થયો હતો.

૧૯૨૮ની ૩૦મી ડિસેમ્બરે નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ પણ તેમણે જે વિપુલતમ કામગીરીઓ બજાવી છે તેનો અહેવાલ જો લેવામાં આવે તો મોટો ગ્રંથ લખાય. અહીં તો માત્ર તેમાંની કેટલીકનો ઉલ્લેખ જ કરી શકાય. ૧૯૨૯થી પાલનપુરના નવાબી રાજ્યની હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશપદે તેમને નીમ્યા. નવાબસાહેબ તાલેમહમદખાનજી સાથેનો તેમનો સંબંધ અત્યંત મીઠાશભર્યો અને કુટુંબસરીખો હતો. ૧૯૪૮માં પાલનપુર રાજ્ય ભારતના એકમમાં ભળી ગયું ત્યાં સુધી તેઓ એ હોદ્દે રહ્યા. અસહકારના જમાનામાં જેલરો તરફથી કેદીઓને અપાતા ત્રાસ સંબંધે તપાસ કરનારી કમિટીમાં શ્રી કામાક્ષી નટરાજન, સર લલ્લુભાઈ સામળદાસ, શ્રી બાળાસાહેબ ખેર વગેરે સાથે તેમને પણ લેવામાં આવેલા. તે પછી શ્રી ખેરે અશિક્ષિત પ્રૌઢોને શિક્ષણ આપવા નીમેલા એક મંડળના તેઓ ઉપપ્રમુખ હતા; અને સર રુસ્તમ મેસ્તનજી મસાણીની પ્રવૃત્તિથી હસ્તીમાં આવેલા એવા જ એકબીજા પ્રૌઢ શિક્ષણ મંડળના પણ ઉપપ્રમુખ હતા. શ્રી નરહર મલ્હાર જોષીએ સ્થાપેલી 'સોશ્યલ સર્વિસ લીગ'ના સર નારાયણ ચંદાવરકરના અવસાન બાદ પ્રમુખ; ભારતીય વિદ્યાભવનના સ્થાપક સભ્ય; ઉદ્યોગ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ સંસ્થાના સભ્ય અને ઉપપ્રમુખ; દાદાભાઈ નવરોજી મેમોરિયલ ફંડના પ્રમુખ; ગુજરાત રીસર્ચ સોસાએટીના માનાર્હ સભ્ય; આશરે સો વર્ષ પૂર્વે સ્થપાએલી ને જેના પ્રમુખ તેમના દાદા શ્રી ગિરધરદાસ હતા તે મુંબાઈની 'જ્ઞાન પ્રચારક મંડળી'ના પ્રમુખ; સુરતની દી. બ. ચુનીલાલ ગાંધી સાર્વજનિક એડ્યુકેશન સોસાએટીના સભ્ય; ઇંડિયન રેડ ક્રૉસ સોસાએટીની મુંબાઈની શાખાના ઘણાં વરસથી સભ્ય, ઉપપ્રમુખ ને બાદ પ્રમુખ (૧૯૫૩); મુંબાઈની આર્ટ સોસાએટીના તેમજ દિલ્હીની ઇન્ડિયન આર્ટ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટીના સભ્ય; સર રુસ્તમ મસાણીની પરદેશો સાથે સંકળાએલી ઇન્ડિયન કલ્ચર ઍન્ડ એડ્યુકેશન સંસ્થાના સભ્ય; સિડનહામ કૉલેજ ઑવ કૉમર્સ

ના સલાહકારમંડળના ૧૯૧૦થી તે ૧૯૫૨માં સરકારે મંડળ સંકેલ્યું ત્યાં સુધી સભ્ય; 'ડિપ્લોમા ઈન કો-ઑપરેટિવ ઍકાઉન્ટન્સી' આપવાની વ્યવસ્થા કરનાર સરકારનિયુક્ત મંડળના શરૂઆતથી સભ્ય; મૅડમ સોફિયા વાડિયાએ સ્થાપેલા અખિલ ભારતીય લેખકમંડળ પી. ઈ. એન.ની મૅનેજિંગ કમિટીના પ્રમુખ; શ્રીમતી નાથીબાઈ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરના હોદ્દાની રૂએ મુંબાઈ, વડોદરા, ધારવાડ, પૂના ને ગુજરાત યુનિવર્સિટીની સેનેટના સભ્ય, મુંબાઈ યુનિવર્સિટીની સિંડિકેટ ને ઍકેડેમિક કાઉન્સિલના પચીસેક વર્ષ સુધી સભ્ય; દિલ્હીના કુષ્ઠ નિવારણ મંડળની મુંબાઈ ખાતેની શાખાની કમિટીના ઉપપ્રમુખ; મુંબાઇના 'ધ મધર્સ ઍન્ડ ચિલ્ડ્રન્સ સોસાએટી' નામના મંડળની મૅનેજિંગ કમિટીમાં વર્ષો સુધી કામ કર્યા બાદ મુંબાઈની 'રેડ ક્રૉસ સોસાએટીના પ્રતિનિધિ તરીકે સભ્ય; એલ્ફિન્સ્ટન કૉલેજની રાહબરી તળે ચાલતી એલ્ફિન્સ્ટોનિયન સોસાએટીની મૅનેજિંગ કમિટીના સભ્ય; ધ બૉમ્બે બ્રાંચ ઑવ ધ રૉયલ એશિયાટિક સોસાએટી (આજે મુંબાઈ રાજ્યના મધ્યસ્થ ગ્રંથાલય)ની વ્યવસ્થાપક કમિટીના ઉપપ્રમુખ; શ્રી ફાર્બસ ગુજરાતી સભાના સભ્ય ને પછી પ્રમુખ અને ધ બૉમ્બે લેબર વેલ્ફેર એસોસીએશનના સભ્ય તેઓ હતા.

સ્વભાવે તેમનો ખુશનુમા હતો; જોકે અવસ્થાના ઓળાને તથા કાર્યસરચક્ર વગેરેને કારણે છેલ્લેછેલ્લે ક્યારેક તેઓ આકળા ને આકરા થઈ જતા. પણ પછી સૌની ક્ષમા માગતા હોય તેમ કહેતા: 'મારી ઉમર થઈ એટલે મારાથી કંઈ કહેવાઈ જાય તો માઠું લગાડશો નહિ.' તેમનું આરોગ્ય ઘણું સારું હતું. શરીરે ખાસ માંદગી એમણે ભોગવી ન હતી. છેલ્લે આંખ ને કાનને અંગે થોડી તકલીફ રહેલી ને કાંઈક શિથિલતા આવેલી. તેમાં ગઈ તા. ૩૦મીએ જોગેશ્વરીમાં તેમના બંગલાના સ્નાનગૃહમાં ઓચિંતા પડી ગયા અને ડાબા પગનું હાડકું તૂટી ગયું. તે જ દિવસે તેમને હરકિસનદાસ ઑસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. પહેલે અઠવાડિયે તેઓ હસતાબોલતા હતા. બીજે અઠવાડિયે આકરો તાવ ચડયો, જેમાં ગળું પકડાઈ ગએલું. છતાં તેમની કાર્યપરાયણતા ચાલુ રહેલી. ટ્રસ્ટીઓ, સેક્રેટરીઓ વગેરેને તેઓ સલાહસૂચનો આપતા રહેતા. રાતના તેમનાં પ્રિય ભજનો 'વૈષ્ણવજન' વગેરે ચાલુ રહેતાં. ચારેક દિવસમાં તબિયતમાં ગંભીર બગાડ જણાતાં ૧૫મીએ બપોરે તેમને કાંદાવાડીમાંના તેમના નિવાસસ્થાન પિતલે મૅન્શન પર લઈ જવામાં આવ્યા. ઑસ્પિટલથી ઘેર આવતાં પોતાના ઘેર આવ્યાનું ભાન તેમને થયું અને દીવાલ પરની શ્રીનાથજીની છબિને વંદન કર્યાં. જોકે વધુ વખત તો બેહોશ જેવા જ રહેલા. ચાલી રહેલા ગીતાના પાઠશ્રવણમાં એકતાન બની જતા ને કોઈ કોઈ શબ્દ બોલી તેમાં સાથ પુરાવતા. કુટુંબનાં ઘણાંખરાં સ્વજનો ત્યારે હાજર હતાં. તેમના ભાણેજ શ્રી રામલાલ નવનીતલાલ તો બધો સમય ખડે પગે ને આતુર ચિત્તે તેમની સતત શુશ્રૂષામાં હતા. એકાદ કલાકના ગીતાપાઠ પછી ૧૫મી જૂન ને શનિવારે રાત્રે અગિયાર વાગ્યે તેમણે દેહ છોડયો. એમની કૃતકૃત્ય શાંતપ્રગલ્ભ પ્રતિભામુદ્રા લહીને ખુદ મૃત્યુ ધન્ય બન્યું હશે!

તેમના દીર્ઘ જીવનની ચાવી હતી 'સપ્રમાણતા'. આહારવિહાર કે જીવનના કોઈ કાર્યમાં તેઓ અતિરેક કરતા નહિ. નિયમસરનું પથ્ય આચરણ તેમણે જીવનમાં આમરણ સાચવેલું. આ સપ્રમાણતાને તેમણે પોતાના વિચારો વડે પણ પચાવી દીધેલી. ગમે એવું કઠણ કામ હાથમાં આવે તોપણ તેની પાછળ કમર કસીને, તથા તેને સિદ્ધ કરવાની હરેક અજમાયશ વિષે તટસ્થ વિચારણા કરીને તે મુજબ તેઓ લાગી જતા. તેમના વિચારોનું કાર્ય સાથે એટલું એકત્વ સધાએલું કે તેમના મનમાં ઉદ્વેગનો ઉદય સરખો ભાગ્યે જ થતો. તેમની સફળ કામગીરીનું રહસ્ય હતું નિયમિતતા. કઠિનતમ અને વિપુલતમ કામગીરીઓને પણ તેમણે એવા સુનિયમિતસ્વરૂપે વિભાજિત કરેલી કે તેમના સભામાં આવવાજવા પરથી ઘડિયાળને યથાસમય મૂકી શકાય! તેમની લોકપ્રિયતાની ચાવી હતી તેમનો પ્રેમાળ સ્વભાવ, તથા સમાધાનની અને કોઈને ક્યારેય માઠું ન લાગવા દેવાની વૃત્તિ. એક વાર તેમના એક ભાણેજે તેમને પૂછેલું: 'નાનામામા, લોકો તો હવે ઇલકાબો છોડે છે, ને તમે તો દીવાનબહાદુરનો ઇલકાબ સ્વીકાર્યો!' જવાબમાં તેમણે કહ્યું: 'તને ખબર છે ને કે બનતાં સુધી હું કોઇને માઠું લગાડતો નથી?' વકીલ હતા તે વખતથી માંડીને તે વડા ન્યાયાધીશ થયા ત્યાં સુધીમાં તેમણે કોઇને અદાલતમાં જવાની સલાહ આપી નથી. એમના આખા જીવનનું સૂત્ર હતું સમાધાનવૃત્તિ. જ્યાં સુધી ઘરમેળે નિકાલ થતો હોય ત્યાં સુધી અદાલતમાં ન જવું એવી સલાહ તેઓ હમેશાં આપતા. એમના જીવનમાં પણ એમને માત્ર એક જ કેસમાં, અને તે પણ પરાણે અદાલતમાં જવું પડેલું, અને તે પણ સમાધાનના સૌ માર્ગો પછી જ. બાકી ધીરેલી નાણાંની મોટી રકમો એમણે જતી કરી છે, પણ તે મેળવવા અદાલતનો આશ્રય લીધો નથી; ને અજાયબી તો એ છે કે આવાં નાણાંમાંથી કેટલીક રકમો તો સામો પક્ષ સહેલાઈથી આપી શકે એમ હતું તે છતાં એમણે તેના પર નોટીસ સુદ્ધાં બજાવી નથી.

તેમના બહોળા અનુભવ ને પ્રબળ વહેવારદષ્ટિને કારણે હરકોઇ ક્ષેત્રને વિષે સલાહ લેવા આવનાઓનો તેમને બારણે ધસારો રહેતો. તેમના જીવનનો પદાર્થપાઠ તેમના પોતાના જ શબ્દોમાં આ પ્રમાણે છે:

> 'મારા નેવ્યાસી વરસના જીવનમાં જાતજાતના પ્રસંગો જોઇ, અનુભવો મેળવી હું એક પાઠ શીખ્યો છું, ને તે એ છે કે સાચે રસ્તે ચાલવું, હસીને બોલવું, નમ્રતા રાખવી, દંભ કે અહંભાવ રાખવો નહિ, અને સંસારમાં રહેવું હોય તો આ છેડે પણ નહિ, પેલે છેડે પણ નહિ, વચલે રસ્તે જવું.'

'સંસારસું સરસો રહે, મન મારી પાસ' એ અનુસાર તેમના કર્મનિષ્ઠ જીવનની ક્ષણેક્ષણ ધર્મને જ અર્પણ થએલી. રોજ સવારે ઊઠીને તથા રાત્રે સૂતી વખતે તેઓ નિયમિતપણે પ્રાર્થના કરતા. 'વૈષ્ણવજન', 'નારાયણનું નામ જ લેતાં', 'ભૂતલ ભક્તિપદારથ મોટું', 'મૈં યોગિન બન જાઉં' એ તેમનાં પ્રિય ભજનોમાંનાં કેટલાંક છે. ઉપરાંત ગીતાપાઠ તથા તેનું નિદિધ્યાસન આદિ ખરાં જ.

આજની દુનિયાની પ્રમાદનાં બે સાધનો રેડિયો અને ટેલિફોનનો તેમને કંટાળો હતો. કામને ટાણે ભરપૂર કામ અને કામથી થાકતાં બે મિનિટ શાંતિ; એ બંનેમાં દખલ કરનાર આ સાધનો પ્રત્યેનો તેમનો અણગમો સમજી શકાય એવો છે. સમકાલીન અનેક ખ્યાતનામ વ્યક્તિઓ સાથે તેમને ગાઢ સંપર્ક હતો, જેમાં સાહિત્યકારો, ભાષાવિદો, ધારાશાસ્ત્રીઓ, દેશસેવકો વગેરે અનેક ક્ષેત્રાધિકારીઓનો સમાવેશ થાય છે. અર્વાચીન ગુજરાતીનાં સાહિત્ય-શિક્ષણ-સંસ્કારના તો તેઓ પિતામહ સમાન હતા, તેની પ્રતીતિ અનેકવિધ ક્ષેત્રોમાંની તેમની વિપુલ ને માતબર કામગીરી પરથી વાચકને થઈ જ હશે.

તેમનો સ્વભાવ વિનોદી અને વર્તાવ સૌ કુટુંબીઓ-સ્વજનો તરફ એકસરખો સમાનતાભર્યો. મે માસની અથવા દિવાળીની રજાઓમાં સ્વજનો—કુટુંબીઓને મળવા વતન ભરૂચ જતા ત્યારે રાતના સૌ પરવાર્યે ઘરના મોટા દીવાનખાનામાં 'મેળો' જામે. તેમાં દસબાર વર્ષનાં છોકરાં યે ભાગ લઈ શકે અને પૂછી શકે: 'મોટા કાકા, તમે આમ કરવાને બદલે આમ કરો તો ચાલે કે નહિ?' પછી સલાહ પર ચર્ચા ચાલે.

એમનો મણિમહોત્સવ ઊજવાયો તેનું એમના કુળમાં કોઇને

આશ્ચર્ય નહોતું, કેમકે દીર્ઘાયુષ્ય એ કુળમાં પેઢી દર પેઢી ચાલ્યું આવ્યું છે. એમના કાકા મનમોહનદાસ ૯૧ વર્ષની વયે અવસાન પામ્યા હતા, તેમના સૌથી મોટા ભાઈ મોતીલાલ ૮૪ વર્ષની વયે ને બીજા ભાઈ ડૉક્ટર મણિલાલ ૮૨ વર્ષની વયે ગએલા. તેમને પોતાને કોઈ સંતાન ન હતું. ભાણેજો-ભત્રીજાઓનો પરિવાર બહુ મોટો, અને એ સૌ તેમને કુટુંબના વડીલ અને મુરબ્બી ગણી તેમનો પડ્યો બોલ ઝીલતા.

તેમનાં પત્ની તુળજાબહેન લાંબું આયુષ્ય ભોગવી, તેમની ઈચ્છા મુજબ 'ચોટલે ચાંલ્લે' થોડાં વર્ષો પર સ્વર્ગવાસી થયાં. તેઓ લગભગ અશિક્ષિત હતાં. કૃષ્ણલાલકાકાએ તેમને અથાગ શ્રમ લઇને ગુજરાતી લખતાંવાંચતાં કરેલાં. તેમનું ધન્ય દાંપત્ય તેમના ભાણેજ શ્રી રામલાલ નવનીતલાલના શબ્દોમાં જ જોઇએ: 'હૃદયે ભોળાં પણ સ્વભાવે અત્યંત આકળાં એવાં મારાં મામી સાથે મામાએ સાહચર્યનાં પચાસસાઠ વર્ષ કેમ કાઢ્યાં હશે તેનો વિચાર કરતાં આશ્ચર્ય થાય છે. સ્વભાવ તેમજ કેળવણીએ એ બંને વચ્ચે આટલું અંતર હોવા છતાં એ બેનું સાહચર્ય એટલું તો ગાઢ હતું કે એકબીજાથી પાંચપંદર દિવસનો વિયોગ ન વેઠાય. મામીનું છેલ્લું દોઢ વર્ષ તો મંદવાડમાં જ ગયું. તે વખતે મામીને અમે સૌએ અમારે ત્યાં ખસેડવા કહ્યું, પણ નાના મામાએ તે સ્વીકાર્યું નહિ. આ મંદવાડમાં મામી બોલી શકતાં નહિ, તોપણ મામા બહાર જાય તો એમને કહેતા જાય કે ફલાણે જાઉં છું; અને પાછા આવે એટલે સીધા મામીના ખાટલા પાસે જઈ વાંસે હાથ ફેરવી બે શબ્દો આશ્વાસનના કહે.' તુળજાબહેનને અંગ્રેજીના માત્ર ચાર શબ્દો આવડે: યસ, નો, થૅંક્સ અને ટી. છતાં તેઓ શ્રી કૃષ્ણલાલ કાકા જોડે આખું યુરોપ ફર્યાં; કાશ્મીર, લંકા ને બ્રહ્મદેશ ફર્યાં. પ્રવાસમાં તેમની સંભાળ માટે ભાણેજોમાંથી એકાદ સાથે હોય. તેમની પાછળ શ્રી કૃષ્ણલાલ કાકાએ મુંબાઇ યુનિવર્સિટીમાં સારી સરખી રકમ આપીને ઉચ્ચતર ગુજરાતી લેનારા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની જોગવાઇ કરી આપી છે તથા એમના સ્મરણાર્થે મુંબાઈના ભગત સુવાવડખાતામાં મોટી રકમ આપીને તેમણે બિછાનાં કાઢ્યાં છે.

જૂના અને નવા સાહિત્યકારો વચ્ચે તેઓ સાંકળરૂપ હતા. પંડિતયુગના તેઓ એકમાત્ર પ્રતિનિધિ સાક્ષર હતા. તેમણે સાહિત્ય 'સર્જન' ભલે નથી કર્યું, પણ શુદ્ધ અર્થમાં 'સાહિત્યસેવા' કરી. 'સરસ્વતીચંદ્ર' પ્રકટ નહોતો થયો ત્યાર અગાઉથી તેમણે સાહિત્યલેખન આરંભેલું. શરૂઆત તેમણે જ્ઞાતિના સામયિકથી કરેલી. ગુજરાતી ગદ્યનો જન્મ એમના જન્મ પછી થયો. પ્રથમ ગુજરાતી નવલકથા 'કરણઘેલો'ની પ્રસ્તાવનામાં એના કર્તા નંદશંકર તુળજાશંકર મહેતા એમનો આભાર માને એટલી સાહિત્ય સાથેની એમની પુરાણી પ્રીત હતી. ગુજરાતી સાહિત્યનો સૌ પહેલો ઇતિહાસ અંગ્રેજીમાં 'માઈલસ્ટોન્સ ઈન ગુજરાતી લિટરેચર' અને 'ફર્ધર માઇલસ્ટોન્સ ઈન ગુજરાતી લિટરેચર (ગુજરાતીમાં 'ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો' અને 'ગુજરાતી સાહિત્યના વધુ માર્ગસૂચક સ્તંભો') એ બે પુસ્તકો દ્વારા તેમણે આપ્યો; ઉપરાંત પ્રેઝન્ટ સ્ટેઈટ ઑવ ગુજલિટરેચર' પણ તેમણે આપ્યું છે, જે ત્રણે પુસ્તકોમાં દલપતયુગના અંતભાગથી અદ્યતન યુગ સુધીના સમયપ્રવાહોના સાક્ષીરૂપ તેમના જીવનને કારણે સ્વાભાવિકપણે વધુ માતબર અને ન્યાયી દર્શન ઝિલાયું છે. શ્રી નરસિંહરાવ દિવેટિયા અને શ્રી કનૈયાલાલ મુનશીએ ગુજરાતી ભાષાસાહિત્યનો પરિચય લખ્યા પૂર્વે અનેક વર્ષો પર તેમણે આ પુસ્તકો લખીને ગુજરાતી ભાષા ન જાણનારાઓ માટે પણ ગુજરાતી સાહિત્યનો રેખાબદ્ધ જે પરિચય આપ્યો તે વ્યાવહારિક દૃષ્ટિએ માત્ર ઉપયોગી જ નહિ પરંતુ સાહિત્યના આંતરિક વિસ્તાર-વિનિમય માટે પણ મહત્ત્વનો છે. આનું બીજું કાર્ય તેમણે કર્યું શ્રી રામાનંદ ચટ્ટોપાધ્યાયના ભારત સમસ્તમાં પ્રમુખ માસિક 'ધ મૉડર્ન રિવ્યૂ'માં ગુજરાતી સાહિત્યનાં પુસ્તકોનું લાગટ ૬૦ વર્ષ સુધી 'કે. એમ. જે'ની સહીથી સરળ શૈલીમાં મિતાક્ષરી વિવેચનનું. ૬૦ વર્ષ સુધી સતત એક જ માસિકમાં અવલોકનો લખનાર કોઈ સાહિત્યકાર ગુજરાતે જાણ્યો નથી. આ વિવેચનો 'ડેવેલપમેન્ટ ઑવ ગુજરાતી લિટરેચર' નામે ગ્રંથસ્થ થયાં છે.

તેઓ ફારસી ભાષાના પણ પંડિત હતા. પોતાના ફારસીના અને અભ્યાસના પરિપાક રૂપે સ્વતંત્ર અને અનુવાદિત અનેક ગ્રંથો તેમણે ગુજરાતને આપ્યા છે, જેમાં 'મિરાતે અહમદી' જેવા વિખ્યાત ફારસી ઇતિહાસ ગ્રંથનો પ્રમાણભૂત અનુવાદ મુખ્ય છે. 'દયારામ અને હાફિઝ' (૧૮૯૫)માં કરવામાં આવેલી બંને કવિઓની સરખામણી પરથી બંને ભાષાસાહિત્ય પરના તેમના પ્રભુત્વની ખાતરી થાય છે. તેમની ફારસી ભાષા-સાહિત્યની વિદ્વત્તાને વિષે શ્રી ભોગીલાલ સાંડેસરા લખે છે 'તેમની ફારસી વિદ્વત્તાની વિશિષ્ટતા એ છે કે માત્ર સાહિત્યના વિષયમાં નહિ પરંતુ સંશોધનના ક્ષેત્રમાં યે તેમના તરફથી ઉચ્ચ કોટિનો ફાળો ગુજરાતને મળ્યો છે. 'ગુજરાતી ભાષામાં ફારસી-અરબી શબ્દો' વિષેનો રાજકોટ સાહિત્યપરિષદમાં રજૂ થએલો તેમનો નિબંધ એ વિષયનો કદાચ આપણો પહેલો જ નિબંધ છે. મુસ્લિમકાલીન ઇતિહાસનું તેમનું પરિશીલન અને સંશોધન સુપ્રસિદ્ધ છે. જૂની ફારસી સનદો, દસ્તાવેજો, શિલાલેખો અને હસ્તલિખિત પ્રતો ખોળી કાઢીને અને ઉકેલીને ગુજરાતને ઘણીક નવીન ઐતિહાસિક સામગ્રી તેમણે સંપડાવી છે; અને એ વિષય પર ગુજરાતીમાં તેમજ અંગ્રેજીમાં લેખો લખ્યા છે. પુષ્ટિમાર્ગના શ્રીનાથજી તિલકાયતજી મહારાજના પૂર્વજોને મુઘલ બાદશાહો તરફથી મળેલાં અસલ ફારસી ફરમાનો, અનુવાદ તથા ઐતિહાસિક વિવેચન સાથે પુસ્તકાકારે તેમણે બહાર પાડ્યાં છે. જેટલો મુસ્લિમ તવારીખની દૃષ્ટિએ તેટલો જ—બલકે તેથી યે વધારે મહત્ત્વનો આ ગ્રંથ પુષ્ટિમાર્ગના તેમજ ગુજરાતના ધાર્મિક ઈતિહાસને માટે છે. ફારસી શિલાલેખોનાં કે ફોટોગ્રાફોની વાચના, નકલ અને તરજુમાનું શ્રમભર્યું કામ જૈફ ઉમરે અને વ્યવસાયી જીવનમાંથી સમય કાઢી ને પણ તેમણે અનેકોને કરી આપ્યું છે.' શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના શબ્દોમાં 'પંડિતયુગના સંસ્કૃત પાંડિત્યમાં તેમણે ફારસી પાંડિત્યને સંક્રાન્ત કર્યું, જેનું પરિણામ સરળતાને પક્ષે થોડુંઘણું ગયું. લાગણીઓ અને ભાવનાઓના ઉદ્રેકમાં તેમની મતિ સ્વસ્થ અને ડાહી રહી, જેનું પરિણામ સાહિત્યમાં કાંઈક સમતા જાળવવામાં આવ્યું.'

અંગ્રેજી અને ફારસી ભાષાઓ ઉપરાંત બંગાળી, મરાઠી અને ઉર્દૂ ભાષાઓ પણ તેઓ સારી જાણતા. બંગસાહિત્યસમ્રાટ શ્રી બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાયના 'શ્રીકૃષ્ણચરિત'નો બંગાળી પરથી તેમણે કરેલો અનુવાદ એટલો તો હૃદયસ્પર્શી છે કે એ વાતનો ખુદ ગાંધીજીએ તેરમા ગુજરાતી સાહિત્ય સંમેલનના પ્રમુખસ્થાનેથી ઉલ્લેખ કરેલો. સ્વામી દયાનંદ સરસ્વતીનું જીવનચરિત્ર પણ તેમણે બંગાળી પરથી ગુજરાતીમાં ઉતાર્યું છે. ફાર્બસ સાહિત્ય સભા તરફથી પ્રકટ થએલા 'દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનો લેખસંગ્રહ' નામના પોણા સાતસો પાનાંના દળદાર ગ્રંથમાં તેમની સારગ્રાહિતા અને બહુશ્રુતતાનો ખયાલ આપતી વૈવિધ્યભરી કૃતિઓ વ્યાખ્યાનો, સાંસ્કૃતિક ઇતિહાસ, ફારસી સાહિત્ય, સાહિત્ય અને પારસીઓ, ભાષા અને કોષ, સમાજશાસ્ત્ર-કેળવણી–ધર્મ, ઐતિહાસિક સંશોધન, અંજલિ, અને અનુપૂર્તિ એટલા વિભાગમાં વહેંચાએલી છે. આ સિવાય તેમની પ્રકટ થએલી કૃતિઓ પૈકી ગુજરાતી ભાષામાં 'ગુજરાતી ગઝલો', 'ગુજરાતી સાહિત્યની ખામીઓ', 'મોહસીનીનાં નીતિવચનો' (૧૮૯૭),

'સાદીની તૅચ્યબાત', 'હૈદરઅલી ને ટીપુ સુલતાન' (૧૮૯૪), 'ઔરંગઝેબ ને રાજપૂતો અથવા મોગલ શહેનશાહતની પડતી' (૧૮૯૬); ઉપરાંત અંગ્રેજી ભાષામાં 'આઉટલાઈન્સ ઑાવ પર્શ્યન પ્રોઝોડી વિથ ફિગર્સ ઑાવ સ્પીચ' (૧૮૯૨), 'ટ્રાન્સ્લેશન્સ ઇન્ટુ ઇંગ્લિશ ઑાવ ગઝલ્સ ઑાવ હાફિઝ' (૧૦૧ થી ૩૦૦, ઈ. ૧૮૯૨), 'નોટ્સ ઍન્ડ કૉમેન્ટરી ઈન ઇંગ્લિશ ઑાન અખલાકે મોહસિની', 'ટ્રાન્સ્લેશન ઇન્ટુ ઇંગ્લિશ ઑાવ સાદીઝ તૅચ્યબાત' (૧૦૧ થી ૧૫૦), 'દીવાને હાફિઝ ટ્રાન્સ્લેટેડ ઇન્ટુ ઇંગ્લિશ' (૧૦૧ થી ૨૫૦), 'ઈન્ટ્રોડક્શન ટુ ધી અન્વરે સોહેલી' (૧૮૯૨), 'ઇમ્પીરિયલ ફરમાન્સ (ઈ. ૧૫૭૭–૧૮૦૫) ગ્રાન્ટેડ ટુ ધી ઍન્સેસ્ટર્સ ઑાવ હિઝ હાઇનેસ ધ તિલકાયત મહારાજ', (૧૯૨૯), 'શિવાજી ઑાર ધ મૉર્નિંગ ઑાવ મરાઠા લાઇફ' (૧૮૯૮), 'આઉટલાઇન્સ ઑાવ એસેઝ ફૉર હાયર સ્ટૅન્ડર્ડ્ઝ ઈન ઇંગ્લિશ સ્કૂલ્સ' (૧૮૯૨) છે. ગુજરાતી ગઝલ–સાહિત્ય પર તો તેમનું સીધું ઋણ છે. ૧૯૨૬માં ગુજરાતીસાહિત્ય પરિષદ જ્યારે મુંબાઇમાં મળી ત્યારે તેઓ એના સ્વાગતમંડળના અધ્યક્ષ હતા. એ પદેથી તેમણે આપેલું વ્યાખ્યાન ગુજરાતી સાહિત્યની ત્યારની યથાર્થ સ્થિતિનું દર્શન કરાવનારું હતું. તેમાં વિદ્વત્તાનો આડંબર, પ્રદર્શન કે વિતંડાવાદ ન હતાં. ગુજરાતી, જૈન અને પારસી સાહિત્યની ગુજરાતી ભાષા પર થએલી અસરનું તેમાં તાદૃશ વર્ણન હતું.

મુનશીથી માંડીને આજે લખતાં શીખતા સાહિત્યકારો સુધીનાને તેમણે સીધી પ્રેરણા આપી છે. કોઇ પણ સારો લેખ તેમની નજરમાં આવે કે કોઈ સારું પુસ્તક જોવામાં આવે તો તરત જ તેના લેખકને–એને પોતે પિછાનતા ન હોય ને લેખક અજાણ્યો હોય છતાં—પ્રોત્સાહન ને કદરની બે લીટી લખવાનું ચૂકતા નહિ. છેક છેલ્લે સુધી, મંદવાડમાં અશક્ત થયા બાદ પણ, તેમણે સાહિત્યજગતના પિતામહ તરીકે પ્રેરણા આપવાનું આ કાર્ય કર્યા કર્યું હતું.

તેમની સેવા એકલા સાહિત્ય કે ભાષાની જ નહિ પણ માનવજાતને ઊર્ધ્વગામી બનાવનાર પ્રત્યેક તત્ત્વને સ્પર્શી જાય છે. આમ, તેઓ નર્યા સાહિત્યકાર, કાર્યકર્તા કે સ્વપ્નદ્રષ્ટા પણ નહોતા. તેઓ ક્રાન્તદર્શી કર્મયોગી હતા. જેમનો તેમની સાથે ઘનિષ્ઠ સંપર્ક હતો તે અનુક્રમે શ્રી જ્યોતીન્દ્ર દવે તથા શ્રી કનૈયાલાલ મુનશીએ તેમને આપેલી ભાવાંજલિ સાથે આ લેખનું સમાપન કરીએ:

'વાર્ધક્યના ઓળા ઊતરી ગએલા. ઇંદ્રિયો શિથિલ થઇ ગએલી. કામકાજ થતું નહિ એની ફરિયાદ કરતા. એક વાર કહેલું કે મારે બધું છોડી દેવું જોઇએ. મેં કહ્યું કાકા, છોડી દો ને! ત્યારે જવાબ આપ્યો, હું છોડવા માગું છું, પણ મને કોઈ છોડતું નથી. કોઇને યે એમણે જાકારો નથી દીધો. ગમે તેવો અદનો સાહિત્યકાર જેનું પચાસ માણસથી વધુ કોઇએ સાંભળ્યું ન હોય એને વાંચતા, મળતા. એનું લખાણ પોતે વાંચ્યું હોય એની વાત કરે ને પ્રોત્સાહન આપે. આવા સતત ઉદ્યોગપરાયણ, નિયમિત, યુક્તાહારવિહાર એટલે કે આહારવિહારમાં સમતા સાચવનારને કર્મયોગી જ કહેવાય. તેઓ કુશળતાથી કર્મ કરતા. ચટપટ કામ કરતા ને બીજા કામ માટે તૈયાર રહેતા. નિષ્ક્રિયતા એમણે બિલકુલ, જરા ય રાખી નથી.'

'તેઓ અજાતશત્રુ હતા. નથી માનઅપમાન તેમણે જોયું કે નથી ક્રોધથી અકળાઈ ગયા. જે બીજાને ઉદ્વેગ કરાવતો નથી અને જેને પોતાને ઉદ્વેગ થતો નથી એ જો કોઈનામાં મેં જોયું હોય તો કૃષ્ણલાલ કાકામાં. 'અદ્વેષ: સર્વભૂતાનામ્'–સર્વ ભૂતો તરફ દ્વેષ નહિ રાખનાર તે કૃષ્ણલાલ કાકા, બધા સાથે મૈત્રી રાખનાર તે કૃષ્ણલાલ કાકા, બધા પ્રત્યે કરુણા રાખનાર તે કૃષ્ણલાલ કાકા. એમને કોઈ પ્રકારનું મમત્વ નહોતું. કોઈ જાતનો અહંકાર મેં એમનામાં જોયો નથી. સુખદુ:ખ એમને પડયાં ત્યારે પણ સમતા તૂટી નથી. એક રીતે એમને ઈશ્વરમાં પૂરેપૂરી શ્રદ્ધા હતી. ઇશ્વરના ભક્ત જેને 'ભજનકર્તા' કહીએ એવા એ નહોતા, પણ આ જ 'અદ્વેષ: સર્વભૂતાનામ્' થઇને 'યો મમ ભક્ત: સ મે પ્રિય:' એમ ભગવાને કહ્યું છે એવા કૃષ્ણલાલ કાકા હતા.'

(શ્રી રામલાલ નવનીતલાલ સંગ્રહિત 'અર્વાચીન ગુજરાતી શિક્ષણનાં સવાસો વર્ષ' તથા દૈનિકો-સામયિકો તેમજ અન્ય સંદર્ભસામગ્રી પરથી)

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

દેશવિદેશમાં પત્રમૈત્રી-સંબંધ વધારવા ઇચ્છનારાંઓ માટે જર્મનીની પત્રમિત્ર-સંસ્થાનું સરનામું અમને મળ્યું છે. સભ્ય થવા ઇચ્છનારે નીચેને સરનામે અરજી કરવી: International Correspondence Bureau, Attn: Miss Anna-Maria Braun, München 15, Lindwurmstrasse 126-A (Western Germany).

જાપાની પત્રમિત્રો

(દરેક સરનામાને છેડે Japan ઉમેરવું.)

(1) Shoichi Kobayashi, Boy, Age 23, C/o Hiromu Fujimori, No. 3309, 2–Ku Kitakoji, Suwe–City Nagano–Pref., Interested Deeply in India, Stamps, Reading, Photography; (2) Mr. Yoshiaki Takahashi, Age 19, i 55, C/o I.P.F. Ohsugi, Edogawa, P.O. Tokyo, Travelling, Music, Movie, Fishing; (3) Miss Takane Murai, Age 13, i-56, C/o I. P. F. Ohsugi, Edogawa, P. O. Tokyo, Reading, Collecting Post-cards; (4) Miss Etsuko Koguma, Age 15, i-57, C/o I.P.F. Ohsugi, Edogawa, P.O. Tokyo, Sports, Post Cards, Stamps. [નં. ૧ થી ૪, ઉલ્લેખ: Mahesh C. Doshi, Govt. Officer's Bungalow-2, Rajkot (Saur.)]; (5) Mrs. Hiroshi Sakuma, Yabuki Machi, Nichi, Shirakawagun, Fukushima Ken, Butterflies, Correspondence. [ઉલ્લેખ: Anvar Noorani 'Ameen', Near T. Hospital, Bhavnagar (Saur.)].

પરદેશી પત્રમિત્રો

(1) Doris Kubel, Girl, Age 16, (14a) Kirchheim-Teck (Wurtt.), Wangerhaldenweg 4 (Germany), Literature, Reading, Indian Customs, Music, Dancing; (2) Omsharo Uwagbee, Boy, Age 15, Edo Govt. College, Benin City (Nigeria), Photography, Correspondence; (3) Tony Cardona, Boy, Age 16, 31 Balbi St., Marsa (Malta), Sports, Reading, Hiking; (4) Tom Dunkley, Teacher, Age 24, 139 Brockwell Lane, Chesterfield, Derbyshire (U.K.), Correspondence; (5) Olive Stephens, Girl, Age 14, Bo-peep Stores, Hastings Road, Penbury, Tunbridge Wells, Kent (U.K.), Stamps, Reading, Out-Door Games; (6) Pat Shelton, Girl, Age 15, 53 Burleigh Road, Hinckley; Leicestershire (U.K.), Reading, Correspondence; (7) Fritjof G. Haft, Boy, Age 16, Frankfurt Am Main, Hedwig Dransfeldstr. 5 (Germany), Literature, Languages, Swimming, Boxing [નં. ૧ થી ૭, ઉલ્લેખ: Morarbhai D. Patel, Dola Falia, P.O. Matuad (Dist. Surat)].

કલાવાર્તા

આ માસ(જુલાઇ)ની ૧૦મીથી ૨૪મી તારીખ સુધી મુંબાઈમાં સ્ટુબેન-સ્ફટિકનાં કલાત્મક પાત્રોનું પ્રદર્શન યોજાયું છે. 'કુમાર'ના વાચકોને તો એનો પરિચય આજથી સાતેક માસ અગાઉ (૩૯૬-મા અંકમાં) વિગતવાર અપાઈ ગયો છે, જેમાં જગતભરની શ્રેષ્ઠતમ કારીગરીઓમાંની એક એ કાચનાં પાત્રો સરજવાની કળાના વિગતવાર વર્ણનની સાથે તેના સર્જક, અમેરિકામાં ન્યૂ-યૉર્ક પાસે આવેલા કોર્નિંગના 'કાચ કેન્દ્ર'-નો પણ રસ અને કુતૂહલપ્રેરક અહેવાલ આપ્યો હતો. જ્યાં કાચ બનાવવાની જુદીજુદી પચાસ હજારથી યે વધુ રીતોની કારિકાઓ છે એવા, સ્ટુબેન પરગણામાં આવેલા એ કાચ-કેન્દ્રની સ્થાપના આજથી ૩૦ વર્ષ પર કાર્ટર નામના એક અંગ્રેજે કરેલી અને તેનું નામ સ્ટુબેન કંપની રખાએલું. ત્યાં તૈયાર થએલા ઉચ્ચ કોટિના શુભ્રનિર્મલ સ્ફટિક(કાચ)ની કલાત્મક કૃતિઓ આજે તો જગત્ખ્યાત છે. વિવિધ ઘાટ અને રૂપનાં એ પાત્રો પર શોભન તરીકે દેશવિદેશના કલાકારોની કૃતિઓ ઉતારવામાં આવે છે. આજ સુધી તેના ઉપર પશ્ચિમના નામી કલાસ્વામીઓ(જેમાં ગિલ, માતીસ, લૉરેન્સિન વગેરેનો સમાવેશ થાય છે)ની કૃતિઓ ઊતરી છે. થોડા સમય પર તેના સંચાલકોએ એશિયાઈ કલામાં અમેરિકાની રસવૃત્તિ વ્યક્ત કરવાના ઉદ્દેશથી પૂર્વના દેશોની કલા તેના પર કોતરવાનો સંકલ્પ કર્યો, અને તે માટે એ કલાના જાણકાર, ન્યૂ યૉર્કની પબ્લિક લાયબ્રેરીના કલાવિભાગના નિયામક શ્રી કાર્લ કપને ૧૯૫૪-૫૫માં એશિયાના પ્રવાસે મોકલ્યા. તેમણે બૌદ્ધ, હિંદુ ને મુસ્લિમ વિચાર તથા સંસ્કારથી પરિપ્લાવિત એ વિશાળ વિસ્તારના સોળેક જેટલા દેશો (ચીન, જાપાન, કોરીઆ, ફિલિપ્પાઇન્સ, ફૉર્મોસા, વીએટનામ, ઈન્ડોનેશિયા, થાઇલૅન્ડ, બર્મા, ભારત, સિલોન, પાકિસ્તાન, ઈરાક, ઈરાન, સીરિયા, તુર્કી, ઇજિપ્ત)માંથી ૩૬ કલાકારોની કૃતિઓ ચૂંટી. એ પૈકી પાંચ (વધુમાં વધુ) તો ભારતની છે: બંગાળી લોકકલાના નિષ્ણાત કલકત્તાના જામિની રૉયનું 'વૃંદાવનમાં ગોપીઓ'; મુંબાઈના કલાકાર કે. એસ. કુલકર્ણીનું 'ખજુરાહો મંદિરનું રેખાંકન'; ઓરિસ્સાના મૌલિક કલ્પનાથી સંપન્ન કલાકાર રામ મહારાણાનું 'રાધાકૃષ્ણનો વસંતોત્સવ'; કલકત્તાના કલાકાર ફણી ભૂષણનું 'ભારતીય ખેડૂતનું ગૃહાગમન'; ને બીજા એક બંગાળી કલાકાર ગોપાલ ઘોષનું 'વાંદરાઓનું સૌન્દર્ય'. એમાંની મોટા ભાગનીનો પરિચય ૩૯૬મા અંકમાં અપાયો છે.

એશિયાઈ કલાની પોતાની એ ખોજના અનુભવો નોંધતાં શ્રી કપલએ છે :'કોરીઆમાં હજી આજે પણ કલાકારોને ભાવપ્રતીકો બહુ આકર્ષે છે; ચીનમાં વિષયના વસ્તુના કરતાં મનઃસ્થિતિ-મિજાજ, વિચાર ને કાવ્યતત્ત્વને વધુ મહત્ત્વ અપાય છે; ફિલિપ્પાઈન્સમાં પશ્ચિમની અસરના અંશો વર્તાય છે; વીએટનામ અને ઈન્ડોનેશિયામાં રંગદર્શી લોકકથા-પરંપરા ને લોકરિવાજ પ્રતિ મજબૂત વલણ છે; અગ્નિ-એશિયામાં અંકોર વાટનાં ભવ્ય મંદિરો, મધ્ય જાવાનાં વસ્ત્રશોભન તથા હિંદુ બાલીના તહેવાર-ઉત્સવોની અસર કલાકૃતિઓ પર મેં જોઈ; થાઇલૅન્ડ, બ્રહ્મદેશ, ભારત ને સિલોનમાં બૌદ્ધ ને હિંદુ ધર્મ એ મુખ્ય પ્રેરણાસ્રોત છે; પાકિસ્તાન, તુર્કી અને ઇજિપ્તના કલાકારોમાં પશ્ચિમી કલ્પનાઓ અને અભિવ્યક્તિઓનું નિકટત્વ લાગે; મધ્ય અને નજીક પૂર્વના દેશોના ઘણાખરા કલાકારો, ઇસ્લામમાં મૂર્તિ કે તસ્વીર-આલેખનની મનાને કારણે શોભન-આકૃતિઓ તરફ વધુ ઢળતા હોય છે.'

આ બધી શોભન-સમૃદ્ધિ અને રંગદર્શિતા, મિજાજ ને માધુર્ય, ધર્મભાવના અને પરંપરા-પ્રેમની તથા ભાવપ્રતીકો ને વિચારવૈભવની વૈવિધ્યભરી અભિવ્યક્તિને નિદર્શિત કરતું 'સ્ફટિક પાત્રોમાં એશિયાઈ કલા'નું પ્રદર્શન, ખરેખર, પૂર્વના કલાવિચારને સાકાર કરતી પશ્ચિમી કારીગરીનું—દુનિયાભરના દેશોના 'ઝાઝા હાથ રળિયામણા'નું સુભગ એકલું જ ઉજ્જ્વલ પરિણામ છે.

આ અંકના પૂઠા પરનું ચિત્ર

બલી દેશની સ્મશાનયાત્રા (કલાકાર: માદે જાતે) બલીમાં અંત્યેષ્ટિક્રિયા શોકપ્રસંગ નહિ પણ ઉત્સવ મનાય છે. માનવ-આત્મા પોતાના જીર્ણ દેહ અને ભૌતિક ઉપાધિઓમાંથી મુક્ત થઇ જાય, અને સન્માર્ગી તથા ઉપયોગી જીવન જીવ્યાના ફલ રૂપે વધારે સમૃદ્ધિભર્યો નવો અવતાર મળવાનો પ્રસંગ આવે એ શું આનંદોચ્છવની વાત નથી? ભાતભાતનાં ભોજન રંધાય છે, તાડપત્રની અંજલિઓ અપાય છે ને ભભકરંગી કીમતી કાગળો તથા વાંસથી શબવાહિનીને સુંદર શોભનમંડપના રૂપમાં શણગારાય છે. સ્મશાનયાત્રામાં તેને સબહુમાન ખભે આપવામાં ગામના સર્વ જુવાનો પડાપડી કરે છે, અને સ્મ શાનમાં જ્યારે માંડવીને આગ ચંપાય છે ત્યારે ઢોલત્રાંસાંનો કલશોર મચે છે. એ દૃશ્ય ખરેખર મહોત્સવ જેવું હોય છે; સુખની પરાકાષ્ઠાનો એ પ્રસંગ હોય છે; કેમકે આત્મા મુક્ત થયો છે ને ઈશ્વરની તેના પર કરુણા ઊતરવાની છે.

ઈંડોનેશિયાની ભરચક શોભનગૂંથણીની ઢબે રચેલા એ ચિત્રસંયોજનમાં એકેએક ખૂણો સરખા પ્રમાણભારથી ભરેલો છે. કરુણા-મંડિત કરાલ કાલમુખથી શોભિત ચતુઃશિખર શબમંડપની ચોમેર, ખભો દેતા ને નૃત્ય કરતા યુવાનો, અર્ઘ્યાંજલિ લાવતી યુવતીઓ તથા ત્યાંની સમૃદ્ધ વનરાજિનું નિરૂપણ ચિત્ર-પ્રસંગને ઉચિત એવું પ્રફુલ્લ ને ભર્યુંભર્યું છે.

મુખચિત્રના કલાકાર

આ અંકના મુખચિત્રના આલેખક ભાઈ પીરાજી સાગરા સ્વપ્રયત્ને વિકાસ પામેલા કલાકાર છે. એમના પિતા ચિમનાજી છપ્પનિયા દુકાળમાં રાજસ્થાનમાંથી અમદાવાદમાં મજૂરી અર્થે આવેલા ને લાકડાં ફાડવાનો ધંધો કરતા. એમાંથી ધીરે ધીરે આગળ વધી એમણે પોતાનું સ્વતંત્ર લાકડાંનું પીઠું અને જૂના કાટમાળની દુકાન જમાવી.

એવા પરિશ્રમી પિતાના પુત્ર પીરાજીએ પણ અમદાવાદની એક શાળામાં ભણતાં ભણતાં લાગેલા ચિત્રના નાદને પરિશ્રમના પાણીએ પોષ્યો. શાળાના ચિત્રશિક્ષકે એમાં પ્રોત્સાહન આપ્યું. રજાને દિવસે એકલા જ નીકળી જઇ એ નિસર્ગદૃશ્યો (લૅન્ડસ્કેપ) આલેખતા અને ખૂબ સ્કેચિંગ કરતા. મૅટ્રિકની પરીક્ષા પસાર કરી તેઓ ડી.ટી.સી. (ડ્રૉઈંગ ટીચર્સ સર્ટિફિકેટ)ના અભ્યાસ અર્થે જાણીતા કલાકાર શ્રી રસિકલાલ પરીખના સંપર્કમાં આવ્યા, જેમણે એમને ઘણું ઉપયોગી માર્ગદર્શન આપ્યું; અને એમના હાથમાંથી સફળ કલાકૃતિઓ નીકળવા લાગી. સાથેસાથે આ વર્ષે તેઓ ડી.એમ.ની પરીક્ષામાં આખા મુંબાઈ રાજ્યમાં બીજે નંબરે ઉત્તીર્ણ થયા. આજે અમદાવાદની એક શાળામાં ચિત્રશિક્ષક તરીકે કામ કરતાં કરતાં તે, આર્થિક યારી મળ્યે વડોદરા યુનિવર્સિટીના કલાવિદ્યાલયમાં આચાર્ય બેન્દ્રે પાસે અભ્યાસ માટે જવાની મહેચ્છા સેવે છે.

મુક્ત છતાં સચોટ રેખાઓ ને આછી રંગાવટમાં કરેલું એમનું આ અંકનું મુખચિત્ર સમપ્રમાણ ચિત્રસંયોજનનો પ્રશસ્ય નમૂનો છે.

'તમારી ટ્રક આ ટૅક્સીને અથડાઇ, તે તમારાથી હાથ પણ ન બતાવી શકાયો?' પોલીસે પૂછ્યું. 'ટૅક્સીવાળો આવડી મોટી ટ્રક ન જોઇ શકયો, ને મારો હાથ શું જોઈ શકવાનો હતો?' ટ્રક-ડ્રાઇવરે જવાબ આપ્યો.



અમાધુકણી

ભૂલ સૌની યાદ કરતો માનવી,
માત્ર નિજને બાદ કરતો માનવી!
જોડતો ત્યમ તોડતો પણ એ હૃદય,
મેળમાં વિખવાદ કરતો માનવી.
માત્ર ઈશ્વરને નહિ, શયતાનને ય,
આ જગતમાં સાદ કરતો માનવી!
શાંતિકેરા મંત્ર એ ઉચ્ચારતો,
યુદ્ધના પણ નાદ કરતો માનવી.
અન્યનું સ્વાતંત્ર્ય લેતો છીનવી, જાતને આઝાદ કરતો માનવી,
વિશ્વને આબાદ કરતો માનવી, ને વળી બરબાદ કરતો માનવી.

રતિલાલ 'અનિલ'

❖

સ્વ. શંકરપ્રસાદ છગનલાલ રાવળ

ગુજરાતી સાહિત્યના એ શાન્ત, નિરભિમાન ને એકમાર્ગી સેવકના ગયા એપ્રિલમાં થએલા અવસાનની નોંધ બહુ ઓછી લેવાઇ જણાય છે; પણ સંશોધનના ક્ષેત્રમાં એમના જવાથી પડેલી ખોટ ભૂલાય એવી નથી.

અમદાવાદ પાસેના ડભોડા ગામના વતની શ્રી શંકરપ્રસાદનું કર્તવ્યક્ષેત્ર મોટે ભાગે મુંબાઇ રહેલું. ત્યાંની કાંઝીબાઇ હાઇસ્કૂલમાં ગુજરાતી ભાષાના શિક્ષક તરીકે એમણે અનેક વિદ્યાર્થીઓને ગુજરાતી સાહિત્યના અભ્યાસનો નાદ લગાડેલો. ત્યાંથી નિવૃત્ત થયા બાદ તેઓ ફાર્બસ ગુજરાતી સભામાં મદદનીશ મંત્રી તથા ગ્રંથપાલ તરીકે જોડાયા, જે સ્થાનેથી જીવનના અંત સુધી એમણે કેટલુંક શાન્ત ને સ્થિર સંશોધનકાર્ય તથા એ સંસ્થાના ત્રૈમાસિકનું સંપાદનકાર્ય કર્યું. એ ઉપરાંત મુંબાઈમાં ગુજરાતી લઇને અભ્યાસ કરનારા કૉલેજ-વિદ્યાર્થીઓના તેઓ મોટા માર્ગદર્શક હતા અને ફાર્બસ સભામાંના પોતાના સ્થાનેથી અનેક વિદ્યાર્થીઓને અભ્યાસસામગ્રી પૂરી પાડતા તથા સલાહ-સૂચનો આપતા.

શ્રી કનૈયાલાલ મુનશીએ 'ગુજરાત' માસિક શરૂ કર્યું ત્યારથી તેના તંત્રીમંડળનાં તેઓ શ્રી મુનશીના નિકટના ને મુખ્ય સાથી હતા, અને ઘણું સંપાદનકાર્ય ઉપાડેલું. શ્રી મુનશી ઉપરાંત સ્વ. નરસિંહરાવ દિવેટિયા, સ્વ. કેશવ હર્ષદ ધ્રુવ, સ્વ. દી. બ. કૃષ્ણલાલ ઝવેરી આદિ વિદ્વાનો સાથે તેઓ ગાઢ સંબંધથી સંકળાએલા હતા. કવિ દયારામનું જીવન અને કવન એ તેમનો ખાસ અભ્યાસ-વિષય હતો અને 'દયારામ રસસુધા' નામે એમણે સંપાદિત કરેલો સંશોધનગ્રંથ એમની એક વિશિષ્ટ કૃતિ છે. 'સાહિત્યના યાત્રાળુઓ'ની લેખમાળા તથા સાહિત્યપરિષદ સંમેલનો વખતે વાંચેલા એમના નિબંધો પણ નોંધપાત્ર છે. એ નમ્ર ને સંનિષ્ઠ સાહિત્યસેવક, મિલનસાર મિત્ર, સહૃદય સાથી ને વિદ્યાર્થીઓના માર્ગદર્શકના અવસાનથી પ્રાચીન ગુજરાતી સાહિત્યના આપણા અલ્પસંખ્ય અભ્યાસીઓમાં એકની ખોટ પડી છે.

હીમરૂ

આ સુંદર અને ઉપયોગી રેશમી કાપડ દેશમાં તેમજ પરદેશમાં સારી રીતે લોકપ્રિય થયું છે. એ સૂતર અને રેશમના દોરા વડે ટપકાંવાળી કે પટ્ટાવાળી તેમજ વિવિધ ભાતવાળી ફૂલોની આકૃતિઓમાં વણાય છે અને તેમાંથી આકર્ષક પ્રકારના સ્ત્રીઓના પોષાકો તેમજ ભેટસોગાદો ઉપરાંત ગાલીચા, પડદા, ટેબલ-ક્લૉથ, ચાદરો વગેરે બને છે.

તેની સુંવાળપ ઉત્તમ હોય છે અને ભાત આકર્ષક,—એવી, કે કાશી તેમજ સૂરતના વિખ્યાત જરી કિનખાબની હરોળમાં તે મૂકાય છે. એટલે જ, હીમરૂની બનાવટો બ્રિટન, અમેરિકા, રશિયા, ચીન અને પૂર્વ તેમજ પશ્ચિમના અન્ય કેટલા યે દેશોમાં પહોંચી છે.

હીમરૂના કાપડની પાછળ લાંબો ઇતિહાસ છે. એનું મૂળ મહમદ તઘલખના સમય સુધી

પ્રાણીજગત-૧૮



કાળિયાર

કાળિયાર દુનિયાભરમાં ચોપગાંઓમાં સૌથી વેગવાન અને સુંદરતમ પશુ ગણાય છે.

કાળિયાર એટલે Black Buck. શાસ્ત્રીય નામ Antelope Cervicapra. કાળિયાર આશરે ૩૨" ઊંચો. માદા સહેજ નીચી. ત્રણેક હાથ લાંબા દેહ, વેંતભર પૂંછડી, બે મણની ફાટતી કાયા. બંનેના વાન પણ જુદા. કાળિયારની પીઠ, ગરદન, ગળું, મોં, કપાળ ઘેરાં ઘેરાં કે કાળાં શાહી જેવાં. પેટ, ગળાની નીચેનો ભાગ ધોળો દૂધ જેવો. આંખ ફરતું ધોળું ચકરડું. જુવાન કાળિયાર-'રાગ'ને માદા-'રેડી'ની પીઠ પીળાશ પડતી બદામી, નીચેનો પેટનો ભાગ ધોળો અને બે પડખે બદામી ને ધોળો રંગ ભેગા થાય, ત્યાં ફિક્કા આડા પટા. તદ્દન સફેદ-કોડીઆ કાળિયાર આખા હિંદુસ્તાનમાં માત્ર ગુજરાતમાં ક્વચિત જોવા મળે છે.

નરને માથે બે ફૂટ લાંબાં, અણીદાર, સીધાં અમળાએલાં ગોળ, મૂળથી ટોચ સુધી થોડેથોડે અંતરે ગોળ કડીઓવાળાં શિંગડાં હોય છે. રેડીને શિંગડાં ઊગતાં નથી. શરૂઆતમાં સીધાં જ ઊગી ત્રીજે વરસે નરના શિંગડાંને આમળો ચડી રહે કે તરત એની પીઠ વગેરેનો રંગ ઘેરો કાળો પડવા માંડે છે.

ગંધ પરથી ભય પારખી ન શકે, પણ નજર તીક્ષ્ણ. કલાકના ૪૦-૪૫ માઈલની ઝડપે પહોરના પહોર સુધી લાગટ દોડી શકે.

સ્વભાવે ગરીબ, ખુશમિજાજી અને ભારે રમતિયાળ. ટોળું બાંધી રહે: એક નર અને ૧૦-૧૫ રેડી. ક્યારેક નર ટોળાથી જુદો પડી 'એકલ' પણ વિચરે. આખો દિ' ઘાસ ચર્યા કરે. બપોરે છાયામાં આરામ કરે.

એનાં બચ્ચાં બારે માસ જોવા મળે છે, તોપણ એના સંવનનની ઋતુ તો વસંત. એકીવખતે માદા એક કે બે જ બચ્ચાં જણે છે.

જાય છે. ઔરંગાબાદનું ઐતિહાસિક શહેર ત્યારે રાજદરબારો અને ઉમરાવોમાં લોકપ્રિય બનેલાં હાથસાળનાં મશરૂ ને કિનખાબ માટે જાણીતું હતું. હીમરૂ-વણકરોએ તેની હરીફાઈમાં તેની જ નકલરૂપ આ નવી કારીગરી ઉપજાવી અને પૈસાદાર તેમજ ગરીબ બંનેમાં એને એક-સરખી લોકપ્રિય બનાવી.

લગભગ એકાદ સૈકા પહેલાં આ ગૃહઉદ્યોગમાં લગભગ ૩,૦૦૦ વણકરો હતા. પરદેશી કાપડના આવવા સાથે આ વ્યવસાયને ફટકો પડયો. આજે હવે અખિલ ભારત હાથકારીગરી બોર્ડ મારફત મળેલી સમયસરની મદદથી હીમરૂ-ઉદ્યોગ ફરીથી તેનું સ્થાન પ્રાપ્ત કરતો જાય છે.

વપરાએલાં કૅલૅન્ડર

વપરાએલું કૅલેન્ડર અમુક વર્ષ પછી ફરી પાછું ઉપયોગમાં લઇ શકાય છે તેનો ઘણાને ખયાલ નહિ હોય. કયા વર્ષનું કૅલેન્ડર કયે વર્ષે ફરી વાપરી શકાય તેની નોંધ નીચે સૂત્ર રૂપે આપી છે:

(૧) પ્રત્યેક 'લીપ ઈયર'નું કૅલેન્ડર તે પછીના ૨૮મા વર્ષે;

(૨) બાકીના કોઈ પણ વર્ષનું કૅલેન્ડર તે પછીના ૬ઠ્ઠા વર્ષે; પરંતુ છ સુધીની એ ગણતરીનું પહેલું કે છઠ્ઠું વર્ષ 'લીપ ઈયર' હોય તો ૧૧મા વર્ષે.

બીજું પણ એક સૂત્ર છે: 'લીપ ઈયર' વિનાનું પ્રત્યેક વર્ષ જે વારે શરૂ થાય છે તે જ વારે પૂરું થાય છે, પરંતુ 'લીપ ઈયર' તે પછીના વારે. એ મુજબ ઈ. ૧૯૫૬નું રવિવારે શરૂ થએલું 'લીપ' વર્ષ સોમવારે પૂરું થયું. પણ ૧૯૫૭નું વર્ષ મંગળવારે શરૂ થયું છે, તે મંગળવારે જ પૂરું થશે. એ જ રીતે ૧૯૫૮નું વર્ષ બુધવારે શરૂ થઈ બુધવારે જ પૂરું થશે. એ બિના આ નીચે આપેલા કોઠા પરથી વધારે સ્પષ્ટ થશે:

ર.	સો.	મં.	બુ.	ગુ.	શુ.	શ.
૫૬	...	૫૭	૫૮	૫૯	૬૦	...
૬૧	૬૨	૬૩	૬૪	...	૬૫	૬૬
૬૭	૬૮	...	૬૯	૭૦	૭૧	૭૨
...	૭૩	૭૪	૭૫	૭૬	...	૭૭
૭૮	૭૯	૮૦	...	૮૧	૮૨	૮૩
૮૪	...	૮૫	૮૬	૮૭	૮૮	...
૮૯	૯૦	૯૧	૯૨	...	૯૩	૯૪
૯૫	૯૬	...	૯૭	૯૮	૯૯	૨૦૦૦

'લીપ ઈયર'નું કૅલેન્ડર તે જ વારે શરૂ થતા 'લીપ ઇયર'માં વાપરી શકાય, પણ તે માટે ૨૮ વર્ષ લાગે. એ રીતે ઈ. ૧૯૫૬નું કૅલેન્ડર છેક ૧૯૮૪ની સાલમાં કામ આવે। પણ ૧૯૫૭નું કૅલેન્ડર ૧૯૬૩ની સાલમાં જ કામ આવશે. ૧૯૫૮નું કૅલેન્ડર ૧૯૬૪ની સાલમાં નહિ વાપરી શકાય કેમકે તે પાછું 'લીપ ઈયર' છે, પણ તે ૧૯૬૯માં વાપરી શકાશે.

રંગ વિષે

પ્રાચીન ઈજિપ્તનિવાસીઓ લાલ રંગને શ્રેષ્ઠ ને શુકનવંતો માનતા હતા. પ્રાચીન ભારતમાં બ્રાહ્મણોનાં વસ્ત્રોનો રંગ સફેદ, ક્ષત્રિયોનાં વસ્ત્રોનો લાલ, વૈશ્યોનાં વસ્ત્રોનો પીળો, ને શૂદ્રોનાં વસ્ત્રોનો રંગ કાળો રખાતો. રંગનો પ્રભાવ આપણી માનસિક દશા અને વિચારો પર પડે છે. રંગ મનુષ્યને બીમાર કે સાજો પણ બનાવી શકે છે. રંગ ભૂખને મારી નાખે છે અને ભૂખ ઉઘાડે પણ છે. ગરમ (પીળો, ક્રીમ, પીચલાલ, નારંગી આદિ) રંગ ભૂખ વધારે છે, પણ નીલા તથા લીલા રંગની અસર ભૂખ વિષે સારી પડતી નથી. રંગનો પ્રભાવ પ્રેમ પર પણ પડે છે. ચીનની છોકરીઓ રંગ વિષે ઊંડું જ્ઞાન ધરાવે છે. તેઓ કહે છે: 'ચાંદીનો રંગ પુરુષના મનને કોમળ બનાવે છે, તદ્દન સફેદ રંગ તેને વશ કરી દે છે, સોનાનો રંગ તેને પ્રફુલ્લિત કરે છે. લીલા રંગની ગુપ્ત અસર પડે છે, ગુલાબી રંગ તેને ઉદ્વિગ્ન બનાવી દે છે, પીળો રંગ તેના મનને પ્રસન્ન કરે છે, ને નીલો રંગ તેની ભાવનાઓમાં ભરતી લાવે છે.' (જ્ઞાનોદય)

ઑસોકૂલ: એક નવી ઠારપેટી

વાયુ યા વીજળીનો પુરવઠો ન ધરાવતા, અને રેફ્રિજરેટર જેવું ખર્ચાળ સાધન વસાવવાની શક્તિ ન ધરાવતા માણસો માટે એક નવી, મોટા કદની ઠારપેટી બનાવવામાં આવી છે. એનું નામ છે 'ઑસો-કૂલ'. આ પેટીમાં કોઇ યાંત્રિક સામગ્રી નથી. માખણ તથા દૂધ જેવી વસ્તુઓને દિવસો સુધી ઠંડી અને તાજી રાખવા માટે જરૂરી ઉષ્ણતા-માન તે ઘટાડી શકે છે. તેના ઉત્પાદકોનો તો એવો દાવો છે કે 'હવા-માન જેટલું વધારે ગરમ તેટલું વધારે સારું કામ તે આપે છે!'

મલેરિયા અટકાવતું મીઠું

દુનિયામાંથી મલેરિયાને હમેશ માટે દૂર કરવામાં ડેરાપ્રિન અને ક્લોરોક્વિન નામનાં બે ઔષધો ભેળવેલું ચાલુ મીઠું અમેરિકાના જાહેર આરોગ્ય ખાતાએ તૈયાર કર્યું છે. ખાતાએ કરેલા અખતરામાં મલેરિયાના મચ્છરો કરડાવેલા સ્વયંસેવકો જ્યાં સુધી દવાવાળું મીઠું ખાતા ત્યાં સુધી તો મલેરિયા તેમનાથી છેટો રહેતો જ, પણ એ મીઠું બંધ કર્યા પછી પણ કયાં યે સુધી તેઓ સહીસલામત રહેતા.

આ માટે રોજ ખાતા હોઇએ તે કરતાં વધારે મીઠું ખાવાની જરૂર નથી. આ રીતે દરરોજ ખાવાથી માણસ કાયમ માટે મલેરિયાના તાવથી મુક્ત રહે છે. ભૂતકાળમાં મલેરિયાના મચ્છરો ગમે તેટલી વાર કરડયા હોય કે ભવિષ્યમાં ગમે એટલી વાર કરડે તો પણ મલેરિયા થતો નથી.

વિશ્વ આરોગ્ય સંસ્થાની એક મોટી ચિંતા આખી દુનિયામાંથી મલેરિયાને કાઢવાની છે. આ પહેલાં સંસ્થાએ મલેરિયાને કાબૂમાં લેવા મોટા પાયા પર ઝુંબેશ ચલાવી છે. મોટે ભાગે તેમાં ડી.ડી.ટી.થી મલેરિયાના મચ્છરોને મારવાનો પ્રયત્ન થયો છે. પણ હવે તો ઘણા વિસ્તારોમાં ડી.ડી.ટી. મચ્છરોને કોઠે પડી ગયો છે. આથી આ નવા ઔષધમિશ્રિત મીઠાનો ઉપયોગ સંસ્થા વિચારે છે.

વિકસતું વિજ્ઞાન

◖ આપણા દેશમાં—ખાસ કરીને મધ્ય ભારત ને પશ્ચિમ કિનારાના પ્રદેશમાં, કપાસની જમીન તરીકે ઓળખાતી કાળી જમીન ભેજની બાબતમાં વિચિત્ર રીતે વર્તે છે. વરસાદ પડતાં તે ફૂલે છે અને તેથી પેદા થતું દબાણ મકાનની કે બીજાં બાંધકામની સ્થિરતાને અસર પહોંચાડે છે. શિયાળામાં સૂર્યના તાપથી ભેજ સુકાઈ જતાં એમાં ચિરાડા પડે છે અને એથી પણ મકાનની સલામતી જોખમમાં મુકાય છે. પ્રયોગો પરથી જણાયું છે કે, ઉપરની પાંચેક ફૂટ જેટલી જમીનમાં જ આ પ્રકારના મોસમી ફેરફાર થાય છે. આ સંશોધનને પરિણામે અનેક પ્રકારના પ્રાયોગિક પાયાઓની રચના કરવામાં આવી છે, જેની સ્થિરતા પર કાળી જમીનના આ મોસમી ફેરફારોની કશી અસર થતી નથી.

◖ ગતિથી ગરમી પેદા થાય છે એ તો જાણીતી વાત છે. ગતિને કારણે એન્જિનના કેટલાક ભાગ ને પૈડાના બેરિંગ જો વધુ પડતા તપી જાય તો ગંભીર પરિણામ પણ જન્માવે. બેરિંગ વધુ પડતા તપી ગયા છે કે કેમ એની ચકાસણી અત્યારે હાથના સ્પર્શ દ્વારા કરવામાં આવે છે. પરંતુ આ સ્પર્શ કંઈ ગરમીનું ચોક્કસ માપ દર્શાવી શકે નહિ. એટલે આપણા દેશમાં એવા રંગ તૈયાર કરવામાં આવ્યા છે કે જે ઉષ્ણતામાનનો ફેરફાર, એના પર થતી અસર દ્વારા દર્શાવી શકે. રંગ જોવાથી જ ખબર પડી જાય કે ગરમી કેટલી હદે પહોંચી છે. રંગ સંપૂર્ણ બદલાઇ જાય ત્યારે સમજવું કે બેરિંગની અંદરની ગરમી ભયજનક હદે પહોંચી ગઇ છે.

◖ આવી જ રીતે નદીમાં આવતા પૂરના પાણીની સપાટી દર્શાવનારું પણ એક ભયસૂચક યંત્ર લખનૌનું સંશોધન-કેન્દ્ર વિકસાવી રહ્યું છે, જેમાં એક યાંત્રિક ને બીજું વિદ્યુત્કીય, એમ બે પ્રકારનાં સાધનો તૈયાર થશે. યાંત્રિક સાધનની રચના એવી છે કે પાણીની સપાટી વધતાં જ ત્યાં રાખેલા એક બોયાની હિલચાલથી આપોઆપ સિગ્નલ પડે અને ભયસૂચક લાલ રંગ છતો થાય. વિદ્યુત્કીય સાધનની રચના એવી છે કે બોયાની હિલચાલને પરિણામે એક નાની બૅટરી દ્વારા મળતા વિદ્યુત્પ્રવાહને કારણે લાલ રંગનો દીવો પ્રગટે. આ દીવો દિવસે કે રાતે પણ જોઈ શકાય છે, ને ડ્રાઈવરને ભયની ચેતવણી આપે છે. આવા સિગ્નલની રચના ભયના સ્થળથી અરધો માઈલ દૂર સુધી કરી શકાય છે. અત્યારે પ્રયોગ તરીકે ૧૪ પુલો પર આવા સિગ્નલ ગોઠવવામાં આવ્યા છે.

મરેલાં છોકરાં (અનુસંધાન પૃષ્ઠ ૩૫૦થી ચાલુ) એવી આશાએ ને આશાએ હું આજ સુધી જીવી રહ્યો; પણ…પણ…' સામંતનું હૈયું ભરાઈ આવ્યું. તે અટકી ગયો. સુંદરા પોતાના સમગ્ર અસ્તિત્વમાં લાચારી અનુભવવા લાગી. તેણે દાંત તળે હોઠ દબાવવા માંડયા.

સામંત સૂનમૂન બેસી રહ્યો. પછી પૂછ્યું, 'તારો આત્મા શું કહે છે?'

'મારો આત્મા?' સુંદરાએ જાણે બીજા લોકમાંથી જવાબ આપ્યો.

'હા.'

'એ જરૂર જીવશે, એણે જીવવું જ પડશે. નહિ તો…નહિ તો…ઓ પ્રભુ મારું શું થશે?'

'કેમ શું થશે?'

'કાલે ડૉક્ટરને શરીર બતાવવા ગઈ ત્યારે તેમણે કેવું કહેલું?'

'શું કહ્યું હતું?'

'આ મારી છેલ્લી સુવાવડ છે. પછી…પછી…'

'પછી શું?' સામંત અતિશય અધીરો બની ગયો.

'પછી કદાચ ઋતુકાળ પૂરો થઈ જશે.'

'બસ, પછી ખલાસ?'

'નાથ! મારા નાથ! મારાથી તમારું કશું ન થયું. હું અભાગણી મારા સૌભાગ્યને ન સંતોષી શકી. હું પાપણી, હું ભૂતણી…ભગવાન, હવે નથી ખમાતું…' સુંદરા દુઃખના આવેગમાં બોલ્યે જ ગઈ, બોલ્યે જ ગઈ. તેના હૃદયની આડ હઠી ગઈ અને તેમાંથી વેદનાની ધારાઓ વહી ગઈ, દિલને કંઈક જંપ વળ્યો ત્યારે તેણે જોયું તો પથારીમાં ઊંધા પરેલા સામંતના ખભા ઊંચાનીચા થતા હતા: તે રડતો હતો.

ઠંડા ધુમ્મસની જેમ જામી પડેલા દુઃખનું આવરણ ઓઢી સુંદરા મૅટર્નિટી ઑસ્પિટલના પલંગ પર પડી હતી. તેના શરીરને હમણાં જ ઘસીને સ્વચ્છ કરવામાં આવ્યું હતું. તેના પેટમાંનો બ્રહ્માંડનો ભાર હળવો થઈ ગયો હતો. અસરમાં હળવી એવી એક પ્રકારની અભાનાવસ્થામાં તે હતી. તેના ઊંવાંઊંવાં કરતા બાળકને નર્સ નવડાવવા લઇ ગઇ હતી. બાળકનું મોઢું હજી તેણે જોયું નહોતું.

થોડીક વારે તેની આંખો ખૂલી. તેણે આમતેમ નજર ફેરવી. તરત તેના હૃદયમાં ચીરાડો પડયો. તેનું પડખું ખાલી હતું. મારું બાળક ક્યાં? મારું રતન ક્યાં? પાસેથી પસાર થતી એક નર્સની સાડીનો છેડો તેણે પકડી લીધો: 'મારું બાળક? મારું બાળક?' નર્સે ધીમે રહીને છેડો છોડાવતાં સાંત્વન આપ્યું, 'હમણાં લાવશે તમારી પાસે.'

'ક્યાં છે એ?'

'એને સાફસૂફ તો કરવું પડે ને? વળી એનું વજન પણ કરવું પડે. આ બધી વિધિ પતી જશે એટલે તમારી પાસે જ એને મૂકશે, હોં!'

'પણ એ જીવતું તો છે ને?'

'ચોક્કસ!' નર્સે જણાવ્યું. અચંબો પામી તે સુંદરા સામે તાકી રહી. સુંદરાના મોં પર હર્ષ અને આશાનું લોહી ધસી આવ્યું.

'તમે હૈયે જરા ધરપત રાખતાં શીખો. તમારું બાળક તો ધૂઘવાટા કરે છે, ધૂઘવાટા.' બોલી નર્સ હસી. તેનું એ આત્મતોષક, હૃદયપોષક સ્મિત જોઈ સુંદરાના અંતરમાં પ્રગાઢ સંતોષ છવાઇ ગયો.

તેણે ખંડમાં બધે દૃષ્ટિ ફેરવી. પલંગોની સામસામી પડેલી લાંબી હારમાં અનેક માતાઓ સૂતી હતી. એમાંની કેટલીક પોતાનાં બચ્ચાં છાતીએ વળગાડયાં હતાં. સુંદરાની છાતી પણ એક પળ વહી ચાલી.

સ્વચ્છ સફેદ કપડામાં વીંટી, બે હાથમાં આડું રાખી, એક નર્સ તેના બાળકને લઇને આવી. તેણે મીઠાશથી બાળકને સુંદરાની આંખો સમક્ષ ધર્યું. સુંદરાનું હૈયું હેમંત-વસંતની મધુરી લાગણીઓથી સ્પંદી ઊઠયું. બાળક કેટલું સુંદર હતું! કેવું ચક્ષુતોષ હતું!

તેણે હાથ લાંબા કર્યા, એકદમ નર્સે તેને વારી: 'હાં, હાં—ઉતાવળ ન કરશો. આજનો એક દિવસ થંભી જાઓ.'

'એક દિવસ?' સુંદરાની યાચનાભરી આંખો નર્સ પર સ્થિર થઈ.

'હા,' નર્સે જણાવ્યું: 'હજી તો તમને ફરી સારી રીતે નવડાવવાનાં છે, જેથી કોઇ જાતના ચેપનો ભય ન રહે.'

'પણ તો પછી હું એને ધવડાવું કેવી રીતે?'

'છાતી બહુ ઉછાળા મારે છે, નહિ?' નર્સ હસી પડી. પછી કહ્યું, 'આજે તો એને કેવળ ગ્લુકોઝનું પાણી આપવાનું છે.'

સુંદરાએ દૈવી લાલચથી ભરીભરી આંખો નવા આવેલા જીવ પર ઠેરવી. નર્સે બાળકને સુંદરાના પલંગ પાસેના પારણામાં પોઢાડયું. નર્સ ગઇ તેની સુંદરાને ખબર ન પડી. તેના મનમાં તો રટણ ચાલતું હતું: હજી એ જીવે છે! હજી એ જીવે છે! ઓ જુગદાધાર તારો કેટલો આભાર!

સાંજે સામંત આવ્યો. બાળકને જોઈ તેનું મુખ પ્રફુલ્લિત બની ગયું. પરંતુ બીજી જ પળે તે આશંકાથી ઘેરાઈ ગયો. સુંદરા એ ફેરફાર સમજી ગઈ. બોલી, 'એક વાત કહું?' સામંત કશું બોલ્યો નહિ.

'આપણું આ સંતાન જરુર જીવશે; મને શ્રદ્ધા છે.' સામંતની આંખો ચમકી ઊઠી.

બીજે દિવસે બાળકને સુંદરાએ છાતીએ વળગાડયું. બચક! બચક! બચક! સુંદરા ગાંડીગાંડી થઈ ગઇ: હજી જીવે છે મારું બચ્ચું! હવે એ વધારે જીવવાનું જ! કેટલું તેજ છે એના મોં પર!

પણ તે સાંજે બાળકને તપાસી ગયા બાદ થોડીક વારે નર્સે આવીને કહ્યું, 'હમણાં તમારે ધવડાવવાનું બંધ રાખવું પડશે.'

'કેમ?' જબરદસ્ત ધ્રાસકો પામતાં સુંદરાએ પૂછ્યું.

'એને કંઈક થયું છે.'

'શું?' એટલામાં લેડી ડૉક્ટર હાથમાં મેડિકલ રિપોર્ટ લઇને ત્યાં આવ્યાં. બાળકઅને રિપોર્ટનું ગંભીરતાપૂર્વક નિરીક્ષણ કર્યું: પછી સુંદરાને નિશ્ચિંતી જાળવી રાખવાનું કહી બાળકને અંદરના ઓરડામાં લઈ ગયાં. સુંદરા નીગળતી આંખે અને પીગળતે હૈયે દેવાધિદેવનેવીનવી રહી.

સવારે કાળુંમેંશ મોઢું લઇને નર્સ આવી. આખી રાત જાગતી પડી રહેલી સુંદરાએ તેના બન્ને હાથ પકડી લીધા. જવાબમાં નર્સે નજર ઢાળી ધીમેધીમે આટલું જ કહ્યું, 'ભગવાનને જે ગમ્યું તે ખરું.'

ભુક્કાભુક્કા થઈ ગયા સુંદરાની આશાના! તેણે એક પ્રલંબ તથા હાડ તોડી નાખે એવી ચીસ પાડી: 'લાલ મારા…' તે મૂર્ચ્છા પામી ગઇ.

ત્રણચાર નર્સો ત્યાં ધસી આવી. બધીએ એકઠી થઈ સુંદરાને ભાનમાં લાવવાના પ્રયાસ કરવા માંડયા. આજુબાજુની કેટલીક સુવાવડી બાઇઓ પણ સુંદરાના પલંગને વીંટળાઈ વળી. ખંડમાં જબરી હલચલ મચી ગઈ. ત્યાં લૅડી ડૉક્ટર આવી પહોંચ્યાં. તેમણે સૌને પોતપોતાને સ્થાને પાછાં મોકલી દીધાં. ને મૂર્ચ્છિત સુંદરાની ચિકિત્સા કરવા લાગ્યાં.

ઑસ્પિટલના પીયૂન મારફતે ખબર મળતાં સામંત દોડી આવ્યો. સમાચાર સાંભળતાં જ તેના હૃદયમાં જબરો ધક્કો વાગ્યો. એવો કે વૃક્ષ પણ મૂળિયાં સહિત ઊખડી જાય. તે આવ્યો એટલે લેડી ડૉક્ટરે તેને ખુરશીમાં બેસાડયો, થોડા સાંત્વનાના શબ્દો કહ્યા, પછી બોલ્યાં, 'તમારાં પત્નીનું હૃદય બહુ પોચું લાગે છે.'

'હશે.' સામંતે સૂનમૂન જવાબ આપ્યો.

'હશે શું, છે જ.' લૅડી ડૉક્ટરે આગ્રહથી જણાવ્યું: 'મેં ઘણા કેસો પાર ઉતાર્યા છે, ને એમાંની કેટલીક સ્ત્રીઓનાં બાળકો આ જ પ્રમાણે મરી ગએલાં જોયાં છે, પરંતુ તેનો આવડો મોટો આઘાત તો તમારાં

પત્નીને જ થતો મેં જોયો. આની અસર એમના પોતાના પર પણ ખરાબ થાય, ને પાછી આજુબાજુની આ બાઇઓ પર પણ ખરાબ થાય.'

સામંતે પ્રથમ જવાબ ન આપ્યો. તે શૂન્ય નયને સુંદરા સામે તાકી રહ્યો. સુંદરા તરફ તેના હૃદયમાં એક પળ અણગમો પણ ઉત્પન્ન થયો. તેણે દૃષ્ટિ ફેરવી લીધી. બોલ્યો, 'ડૉક્ટર સાહેબ, જે નિર્મિત થઈને આવેલું હોય તે થાય જ છે; એમાં આપણા હાથની કંઈ વાત છે?'

'તમારાં પત્ની આંખો ખોલે ત્યારે તેમના અંતરને શાંતિ આપવી એ જ હવે આપણે જોવાનું. તમે હવે અહીં, એમની સામે જ બેસો.'

સુંદરાને ભાનમાં આણવાના નર્સોના પ્રયત્નો ચાલુ હતા. તે દરમિયાન લૅડી ડૉક્ટર બીજા કેટલાક કેસો તપાસીને પાછાં આવ્યાં. બરાબર એ વખતે જ સુંદરાએ આંખો ખોલી: સામંતને જોયો, નર્સોને જોઈ, લૅડી ડૉક્ટરને જોયાં, અને ભ્રમિત થઈ ગઈ હોય એમ આંખ આડા હાથ મૂકી દઈ છળી ઊઠી: 'બધાં જ? બધાં જ? નહિ, નહિ, નહિ...' અને ફરી પાછું તેણે ભાન ગુમાવ્યું.

લૅડી ડૉક્ટરે સામંતને પંખો નાખવા સૂચવ્યું. પછી થોડીક વાર વિચાર કરી પૂછ્યું, 'મને લાગે છે કે આ શારીરિક નહિ, માનસિક રોગ છે. તમે કહી શકશો કે તમારાં પત્ની આવું કેમ બોલ્યાં?'

સામંતે ધીમેધીમે બધી વાત કરી. લૅડી ડૉક્ટરના મુખમાંથી દુ:ખોદ્ગાર સરી પડ્યો: 'ઓ માઈ ગૉડ!' પછી તેમણે સામંતને સલાહ આપવા માંડી: 'જુઓ, એમનું દુ:ખ શમી જાય એવા પ્રયત્નો હવે કરવા પડશે, અને એ કર્તવ્ય તમારે બજાવવું પડશે. ઘણી વાર આવી સ્થિતિમાં સાવચેત ન રહેવાથી કેવું માઠું પરિણામ આવે છે તે જાણો છો? મારી વાત તમે સમજી તો શકો છો ને?' સામંતે હા ભણી.

એટલામાં ઉતાવળી ઉતાવળી એક નર્સ અંદરના ખંડમાંથી ત્યાં આવી. તેના મુખ પર મૂંઝવણ હતી. કંઈક કહેવું હતું પણ આ બધાંની હાજરીમાં તે સહેજ ખચકાઈ. લૅડી ડૉક્ટરે તેની સામે જોયું: 'કેમ?'

'જરા અંદર આવો ને?'

લૅડી ડૉક્ટર સામંત તરફ ફર્યાં, કેટલીક સૂચનાઓ આપી, પછી નર્સની પાછળ અંદરના ખંડમાં ગયાં.

થોડોક કાળ વ્યતીત થયા બાદ સુંદરાએ ધીમેધીમે પાંપણો ઊંચકી. સામંતે હળુહળુ પંખો નાખતાં કંઈક બોલવા મોં ખોલ્યું, પણ જીભ પર શબ્દો જ ન આવ્યા. પાસે ઊભેલી નર્સે પાણી આપ્યું તે સુંદરા ગટગટાવી ગઈ. પછી ધીમેધીમે કપડાં ઠીક કર્યાં. દરમિયાન પોતાનાં શોકમંડિત નયનો સામંતનાં નયનો સાથે ન ટકરાય તેની દેખીતી કાળજી તેણે લીધી.

સામંત તે સમજી શક્યો. યંત્રવત્ તેણે પંખો નાખ્યા કર્યો. છેવટે ગળું ખોંખારી, ધીરે સ્વરે પૂછ્યું, 'હવે કેમ છે?'

'ઠીક છે.' સુંદરાએ મિતાક્ષરી જવાબ આપ્યો.

'તું હિંમત ન હારતી.'

'હું...'

'મન પર કોઈ પણ જાતનો બોજો ન રહેવા દેતી; જે થયું છે તે થયું છે; હવે તો તું જલદી સારી થઈ જા એટલે બસ.'

'હું...'

'ને બધું ભૂલી જજે.'

'હું...'

ત્યાં અંદરથી પેલી નર્સ બહાર આવી અને બીજી નર્સને બોલાવી ગઈ. સુંદરાના પલંગ પાસે હવે એક જ નર્સ રહી. તેણે એક ગોળી સુંદરા પાસે ગળાવી દીધી અને ધીરજ ધારી રાખવાનું કહી ગઈ. ગોળી પેટમાં જતાં જ સુંદરાના દેહમાં કંઈક ચેતનનો સંચાર થયો. 'દેવ!' તેણે અત્યંત ધીમા અવાજે સામંતને સંબોધ્યો. સામંત જરાક પાસે ગયો.

'મારી એક વાત માનશો?'

'શી?'

'હા પાડો, પછી કહું.'

'હા, બસ? પણ તું બહુ બોલબોલ ન કરીશ; થાક લાગશે.'

'ભલે.' બોલી સુંદરા મૂક બની ગઈ. તેની લાંબી પાંપણોની ઝુકાવટ તથા પાણીદાર ડોળાના હલનચલન પરથી સામંતને આછોઆછો ખયાલ આવી ગયો કે તે કોઈક મનોઘર્ષણમાંથી પસાર થઈ રહી છે. છતાં તેણે જિજ્ઞાસા ન દર્શાવી; કેવળ સુંદરાના કપાળ પર હાથ ફેરવી રહ્યો.

સુંદરાએ પાસેની બારીમાંથી બહાર દૃષ્ટિ કરી. ભૂરા આકાશમાં રૂની ગાભલી જેવી એક-બે વાદળીઓ તરતી હતી. વચ્ચે તારનાં દોરડાં પસાર થતાં હતાં, તેના પર કેટલીક ચકલીઓ ચીં ચીં કરી રહી હતી.

પટ પટ પટ અવાજ થયો અને સુંદરાએ ડોક ફેરવી. અંદરથી દેખીતા ગુસ્સા સાથે લૅડી ડૉક્ટર બોલતાં બોલતાં આવ્યાં: 'અસહ્ય છે! અસહ્ય છે! ભગવાન બચાવે તમારા લોકથી તો......' તે અટક્યાં, સુંદરા અને સામંત તરફ વૈચિત્ર્યપૂર્ણ રીતે જોયું અને બીજા દ્વારમાં થઇને ચાલ્યાં ગયાં. તેમની પાછળ ને પાછળ જ પેલી બે નર્સો હાંફળીફાંફળી આવી—જાણે ગળે દોરડું બાંધી કોઈ તેમને ઘસડતું ન હોય?

'કેમ બધાં દોડાદોડ કરો છો?' સામંતે એક નર્સને પૂછ્યું.

'નોકરી જવાની, મારી!'

'પણ છે શું?'

'કમનસીબ! કમનસીબ!' બોલતી તે ચાલી ગઇ. સામંત સુંદરા તરફ વળ્યો. સુંદરા એકીટશે તેને નિહાળી રહી હતી. આજુબાજુનું કશું જ તેણે જોયું કે સાંભળ્યું લાગતું નહોતું. ઓચિંતા તેના મુખમાંથી કમાન છટકે તેમ શબ્દો છટકી પડ્યા: 'તમે બીજું લગ્ન કરશો?'

સામંત થીજી ગયો. તેના છેક મર્મસ્થાને ઘા લાગ્યો. માંડ મન કાબૂમાં લઈ કહ્યું, 'બહુ બોલબોલ ન કરીશ—ડૉક્ટરે ના પાડી છે.'

'પણ મને જવાબ નહિ આપો?'

'કહ્યું નહિ, કે શાંતિ રાખવાની છે?'

'મારા મનના વિચારો ય ન જણાવું તમને?'

'વિચાર કરવા જ બંધ કરી દે.'

'મડદું બની જાઉં?'

'આવુંઆવું ન બોલ; આંખો બંધ કરી સૂઈ જા.'

'ભલે.' સુંદરા બીજે પડખે ફરી ગઈ. એ બન્ને ઉત્પીડિત આત્માઓ પાસેપાસે બેઠા હોવા છતાં એમ અનુભવી રહ્યા કે જાણે એકબીજાથી તેઓ યુગોના યુગો અને ગ્રહ-ઉપગ્રહો જેટલા દૂર છે.

ત્યાં પેલી બે નર્સોમાંની એક નર્સ પસીનો લૂછતી લૂછતી આવી, અને બોલી, 'સામંતભાઈ! ડૉક્ટરસાહેબ અંદર બોલાવે છે.'

સામંત અંદર ગયો એટલે લૅડી ડૉક્ટરે તેને એક ખુરશીમાં બેસાડ્યો. પછી એક ચિંતાપ્રપૂર્ણ ઘેરો નિ:શ્વાસ મૂકી કહ્યું, 'એક માનવ માનવ આગળ મૂકે તેવી દરખાસ્ત તમારી આગળ હું મૂકવા માગું છું.'

'શી?'

'મને શ્રદ્ધા છે કે તમે હા પાડશો. મને તમારા લોહીની જરૂર પડી છે.'

'લોહી? મારું?' સામંતને આશ્ચર્ય થયું.

'હા.'

'કેમ?'

'એ હું હમણાં નહિ જણાવી શકું. કદાચ ક્યારે ય ન જણાવું; કારણકે તમને ખબર તો હશે જ કે અમારા ધંધામાં કેટલીક બાબતો ખૂબ ગુપ્ત રાખવાની હોય છે.'

'તમારા ખપમાં મારું લોહી આવી શકતું હોય તો તેથી રૂડું શું?'

'તો તમે હા પાડો છો ને?'

'હા.'

'મારે વધારે નથી જોઈતું; એક ઔંસ બસ છે.'

'તમારે જેટલું જોઇએ તેટલું લઈ શકો છો.'

'હું ખરેખર અંતઃકરણપૂર્વક તમારો આભાર માનું છું.'

'એમાં આભાર શાનો? ક્યારે જોઇએ?'

'હમણાં.'

'હમણાં જ?' સામંતનું આશ્ચર્ય વધવા માંડ્યું.

'હા; જેટલું વહેલું એ મળે તેટલું જલ્દી ઉપયોગમાં લઈ શકાય ને?'

તરત સાધનો આવ્યાં. એનો ઉપયોગ કર્યા પહેલાં લૅડી ડૉક્ટરે બીજી વાત કરી: 'અમારે તમારાં પત્નીનું લોહી પણ જોઇએ છે.'

'અત્યારે? આ સ્થિતિમાં?'

'એમને કશું જ નહિ થાય એની હું ખાત્રી આપું છું.'

'તમે જ્યારે ખાત્રી આપો જ છો, તો પછી મને કશો વાંધો નથી.'

'સામંતભાઈ!' લૅડી ડૉક્ટરે પ્રશંસાભીના અવાજે કહ્યું. 'બધાં જ માણસો તમારી જેમ સહાયકારી વૃત્તિના બને તો કેવું સારું!'

સામંત મૂક રહ્યો. તેના હાથની નસમાં એક પોલી સોય ખોસવામાં આવી. ધીમે ધીમે પીચકારીનો દાંડો ખેંચતાં ભૂંગળીમાં લોહી ખેંચાઈ આવ્યું. એક ઔંસ થતાં સોય કાઢી લીધી અને હાથ પર દવા ચોપડી ઘસી દીધી. સામંતને ખબર પણ ન પડી કે તેના શરીરમાંથી થોડુંક લોહી ઓછું થયું છે. એ જ પ્રમાણે સુંદરાનું લોહી પણ બીજી શીશીમાં એકઠું કરવામાં આવ્યું.

પોતાના લોહીનું દાન કરતાં જે પ્રકારની એક હળવી ઉત્તેજના મગજનો કબજો લે તેવી ઉત્તેજના સાથે સામંત અને સુંદરા પલંગ પર મૂળ હતાં તેમ ગોઠવાયાં. ઘણી વાર સુધી સામંત બેસી રહ્યો. પછી લૅડી ડૉક્ટરને મળીને પૂછ્યું, 'અમારું બાળક તમે અમને સોંપશો ને? એની અંતિમ ક્રિયા સંબંધી વિચાર કરી શકાય તેથી પૂછું છું.'

લૅડી ડૉક્ટરે જરા વિચાર કરીને જવાબ આપ્યો, 'સાંજે સોંપીશું.'

'અને મારી પત્નીને હજી અહીં કેટલો વખત રોકાવું પડશે?'

'લગભગ પાંચ-છ દિવસ.' સામંત ઘેર ગયો.

સાંજ પડવાને હજી થોડી વાર હતી ત્યાં ઑસ્પિટલનો વૉર્ડબૉય સામંતને બોલાવવા આવ્યો. જઇને જોયું તો લેડી ડૉક્ટરની સામેની ખુરશીમાં એક પુરુષ ભારેખમ મોં કરી, પોપચાં ઢાળી બેઠો હતો. તેની જોડે એક બાઈ બેઠી હતી જે ઓઠ કરડીકરડીને રડતી હતી. પુરુષ તેને હિંમત આપવાનો નિષ્ફળ પ્રયાસ કરતો હતો અને છોડી દેતો હતો. સામંતને યાદ આવ્યું કે તેણે એ બાઇને સુંદરાના પલંગની સામેની હારમાં છેક છેડેના પલંગમાં જોઈ હતી. તે બોલવા ગયો, 'શું આમનું બાળક પણ મરી ગયું?' પણ પછી સાવધ બની ગયો.

લૅડી ડૉક્ટરે તેને એક ખુરશીમાં બેસવા સૂચવ્યું. પછી પેલા પુરુષ તરફ મોં ફેરવી કહ્યું, 'આ એ પિતા—સામંતભાઈ.' પછી સામંતને કહ્યું, 'એઓ અહીંની સાયન્સ કૉલેજના રસાયનશાસ્ત્રના પ્રોફેસર છે.'

સામંતે નમસ્કાર કર્યા. તેને લાગ્યું કે સામો નમસ્કાર ઝીલતાં પ્રોફેસરનાં નેત્રો કોઈક ભયંકર વૈચિત્ર્ય દાખવી ગયાં.

'નર્સ!' લૅડી ડૉક્ટરે બૂમ પાડી: 'સુંદરાબહેનને અહીં બોલાવી લાવો.'

સુંદરા આવતાં લૅડી ડૉક્ટરે ઓળખ આપી, 'આ એ માતા.' ખુરશીમાં બેસતાં બેસતાં સુંદરાએ પેલી રોતી બાઈ તરફ જોયું. એ બાઇએ પણ લાલઘુમ ડોળા સુંદરા સામે ડેરવ્યા. સુંદરાને ભય લાગ્યો.

લૅડી ડૉક્ટરે ટેબલ પરનાં કાગળિયાં બાજુ હઠાવી બોલવા માંડ્યું 'સામંતભાઈ! વચન આપો કે તમે જે કંઈ સાંભળો તેનાથી ઉશ્કેરાઈ નહિ જાઓ. તમારે તથા તમારાં પત્નીને જે વેદના સહેવી પડી છે તે માટે હું ખરા હૃદયથી માફી માગું છું.' સામંત સમજ્યા વગર બેસી રહ્યો.

'અમારી ઑસ્પિટલની નર્સોએ એક બહુ ભારે ગોટાળો કર્યો હતો.'

સામંત હજી પણ બેસમજ રહ્યો.

'આ આપણા દેશની નર્સો!' લૅડી ડૉક્ટરે જાણે હૈયાવરાળ ઠાલવવા માંડી: 'સાચું કહું છું સામંતભાઈ, કેટલીક તો એવી બેદરકાર, મૂર્ખી અને ઉપરછલ્લી હોય છે! અને ઘણી વખત અમને એવી પરિસ્થિતિમાં મૂકી દે છે કે જાણે ગળે ફાંસો ખાઈ લઇએ.'

સામે ઊભેલી નર્સ તરફ જોયું. નર્સ નીચી મૂંડીએ ઠપકો સાંભળી રહી હતી.

'સામંતભાઈ, સાંભળો.' લૅડી ડૉક્ટરે સામંતનું ધ્યાન પોતાના તરફ ખેંચ્યું: 'અમારી ઑસ્પિટલ શહેરની મોટી ઑસ્પિટલોમાંની એક છે. ઘણી વાર અહીં એકીસાથે ચારચાર સુવાવડો કરાવવામાં આવે છે. તમારાં પત્નીને પ્રસુતિ કરાવતી વખતે આ પ્રોફેસર સાહેબનાં પત્નીને પણ પ્રસૂતિ કરાવવામાં આવી હતી. બન્ને બાળકોનો જન્મ લગભગ એકી સમયે થએલો. બન્નેની જાતિ પણ એક જ હતી. જન્મ બાદ તરત નર્સો તેમને નવડાવવા લઈ ગઈ. ત્યાં નર્સોની ઉતાવળ અને ભારોભાર બેકાળજીને લીધે બાળકોને આપવામાં આવતા નંબરો અદલબદલ થઇ ગયા. પરિણામે તમારું બાળક આમની પાસે ચાલ્યું ગયું અને તેમનું તમારી પાસે આવ્યું.'

'ત્યારે મૃત્યુ પામ્યું તે બાળક અમારું નહોતું?' સામંત ખુરશીને હડસેલી દઈ ઊભો થઈ ગયો.

'ના. આ બાબતની ખબર જ ન પડત, પણ અમારે અહીં કેટલાક નિયમો છે. એક તો એ, કે બાળકના જન્મ વખતે તરત તેનું વજન કરી લેવામાં આવે છે. ફરીથી મા અને તેનું સંતાન જ્યારે ઑસ્પિટલ છોડે ત્યારે પણ વજન કરવામાં આવે છે, અને એ જ પ્રમાણે બાળક જો ઑસ્પિટલમાં મૃત્યુ પામે તો તે વખતે ય મૃત બાળકનું વજન કરી લેવાય છે. જન્મ વખતે તમારા બાળકનું વજન બરાબર સાત રતલ હતું, જ્યારે પ્રોફેસર સાહેબના બાળકનું ફક્ત સાડા ચાર રતલ. આથી મૃત્યુ પામેલા બાળકનું ફરી વજન લીધું ત્યારે અમે ચોંક્યાં—તે ચાર રતલ હતું! તે બાળક એક દિવસ જીવ્યું; અને એક જ દિવસમાં કોઈ પણ બાળક ત્રણ રતલ જેટલું કદી ન ગુમાવે. છતાં વધુ ચોકસાઈ કરવા મેં તમારું તથા સુંદરાબહેનનું લોહી તપાસ્યું. એ લોહી અને આ જીવતા બાળકનું લોહી એક જ જૂથનું છે એવું જોતાં ખાત્રી થઈ કે બાળકની હેરફેર થઈ ગઈ છે.'

'ત્યારે અમારું બાળક જીવતું છે?'

'હા, જીવતું છે.'

'જીવતું છે?!' સુંદરા પણ અત્યાવેગથી ઊભી થઈ ગઈ.

'ઓ ઈશ્વર!' સામંતની આંખે સંતોષનાં અંધારા આવ્યાં.

'ઈશ્વર મહાન છે, સામંતભાઇ!' લૅડી ડૉક્ટરે કહ્યું: 'એ તો સારું હતું કે આ પ્રોફેસર સાહેબ વિજ્ઞાનને સમજી શકે છે, લોહીના વર્ગીકરણનું એમને જ્ઞાન છે, ને તેથી બધી હકીકતની જાણ થતાં હૈયું કઠણ કરીને પણ કબૂલ થયા; નહિ તો આનો નિકાલ આવત કેવી રીતે? મામલો કોર્ટે જ ન ચડત?'

'મને મારું બચ્ચું બતાવો!' પ્રબળતમ લાગણીઓના ધસારા અનુભવતી સુંદરા બોલી. પછી ખુરશીમાં મોટા અવાજે ફસડાઈ પડી અને છૂટે મોંએ રડી પડી. સામંતે એકદમ તેના બરડા પર હાથ ફેરવવા માંડ્યો. 'સુંદરા! સુંદરા! શાંત થા, આ શું કરે છે?'

(પૃથ્વી)

જરાક સરખું જ બીજ વટનું ઘટારૂપ લે,
પહાડ પદછદ જન્મી અણુથી અડે આભલે.

—પૂજાલાલ

એક વાર કાંગડી ગુરુકુળમાં મોટી આગ લાગી. આશ્રમમાં કૂવો અને રહેંટ હતા, પણ બળદ નહિ તેથી અનેક જણ મૂંઝાતા હતા; પણ તેમાંનો એક દૂબળો માણસ તરત રહેંટના બળદની જગ્યાએ જોડાઈ ગયો. રહેંટ ચાલુ થયો, પાણીની છોળો ઊડી ને આગ થોડી વારમાં બુઝાઈ ગઈ. બળદની જગ્યાએ જોડાનાર એ વ્યક્તિ તે ગુજરાતમાં સસ્તા સાહિત્યના આદ્ય પ્રવર્તક ભિક્ષુ અખંડાનંદજી.


કહેવતોના અર્થ : 'લોઢી પર ચચકો'—આંગળી પર પાણી ચડાવી ને તેનો ચચકો—છાંટો ખૂબ તપાવેલી લોઢી પર નાખવાથી જેમ તેની કશી અસર ન થતાં તે વરાળ થઇને ઊડી જાય છે, તેમ અસાધારણ દુ:ખ, મહાન આપત્તિ કે અસાધ્ય મુશ્કેલીના ઘોડાપૂરને રોકી ન શકાય તેવી સ્થિતિમાં કરેલા પ્રયત્નોનું મિથ્યાપણું દર્શાવવા આ કહેવત વપરાય છે. એવી જ બીજી કહેવતો : 'કોગળે દવ ન હોલાય'; 'ફૂંકે વાદળું ન ખસે'; 'મણનાં તૂટયાં શેરે ન સંધાય'; 'લાખનાં તૂટયાં સોએ ન સંધાય'; 'ખાલ-ખોસના ઘા(ફક્ત ચામડી જ ચિરાય એવા આછા ઘા)થી દુશ્મન ગાંજે નહિ' વગેરે.



'જ્યોત' (ધ ફ્લેઈમ): અમેરિકાના મિલ્વૉકી શહેરની ગૅસલાઈટ કંપનીના મકાન પરની 'ધ ફ્લેઈમ' નામની આ વિખ્યાત જ્યોત વાયુ-શાસ્ત્રના વર્તારા અનુસાર જુદાજુદા હવા-માનની સંજ્ઞાઓ જુદાજુદા રંગોમાં પ્રકાશીને આપતી રહે એવી કરામત કરી છે.

અનેકાર્થી શબ્દ : **પાવલું**=ચતુર્થાંશ કે ચોથો ભાગ દેખાડનારી કાના જેવી ઊભી લીટી; પાવલું, રૂપિયાનો ચોથો ભાગ; પથ્થર; હાથ; કાંજી કે પવાત; પ્રાણી; પ્રશંસા; વેપાર, ખરીદ-વેચાણ; વેપારી; વ્યવહાર; સમય; નદીના છીછરા પાણીમાં થતો ઘા બાજરિયાનો છોડ.

ગણિતગમ્મત : જેનો પહેલો ને છેલ્લો આંકડો સરખા ન હોય એવી ત્રણ આંકડાની રકમ લો. તેને અવળી કરી નવી રકમ બનાવી એ બંનેની બાદબાકી કરો, તો બાદબાકીમાં હમેશાં એક નવડો આવશે, બાકીના બે આંકડાઓનો સરવાળો નવ થશે, અને એ આખી રકમને નવ વડે ભાગી શકાશે. (૨૫)



અંગ્રેજી મૂળાક્ષરોની ઉત્પત્તિ : 'ડી' અક્ષરની આકૃતિ મિસરની ચિત્રલિપિ 'હાયરોગ્લિફ'-માંની હાથ (?)ની આકૃતિ પરથી ઊતરી આવી છે, તેનું રૂઢ રૂપ ઇજિપ્તની તે પછીની 'હાયરેટિક' લિપિમાં ઊતર્યું તે બીજા નંબરે બતાવ્યું છે, અને ત્યારબાદ અનુક્રમે ફીનીશિયન, ગ્રીક, રોમન અને આધુનિક લિપિઓમાં થએલો તેનો ક્રમવિકાસ દર્શાવ્યો છે. નીચેની તકતીમાં એ અક્ષરનાં લેખનસ્વરૂપ વિવિધ લિપિઓમાં જે ઘડાયાં તે નીચેના ક્રમમાં આપ્યાં છે: હિબ્રૂ, ગ્રીક, રોમન, ઍંગ્લો સૅક્સન, ગૉથિક, જૂની અંગ્રેજી, જર્મન, કેલ્ટિક, એન્ગ્રોસિંગ, ઈટાલિક, ટ્યુડર, વિક્ટોરિયન અને આધુનિક; તેમાં પહેલો કૅપિટલ અને તેની જોડે નાનો અક્ષર છે.

કરોળિયાના જાળામાં મધ્યમાંથી શરૂ થતી તેની એક 'ટેલિફોન લાઈન' હોય છે. આ લાઈનનો બીજો છેડો પોતાની કને રાખી કરોળિયો એકાદ અજાણ્યા ખૂણામાં છુપો પડયો રહે છે. જાળામાં કોઈ જીવડું આવતાંવેંત આ લાઇન દ્વારા કરોળિયાને તેની જાણ થાય છે. હવે આ ટેલિફોન લાઇનનો તે પૂલ તરીકે ઉપયોગ કરે છે. લાઈન દ્વારા જાળાની મધ્યમાં પહોંચીને તરત તે જીવડાને મોતને હવાલે કરી દે છે.

શાહીના ડાઘ પડયા છે?

શાહી જો સાદી રૉયલ બ્લૂ હોય તો સાબુથી ધોવાથી ઘણીખરી ધોવાઇ જશે. બાકીને ઝાંખો ડાઘ લીંબુના રસથી દૂર થશે.

જો શાહી બ્લૂબ્લૅક જેવી પાકી હોય તો ડાઘવાળા ભાગ ઉપર ૧ ટકો પોટાસ પર્મૅંગેનેટ લગાવી તરત તેને ૧ ભાગ હાઇડ્રોજન પેરૉક્સાઇડ, ૧ ભાગ ઍસેટિક ઍસિડ અને ૨ ભાગ પાણીવાળા મિશ્રણમાં ડાઘ દૂર થાય ત્યાં સુધી પલાળવો. (આ રસાયણો સામાન્ય દવાવાળાની દુકાનેથી પણ મળે છે.) પોટાસ પર્મૅંગેનેટનું પ્રમાણ વધવા ન પામે તેની કાળજી રાખવી.

શાહીના તાજા ડાઘ દૂર કરવા માટે દૂધ ઉત્તમ કામ કરે છે. કાળી અને બ્લૂ બ્લૅક શાહીઓના ડાઘવાળો ભાગ સોડાના પાણીમાં ખૂબ ડુબાડ્યા પછી તેના પર મીઠું ને લીંબુનો રસ ઘસવાથી મુશ્કેલીએ દૂર થઇ શકે છે. શાહીનો કાળાશ પડતો પાશ સંપૂર્ણપણે દૂર કરવા માટે ઑક્ઝૅલિક ઍસિડ ઘણી વાર જરૂરી થઈ પડે છે.


લાલ શાહીના ડાઘ દૂર કરવા માટે સલ્ફ્યુરિક ઍસિડનાં બે ટીપાં મેળવેલો ઇંડાંનો રસ તે પર લગાડી ડાઘ ઠંડા પાણીમાં ધોઈ નાખવા. રસ સુકાવા દેશો નહિ. ડાઘ દૂર ન થાય ત્યાં સુધી આ ક્રિયા ફરી ફરી કર્યા કરવી.


કૉપીઈંગ શાહીના ડાઘ સ્પિરિટ કે આલ્કૉહૉલમાં પલાળવાથી જશે. છાપવાની શાહીના ડાઘ ટર્પેન્ટાઇન કે આલ્કૉહૉલથી દૂર થશે.

મહર્ષિ વ્યાસની પ્રત્યેક રચનામાં ૧૮નો અંક નજરે પડશે: જેમકે ૧૮ પુરાણ, મહાભારતનાં ૧૮ પર્વ, યુદ્ધના ૧૮ દિવસો, ૧૮ અક્ષૌહિણી સૈન્ય, ગીતાના ૧૮ અધ્યાય વગેરે.




કલાકણિકા : અમેરિકાના મિસિસિપી નદીના પ્રદેશમાં વસતા આદિવાસી 'ઇંડિયનો'ની લોક-કલામાં શણગારાએલી પથ્થરની તકતી.










સ્ટુએન-સ્ફટિકનાં કલાત્મક પાત્રો

એશિયાઈ કલા અને અમરિકી કારીગરીના સુભગ સંગમ રૂપ જે ૩૬ પાત્રોનું પ્રદર્શન કલકત્તા અને દિલ્હી થઈને આ માસમાં મુંબાઈ ખાતે યુ. સ્ટે. ઈન્ફરમેશન સર્વિસ દ્વારા આવ્યું છે તેમાંનાં ૬ પાત્રો (મુખ્યત્વે ભારતીય કલાકારોની કૃતિઓવાળાં) અમે અગાઉ ૩૯૬મા અંકમાં આપ્યાં હતાં. આ ઉપર તથા પાછળ મળીને બીજાં વધુ સાત પાત્રો આપીએ છીએ, જે પર અન્ય એશિયાઈ દેશોના કલાકારોની કૃતિઓ ઉતારેલી છે. મથાળેથી (૧) ૧૩ાા ઈંચ ઊંચા પાત્ર પર ફૉર્મોસાના ચીની કલાકાર રાન ઈન ટિંગ કૃત 'નવા વર્ષનો ઉત્સવ'–જેની રેખાકૃતિ ૩૯૬મા અંકના પૂઠામાં આવી ગઈ છે. (૨) ૧૨ાા ઈંચની ઊંચાઈના પંખાકૃતિના પ્યાલા પર કોરીઅન કલાકાર કિમ કિ-ચાંગ કૃત 'તલવાર-નૃત્ય'; (૩) સાડા પંદર ઈંચ વ્યાસની તશ્તરી પર જાવાના કલાકાર રાડેન બાસોકી અબ્દુલ્લા કૃત 'ભીમ ને સર્પરાક્ષસનું યુદ્ધ; (૪) ૧૨ા ઈંચ ઊંચા કમલના દોડા જેવા પાત્ર પર બર્મી કલાકાર ઊ મ્યા કૃત 'સિંહ-સર્પ'. આ સર્વનાં મૂળ રેખાંકનો આ અંકમાં અન્યત્ર આપ્યાં છે.



સ્ટુબેનનાં કલાત્મક સ્ફટિક-પાત્રો: ડાબી બાજુથી (૧) ૧૨ ઇંચ ઊંચી સુરાહી પર ઈરાની કલાકાર હુસેન ખટાઈ કૃત 'બક-બુટ્ટા'ની ભાત; (૨) ૧૩ાા ઇંચ ઊંચા પ્યાલા પર સીઆમી કલાકાર વીરજ્ઞ નટપુન્દુ કૃત 'કિન્નરીઓ'; (૩) ૧૮ાા ઇંચ ઊંચી શીશી પર તુર્કી કલાકાર બદ્રી રાહમી યુબોગ્લુ કૃત 'રૂપાહાર'.